ચોકીદાર જોઈએ છે
(રહેવાની સગવડ)
અપ્પુ
ચણાદાળ
એજન્સી આપવાની છે
દયાલ દાલ 98242 00970
પારેવડી ચોક પાસે, રાજકોટ



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૭-૧-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૪, અંક : ૨૬૫

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**બજેટ ૨૦૨૬: સ્થાનિક સ્વરાજ્યને વેગ આપવા વિકાસલક્ષી બજેટ ૧૭મીએ રજૂ થશે**

(વાંચો છેલ્લા પાને)

# કુમળી બાળકી ઉપર હેવાનિયતભર્યા દુષ્કર્મના ગુનેગારને ફાંસીની સજા

## સરકારી વકીલોએ તપાસનીશ અમલદારોની શંકા સંપુર્ણ વ્યાજબી ઠેરવવા માટે મેડિકલ, ઈલેકટ્રોનિક અને મૌખિક પુરાવા હોવાની ''રેરેસ્ટ ઓફ રેર'' કેસ હોવાની દલીલો બાદ સ્પેશિયલ પોક્સો કોર્ટ જજ વી. એ. રાણાનો ધાક બેસાડતો ચુકાદો

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના આટકોટ પોલીસ સ્ટેશન હેઠળના કાનપર ગામની સીમમાં ખેતરમાં રમી રહેલી સગીરાને ઉપાડી જઈ બદકામના ઈરાદે બાજુના ખેતરમાં લઈ જઈ બદકામના ઈરાદે ગુપ્ત ભાગમાં સળીયો ભરાવીને ગંભીર ઈજા પહોંચાડવાના હેવાનિયત ભર્યા ગુનામાં સ્પેશિયલ કોર્ટે ફાસ્ટ ટ્રેક કેસ ચલાવી ચાર્જશીટના માત્ર ૩૩ દિવસમાં જ સુનાવણી પુરી કરી સ્પેશિયલ કોર્ટ જજ વી. એ. રાણાએ દોષિત ઠેરવેલા ગુનેગાર રામસીંગ તારસીંગ ડુડવા (ઉ.વ. ૩૦)ને મૃત્યુ દંડ એટલે કે ફાંસીની સજાનો હુકમ ફરમાવ્યો છે.



આ અતિ ચકચારી કેસની

(અનુ. આઠમા પાને)

### પોલીસે ૧૨ દિવસમાં પુરાવા એકત્ર કરી ચાર્જશીટ રજૂ કરી, એસ પી વિજયસિંહ ગુર્જર



જસદણ ગ્રામ્ય પંથકમાં સાત વર્ષની માસુમ બાળકી પર ગુજારવામાં આવેલા કૃત્ય ને પગલે રાજકોટ રેન્જના વડા અશોકકુમાર ના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સુચનાને પગલે તાત્કાલિક નરાધમને પકડી લેવા સૂચનાને પગલે ડીવાયએસપી કે જી ઝાલાના નેતૃત્વ હેઠળ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહિલ, એસઓજી પીઆઈ એફ એ પારગી અને આટકોટ પીઆઈ આર એસ સાંકળીયા સહિત

(અનુ. આઠમા પાને)

### "BNS" કાયદાની રચના બાદ ફાંસીની સજા પ્રથમ ચુકાદો

દેશની ન્યાય પ્રણાલીને વધુમાં વધુ પ્રજાભિમુખ બનાવવા માટે રચવામાં આવેલા ઈન્ડિયન પીનલ કોડ ભારતીય દંડ સહિતા ની જગ્યાએ સરકારે ભારતીય ન્યાય સંહિતા બીએનએસ ની અમલવારી બાદ રાજકોટ પોક્સો કોર્ટે સૌપ્રથમવાર

(અનુ. આઠમા પાને)

### આરોપીનું કૃત્ય ધૃણાસ્પદ અને અતિ નિંદનીયની દાખલા રૂપ સજાની માંગ સરકારી વકીલો



પોણા સાત વર્ષની માસુમ બાળકી ઉપર બદકામનો પ્રયાસ નિષ્ફળ જતા નરાધમ રામસિંગ ડુડવાએ સગીરાના ગુપ્તાંગમાં લોખંડનો સળીયો ભરાવી લોહી લુહાણ કરી દેવાની હચમચાવતી ઘટનાના કેસમાં મુખ્ય જિલ્લા સરકારી વકીલ એસ. કે વોરા અને મદદનીશ સરકારી વકીલ પ્રશાંત પટેલે કોર્ટમાં આ કેસની સુનાવણી બાદ આરોપીને કસૂરવાર ઠરાવતા અને રેરેસ્ટ ઓફ ધી રેર હોય આરોપીને ફાંસીની સજા

(અનુ. આઠમા પાને)

### આજ સુધીમાં પાંચને ફાંસીની સજા આપવામાંઆવી

રાજકોટ શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં પાંચ ગુનેગારોને ફાંસી આપવામાં આવી છે. જેમાં ડાકુ બચુભા, ચૂનીલાલ જાદવજી, બટુક રાઘવ, કે.જે.સોની અને શશિકાંત માળીને ફાંસી અપાઈ છે. ડાકુ બચુભા સૌરાષ્ટ્રનાં એક કુખ્યાત ડાકુનો જમણો હાથ હતો. ચૂનીલાલે એક સ્ત્રીનું ખૂન કર્યું હતું. બટુક રાઘવે પોતાની પ્રેમિકાની ધોળા દિવસે હત્યા કરી હતી. તેમાં

(અનુ. આઠમા પાને)

**કાનપર પંથકમાં અતિ ધૃણાસ્પદ કૃત્યનો ભોગ બનનારને સરકારની યોજના મુજબ રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ, ૩૩ દિવમાં સુનાવણી પૂર્ણ કરી ૪૩માં દીવસે સજાનું એલાન કર્યુ**

### વેનેઝુએલા ઉપર અંબાણીનો 'ભરોસો' વધ્યો

# રિલાયન્સે રશિયાથી ક્રૂડની ખરીદી બંધ કરી અને સરકારી કંપનીઓએ ત્યાંથી ધૂમ ખરીદી શરૂ કરી

## અમેરિકાની ગુડબુકમાં આવવા રિલાયન્સે રશિયન ક્રુડ ત્યાગ્યું: ક્રુડ મેળવવા માટે કંપનીની અમેરિકન પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો ચાલુ

વેનેઝુએલા પાસે ક્રૂડનો મોટો જથ્થો પડ્યો છે. જે ઓછા ભાવે મળી શકે તેમ હોય રિલાયન્સ ત્યાથી ક્રુડ ખરીદવા ભરપૂર પ્રયાસ કરી રહ્યું છે. પરિણામે રિલાયન્સે અમેરિકાની ગુડ બુકમાં સામેલ થવા માટે રશિયાથી ખરીદી બંધ કરી દીધી છે. બીજી બાજુ ભારતની સરકારી કંપનીઓએ રશિયાથી ખરીદી વધારી દીધી છે.





અમેરિકાના પ્રતિબંધોના કારણે જાન્યુઆરી મહિનામાં ભારતની રશિયન ક્રૂડ ઓઈલની આયાતમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. જોકે, સરકારી કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને રોસનેફ્ટની માલિકીવાળી નાયરા એનર્જીએ આ મહિને રશિયન તેલની ખરીદી વધારી દીધી છે.

ગ્લોબલ ડેટા પ્રોવાઈડર કેપ્લરના આંકડા પ્રમાણે, જાન્યુઆરીના પહેલા ૧૫ દિવસમાં ભારતે રશિયાથી દરરોજ સરેરાશ ૧૧.૮ લાખ બેરલ તેલ આયાત કર્યું છે. આ આંકડો ગયા વર્ષની સરખામણીએ લગભગ ૩૦ ટકા અને ૨૦૨૫ની સરેરાશથી પણ ૩૦ ટકા ઓછો છે. ડિસેમ્બરની

(અનુ. આઠમા પાને)

### વેનેઝુએલાનું ક્રુડ મેળવવા અનેક કંપનીઓ વચ્ચે સ્પર્ધા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વેનેઝુએલાના ક્રૂડ ઓઈલની ખરીદી ફરી શરૂ કરવા માટે યુએસ મંજૂરી માંગી રહી છે, આ માટે રિલાયન્સે રશિયન ક્રૂડની આયાત બંધ કરી દીધી છે. રિલાયન્સના પ્રતિનિધિઓ મંજૂરી મેળવવા માટે યુએસ સ્ટેટ અને ટ્રેઝરી વિભાગો સાથે ચર્ચા કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની યુએસ ધરપકડ બાદ, વોશિંગ્ટન અને કારાકાસ વચ્ચે ૫૦ મિલિયન બેરલ તેલ મોકલવા માટે વાટાઘાટો ચાલી રહી છે. ગયા વર્ષે, કંપનીને યુએસ પ્રતિબંધો છતાં વેનેઝુએલાથી ક્રૂડ ઓઈલ આયાત કરવા માટે લાઈસન્સ મળ્યા હતા. વેનેઝુએલાની સરકારી તેલ કંપની, પીડીવીએસએ ના આંતરિક રેકોર્ડ અનુસાર, તે પરવાનગીઓ હેઠળ, કંપનીએ ૨૦૨૫ ના પ્રથમ ચાર મહિનામાં રિલાયન્સને દરરોજ આશરે ૬૩,૦૦૦ બેરલ ક્રૂડ તેલ પહોંચાડ્યું.

### મેક ઈન ઈન્ડિયા

# દુશ્મનોના દાંત ખાંટા કરવા ૧૧૪ રાફેલ ફાઈટરને લીલીઝંડી; ૮૦% ભારતમાં જ એસેમ્બલ થશે

## કુલ ૧૧૪ વિમાનોમાંથી ૧૮ જેટ 'ફ્લાય-અવે' સ્થિતિમાં તૈયાર આવશે: બાકીના ૯૬ વિમાનો ભારતમાં જ તૈયાર કરાશે

ભારતીય વાયુસેનાની તાકાતમાં ધરખમ વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકારે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ પ્રાપ્તિ બોર્ડે ફ્રેન્ચ કંપની દસોલ્ટ એવિએશન પાસેથી ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ભારતની સુરક્ષા માટે આ અત્યાર સુધીનો સૌથી મોટો સંરક્ષણ સોદો માનવામાં આવે છે, જે 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને નવી ઊંચાઈઓ પર લઈ જશે.



આગામી મહિને ફ્રાન્સના રાષ્ટ્રપતિ એમ્માનેલ મેક્રોનની ભારત મુલાકાત દરમિયાન આ મેગા ડીલ પર અંતિમ મહોર લાગવાની પૂરી શક્યતા છે.

આ સંરક્ષણ સોદાની અંદાજિત કિંમત રૂ. ૩.૨૫ લાખ કરોડ હોવાનું માનવામાં આવે છે. આ યોજના હેઠળ કુલ ૧૧૪ વિમાનોમાંથી ૧૮ જેટ 'ફ્લાય-અવે' સ્થિતિમાં એટલે કે સીધા ફ્રાન્સથી તૈયાર આવશે, જ્યારે બાકીના ૯૬ વિમાનો ભારતમાં જ તૈયાર કરવામાં આવશે. આ માટે ફ્રાન્સથી કેટલીક ઉત્પાદન સુવિધાઓ ભારતમાં


(અનુ. આઠમા પાને)

# રૂપિયાથી આયાત કરનારાઓને પ્રોત્સાહન આપશે રિઝર્વ બેન્ક

## નિકાસમાં રૂપિયામાં જ બિલિંગ થાય અને વેપારની આખી રકમ રૂપિયામાં જ વસૂલ થાય, તો તેમને પૈસા પાછા મેળવવા માટે ૧૮ મહિનાનો સમય મળશે

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ વાપરવા માટે મોટા પગલાં લઈ રહી છે. હવે વિદેશી વેપારના નિયમોમાં ફેરફાર કરીને નિકાસકારોને રૂપિયામાં વેપાર કરવા પર વધુ સમય આપવામાં આવશે. આનો સીધો મતલબ એ છે કે જો વેપાર ભારતીય રૂપિયામાં થાય તો નિકાસકારોને વધુ લાભ મળશે.

૨૦૨૬ના નવા નિયમો અનુસાર જો નિકાસકાર વિદેશી ચલણ (જેમ કે ડોલર)માં બિલિંગ કરે અને વેપાર કરે, તો તેમને નિકાસની રકમ પાછી મેળવવા માટે મહત્તમ ૧૫ મહિનાનો સમય મળશે પરંતુ જો નિકાસકાર ભારતીય રૂપિયામાં જ બિલિંગ કરે અને વેપારની આખી રકમ રૂપિયામાં જ વસૂલ કરે, તો તેમને પૈસા પાછા મેળવવા માટે ૧૮ મહિનાનો સમય મળશે - એટલે કે પૂરા ૩ મહિના વધુ.





આ વધારાના ૩ મહિનાને કારણે ભારતીય નિકાસકારો વિદેશી ખરીદદારોને વધુ સરળ અને લાંબા સમયની ક્રેડિટ (ઉધાર) સુવિધા આપી શકશે. ખરીદદારોને કહી શકાશે કે, જો તમે રૂપિયામાં જ ચૂકવણું કરશો તો તમને વધુ સમય મળશે. આનાથી વિદેશી ખરીદદારો રૂપિયામાં વેપાર કરવા વધુ રસ દાખવશે.

આ નિર્ણય સ્પષ્ટ સંદેશ આપે છે કે સરકાર અને કેન્દ્રીય બેંક ભારતીય રૂપિયાને વિશ્વના વેપારમાં વધુ મજબૂત અને વ્યાપકપણે વાપરવા માંગે છે. આને રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ કહેવામાં આવે છે. હાલમાં મોટા ભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર અમેરિકી ડોલરમાં થાય છે, પરંતુ ભારત ઈચ્છે છે કે વધુને વધુ દેશો ભારત સાથેના વેપારમાં રૂપિયાનો ઉપયોગ કરે. આ પગલાંથી ભારતીય નિકાસકારોને સ્પર્ધાત્મક લાભ મળશે, વિદેશી ચલણની અવરજવર ઘટશે અને લાંબા ગાળે ભારતીય રૂપિયો વિશ્વની મોટી ચલણોની હરોળમાં આગળ વધશે. આ નવા નિયમો ટૂંક સમયમાં અમલમાં આવશે અને નિકાસકારોને વધુ તકો આપશે.

### જિયો જી ભરકે

# ૫૦ કરોડ ગ્રાહકોએ મહિનાના ૪૦ જીબી વપરાશ સાથે રિલાયન્સને ચાર ચાંદ લગાવ્યાં

## ત્રીજા ક્વાર્ટરમાં કંપનીનો નફો ૧૧.૨ ટકા વધીને રૂ.૭,૬૨૯ કરોડ થયો

**અબતક, મુંબઈ**

રિલાયન્સ જિયોએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં અદભૂત પરિણામો જાહેર કરીને ટેલિકોમ ક્ષેત્રે પોતાની મજબૂત પકડ સાબિત કરી છે. કંપનીએ તેના ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૧૧.૨ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાવ્યો છે, જે વધીને રૂ. ૭,૬૨૯ કરોડ થયો છે. જિયોની સફળતા પાછળ તેના ૫૦ કરોડથી વધુ સક્રિય ગ્રાહકોનો મોટો ફાળો છે, જેમના ડેટા વપરાશમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે. અહેવાલ મુજબ, હવે જિયોનો દરેક ગ્રાહક સરેરાશ મહિને ૪૦.૭ જીબી ડેટાનો વપરાશ કરી રહ્યો છે, જે રિલાયન્સની આવકમાં વૃદ્ધિનું મુખ્ય કારણ બન્યું છે.





કંપનીની કામગીરીમાંથી થતી આવક પણ ૧૨.૭ ટકા વધીને રૂ. ૩૭,૨૬૨ કરોડ પર પહોંચી ગઈ છે. ખાસ કરીને જિયોની યુઝર દીઠ સરેરાશ આવક વધીને રૂ. ૨૧૩.૭ થઈ છે, જે ગત ક્વાર્ટરમાં રૂ. ૨૧૧.૪ હતી. 5G સેવાઓના વિસ્તરણને કારણે ગ્રાહકોમાં ડેટાનો ક્રેઝ વધ્યો છે, જેનો પુરાવો એ છે કે કુલ વાયરલેસ ટ્રાફિકમાં ૫૩ ટકા હિસ્સો હવે માત્ર 5G નેટવર્કનો છે.

હાલમાં જિયો પાસે ૨૫.૩ કરોડ 5G ગ્રાહકો છે, જે ભારતને ડિજિટલ યુગમાં ઝડપથી આગળ ધપાવી રહ્યા છે.

માત્ર મોબાઈલ જ નહીં, પણ ઘરગથ્થુ બ્રોડબેન્ડ સેવામાં પણ જિયો એરફાઈબરે ધૂમ મચાવી છે. ૧.૧૫ કરોડથી વધુ એરફાઈબર ગ્રાહકો સાથે કંપનીએ ફિક્સ્ડ બ્રોડબેન્ડ માર્કેટમાં ૪૧ ટકા હિસ્સો કબજે કર્યો છે.

આ તેજસ્વી પરિણામો પર ખુશી વ્યકત કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, જિયોના વિશાળ નેટવર્ક અને ગ્રાહકોના વિશ્વાસના જોરે હવે ભારતને 'એઆઈ-એમ્પાવર્ડ' એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સશકત બનાવવાનું અમારું લક્ષ્ય છે. આગામી સમયમાં જિયો પ્લેટફોર્મ્સનું સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટિંગ થવાની પણ પૂરી શક્યતા છે, જે રોકાણકારો માટે નવા દ્વાર ખોલશે.

# અમદાવાદ પ્લેન દુર્ઘટનાના ભોગ બનનારા ૯ બ્રિટિશ પરિવારોએ એર ઈન્ડિયા પર કેસ ઠોક્યો

## ભોગ બનનારના પરિવારોએ લંડનની 'કિંગ્સ બેન્ચ ડિવિઝન'માં પર્સનલ ઈન્જરી અને નુકસાની માટે દાવો માંડ્યો



અમદાવાદમાં ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ સર્જાયેલી એર ઈન્ડિયાની પ્લેન દુર્ઘટનાના પડઘા હવે લંડનની હાઈકોર્ટમાં પડ્યા છે.

આ ભયાનક અકસ્માતમાં જીવ ગુમાવનારા નવ બ્રિટિશ નાગરિકોના પરિવારોએ ન્યાય અને વળતર મેળવવા માટે એર ઈન્ડિયા સામે કાયદેસરનો જંગ છેડ્યો છે. 'કીસ્ટોન લો' નામની જાણીતી કાયદાકીય પેઢી મારફતે દાખલ કરવામાં આવેલો આ દાવો એરલાઈન્સની જવાબદારી અને મુસાફરોની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા કરે છે. ભોગ બનનારના પરિવારોએ લંડનની 'કિંગ્સ બેન્ચ

(અનુ. આઠમા પાને)

# બી પ્રાક પાસેથી ૧૦ કરોડની ખંડણી માંગતી લોરેન્સ ગેંગ



સિંગર બી પ્રાકને બિશ્નોઈ ગેંગના નામે ધમકીઓ મળી છે. લોરેન્સ ગેંગે તેમને ધમકી આપી છે અને દસ કરોડ રૂપિયાની માંગણી કરી છે. આ ધમકી તેમને ઓડિયો રેકોર્ડિંગ પર આપવામાં આવી છે. ધમકીભર્યા ઓડિયો રેકોર્ડિંગ ૬ જાન્યુઆરીના બપોરે પંજાબી સિંગર દિલનૂરને મોકલવામાં આવ્યા હતા.

પહેલા દિલનૂરને ૫ જાન્યુઆરીએ બે વાર ફોન કરવામાં આવ્યો

(અનુ. આઠમા પાને)


ન્યુ રીનોવેટેડ
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

મનપસંદ સીટ માટે એડવાન્સ બુકીંગ જરૂરી
સૌથી સસ્તું સારૂ/ 10% ડીસ્કાઉન્ટ

| | | |
|---|---|---|
| ચંપારણ્ય | પુરી-ગંગાસાગર આવક-જાવક ટ્રેનમાં | 11 Mar. 15,500 |
| ચારધામ ૧૨ જ્યોર્તિલીંગ | 2X1 AC સ્લીપર બસ | 27 Mar. 61,000 |
| સપ્ત જ્યોર્તિલીંગ | સાથે દક્ષીણ ભારત 2X2 સ્લીપર બસ | 1 Apr. 28,500 |
| હરિદ્વાર | આવક-જાવક ટ્રેનમાં | Apr. / May 25,500 |

વૃંદાવન યાત્રા સંઘ 98983 50096




# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહે, હોટેલ, રેસ્તોરાં તેમજ ડ્રાય-પેકીંગ ફૂડ પ્રોડક્ટ્સના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. ફેબ્રીક/ક્લોથ એવમ તેની પ્રોડક્ટ ના એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. નાના તથા છૂટક વ્યાપારીઓ માટે આ સપ્તાહે હળવી દોડધામ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત અને ભાગદોડ વાળું નીવડશે. પરિવારમાં સુખ શાંતિ યથાવત રહેશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૩ તથા ૨૪ જાન્યુઆરી મધ્યમ નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ (બ,વ,ઉ)

રેડીમેડ ગાર્મેટસ, જનરલ ફેબ્રીક એકમના જાતક તેમજ કોસ્મેટીક એકમના જાતક તથા હર્બલ તથા ફાર્માસ્યુટીકલ્સ એકમ સાથે જોડાયેલ તમામ જાતક માટે આ આખું અઠવાડિયું દોડધામ વાળું તથા સાનુકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક તથા વ્યાપારી એકમ ના જાતક માટે આ સપ્તાહ સામાન્ય તેમજ ખર્ચાળ નીવડે તેવી પૂરી શક્યતા. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. મિત્ર તથા સ્નેહી તરફથી લાભ મળે તેવી સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આનંદમયી સપ્તાહ. ૨૦ તથા ૨૧ જાન્યુઆરી સાવ સરેરાશ નીવડશે.

### મિથુન (ક,છ,ઘ)

ખાનગી શૈક્ષણિક એકમ એવમ સરકારી શૈક્ષણિક એકમ સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું તથા સરેરાશ રહે તેવી પૂરી શક્યતા. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે હજુ આ સપ્તાહ પણ હળવું સાનુકૂળ નીવડશે. કોઈ પણ ક્ષેત્રના સેલેબ્રીટી જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તથા મધ્યમ નીવડે તેવી પૂર્ણ સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના કર્મચારી માટે આ સપ્તાહ બહુ લાભદાયક તથા નિરાંત વાળું નીવડશે. કુટુંબ-પરિવાર દ્વારા સાથ સહકાર મળવાની પૂર્ણ સંભાવના. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૨ જાન્યુઆરી સામાન્ય રહેશે.

### કર્ક (ડ,હ)

આ સપ્તાહ દરમિયાન અનેક નવા કામકાજ મળશે તેવી પૂર્ણ સંભાવના, સાથો સાથ આગલા વર્ષના જૂના, અધૂરા રહી ગયેલા કામકાજને વેગ મળવાના સંયોગ. તેમજ સરકારી કામકાજ નિર્વિઘ્ને પૂરા થવાની શક્યતા. નાના મશીનરીઝ ઉદ્યોગ ના જાતક માટે આ સપ્તાહ અતિ સાનુકૂળ નીવડશે. વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડે તેવી પૂર્ણ સંભાવના. વ્યવસાય તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે હળવું લાભદાયી સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. મિત્રો દ્વારા સાથ સહકારની સંભાવના. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૧ જાન્યુઆરી સામાન્ય રહેશે.

### સિંહ (મ,ટ)

આ સપ્તાહ દરમિયાન આકસ્મિક લાભ મળે તેવી પૂર્ણ સંભાવના. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ રૂપે સંભાવના. લીગલ શેર બજારના જાતક આ સપ્તાહ, સરવાળે અતિ લાભકર્તા નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક એવમ મોટા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ, દોડધામ વાળું એવમ હળવું હળવું લાભકારી પણ રહેશે. નાના તથા છૂટક વ્યાપારીઓ માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ મધ્યમ નીવડશે, સાથો સાથ અવૈધ વહીવટથી ખાસ સંભાળવું. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે હજુ, આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૨૩ તથા ૨૪ જાન્યુઆરી સાવ સાધારણ નીવડશે.

### કન્યા (પ,ઠ,ણ)

કલર્સ તેમજ કેમિકલ્સના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. શીતલ પેયના એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળું તેમજ આકસ્મિક ધન-લાભ વાળું નીવડે તેવી પૂરી શક્યતા. આ સિવાયના, અન્ય, મધ્યમ કદ તથા નાના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજયના તમામ એકમના જાતક તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. આ સપ્તાહ દરમિયાન પરિવારમાં સુખ શાંતિ યથાવત જણાશે, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ લાભદાયી નીવડશે. ૨૨ જાન્યુઆરી સાવ સાધારણ નીવડશે.

### તુલા (ર,ત)

આયુર્વેદિક ફાર્મસી તથા હર્બલ ઔષધિઓ, હર્બલ પ્રોડક્ટના ઉત્પાદક, વિક્રેતાઓ માટે આ સપ્તાહ મધ્યમ અથવા હળવા સંઘર્ષ વાળું તથા હળવું પ્રતિકૂળ પણ નીવડે તેવી પૂર્ણ સંભાવના. સ્યુડો ફિલોસોફર્સ, દંભી બૌદ્ધિક-વિચારક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. મોટા કે હેવી મશીનરીઝ ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીએ આ સપ્તાહ દરમિયાન વિશેષ કાળજી રાખવી, અવૈધ વહીવટથી તો વિશેષ સંભાળવું અન્યથા વાયરલ થવાની પૂરી શક્યતા. કુટુંબ તરફથી સાથ સહકાર મળવાંનાં સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૨૦ તથા ૨૪ જાન્યુઆરી સામાન્ય રહેશે.

### વૃશ્ચિક (ન,ય)

સેલેબ્રીટી જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહે કોમોડીટી, શેર બજાર, અવૈધ સટ્ટા/જુગાર થી વિશેષ રૂપે સંભાળવું, અન્યથા મોટી ખોટના સંયોગ શક્યતા બન્ને. શીપીંગ તેમજ તેને સંબંધિત તમામ એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. રંગ, રસાયણ ના ઉત્પાદક તથા વિક્રેતા માટે આ સપ્તાહ સામાન્ય રહેશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમ તથા સર્વિસ બિઝનેસ ના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ નીવડશે. મધ્યમ વર્ગના જાતક માટે લાભદાયી સપ્તાહ. મહિલા કર્મી, ગૃહિણી માટે લાભદાયી સપ્તાહ. ૨૩ જાન્યુઆરી સાધારણ રહેશે.

### ધન (ભ,ફ,ધ,ઢ)

સેલેબ્રીટી જાતક તથા જાહેર ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન કોમોડીટી, શેર બજાર, અવૈધ સટ્ટા/જુગાર થી વિશેષ કાળજી લેવી, નિષ્ણાતની પરામર્શ અનુસાર કામ કરવું, નહીંતર પછી, મોટી નુકશાની વેઠવાની પૂર્ણ તૈયારી રાખવી. રંગ તેમજ રસાયણના ઉત્પાદક તથા વિક્રેતા માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમ તથા સર્વિસ બિઝનેસના તમામ જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભકર્તા નીવડશે. મધ્યમ વર્ગના જાતક, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી, માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. ૨૨ તથા ૨૩ જાન્યુઆરી સામાન્ય જણાશે.

### મકર (ખ,જ)

અવૈધ કહી શકાય તેવા તમામ વહિવટ, વ્યવહાર, કામકાજ તથા તે પ્રકારના સંબંધ થી વિશેષ કાળજી રાખવી તે, આ સપ્તાહે અતિશય લાભદાયક નીવડશે. જૂના વેર તથા દ્વેષ, કલેશમાં મુક્ત થઈ હકારાત્મક થવાના સંયોગો. ધંધા વ્યવસાયમાં અનેક નવી નવી તક, તથા અનેક નવા અવસર સામેથી આવવાની શક્યતા. તમામ કદના ઔદ્યોગિક એકમના એવમ વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પુષ્કળ લાભકારક નીવડશે. કુટુંબ પરિવાર તરફથી સાથ સહકાર મળવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૧ જાન્યુઆરી મધ્યમ અથવા આંશિક પ્રતિકૂળ નીવડશે.

### કુંભ (ગ,શ,ષ)

આ સપ્તાહ દરમિયાન પારાવાર દોડધામ થવાની સંભાવના, સાથોસાથ ચડાવ ઉતાર આવવાના સંયોગ. જૂના કે પડતર કામકાજનો નીવેડો આવી જવાની સંભાવના. પેપર, સ્ટેશનરીઝ, પ્રિંટીંગ પ્રેસ, ઓફસેટ, સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા આંશિક પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ પણ અર્ધ લાભકારી નીવડશે. પરિવારમાં મતભેદ થવાની હળવી સંભાવના. ગૃહિણી, મહિલા કર્મી, વિદ્યાર્થી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવુ લાભદાયી જણાશે. ૧૮ તથા ૧૯ જાન્યુઆરી સરેરાશ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન (દ,ચ,ઝ,થ)

ખાદ્ય પ્રવાહી ઉત્પાદન એકમના જાતક તથા ફાર્મા-કેમિકલ એકમના ઉત્પાદક એવમ વિક્રેતા જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા અર્ધ પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઈમીટેશન જ્વેલરીઝ તથા રીયલ જ્વેલરીઝના ઔદ્યોગિક એકમના તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક જણાશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ પણ મધ્યમ તથા ભાગદોડ વાળુ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળુ પરંતુ લાભકારક પણ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તેમજ મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૧ જાન્યુઆરી સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

---

વિશ્વ માર્ગદર્શન દિવસ

# તમારી શક્તિ અને નબળાઈઓને ઓળખવામાં માર્ગદર્શક મદદ કરે

**આજના ઝડપથી બદલાતા રોજગારીના બજારમાં યોગ્ય કારકિર્દી પસંદગી માટે માર્ગદર્શન ખૂબ જરૂરી છે, તે વિદ્યાર્થીઓ, યુવાનો અને પુખ્ત વ્યક્તિઓને તેમની રૂચિ, કુશળતા અને બજારની માંગ અનુસાર નિર્ણય લેવામાં મદદ કરે છે**




નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે સમગ્ર વિશ્વમાં માર્ગદર્શન દિવસ તરીકે ઉજવણી થઈ રહી છે, ત્યારે બાળથી મોટેરાવોને જીવનમાં ડગલેને પગલે માર્ગદર્શનની જરૂર પડતી હોય છે. એક વધુ જ્ઞાન ધરાવતો વ્યક્તિ ઓછું જ્ઞાન ધરાવતા વ્યક્તિને માહિતી આપે સમજાવી કે માર્ગદર્શન આપે છે, આપણે તેને સલાહ લેવી એવું પણ કહી શકાય. વ્યક્તિક્તિના જીવનમાં સાચી દિશા, શિક્ષણ અને કારકિર્દીના મહત્વને સમજવા માટે માર્ગદર્શક કે મેન્ટરની જરૂર પડતી હોય છે. આજના યુગમાં કાઉન્સેલિંગ સિસ્ટમ ખૂબ જ વિકસિત થઈ ગઈ છે. ૨૦૧૦થી ઊજવાતા આજના દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને તેમના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો છે.

આજના ઝડપથી બદલાતા રોજગારીના બજારમાં યોગ્ય કારકિર્દી પસંદગી માટે માર્ગદર્શન ખૂબ જરૂરી છે. તે વિદ્યાર્થીઓ, યુવાનો અને પુખ્ત વ્યક્તિઓને તેમની રૂચિ, કુશળતા અને બજારની માંગ અનુસાર નિર્ણય લેવામાં મદદ કરે છે. સારું માર્ગદર્શન બેરોજગારી ઘટાડે છે, કુશળતા વિકાસને પ્રોત્સાહન આપે છે અને વ્યક્તિગત સંતોષ વધારે છે. આજે દુનિયા પહેલા કરતાં વધુ અલગ પડી ગઈ છે અને ઘણા કિસ્સાઓમાં પેઢીઓ એકબીજાથી ખૂબ જ અલગ થઈ ગઈ છે. પરંતુ જીવનના માર્ગ પર થોડી આગળ રહેલી વ્યક્તિ પાસેથી શીખવા જેવું ઘણું બધું છે. આ ઘટના યુવાનોના પોતાના કરતા થોડા મોટા અને સમજદાર વ્યક્તિ સાથે માર્ગદર્શન સંબંધ બાંધવાના મહત્વપૂર્ણ ખ્યાલને આગળ લાવે છે. આ દિવસની ઉજવણી પાછળના મુખ્ય કારણોમાં વિદ્યાર્થીઓ અને યુવાનોને તેમના રસ અને ક્ષમતા મુજબ યોગ્ય કારકિર્દી પસંદ કરવામાં મદદ કરવી. જીવનની મૂંઝવણોમાં યોગ્ય માર્ગદર્શન આપીને માનસિક તણાવ ઓછો કરવો. સમાજમાં 'કાઉન્સેલિંગ' અને 'માર્ગદર્શન'ના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે. જીવનમાં માર્ગદર્શન માત્ર કારકિર્દી પૂરતું મર્યાદિત નથી. શૈક્ષણિક માર્ગદર્શનમાં કયો અભ્યાસક્રમ પસંદ કરવો તે અંગેની સલાહ આપવી. વ્યવસાયિક માર્ગદર્શનમાં કઈ નોકરી કે વ્યવસાયમાં પ્રગતિ થશે તે નક્કી કરવામાં મદદ કરવી. વ્યક્તિગત માર્ગદર્શનમાં પારિવારિક કે સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે આપવામાં આવતી સલાહ સાથે એક સાચો માર્ગદર્શક દીવાદાંડી જેવું કામ કરે છે. તે તમારી શક્તિ અને નબળાઈઓને ઓળખવામાં મદદ કરે છે. તમને ખોટા રસ્તે જતાં અટકાવે છે. નવા વિચારો અને આત્મવિશ્વાસ પૂરો પાડે છે. ભારતમાં ખાસ કરીને શાળાઓ અને કોલેજોમાં કાઉન્સેલિંગ સિસ્ટમની તાતી જરૂરિયાત છે. આજે જ્યારે ૭૬% લોકો માને છે કે માર્ગદર્શક મહત્વપૂર્ણ છે, ત્યારે ખરેખર ફક્ત ૩૭% લોકો પાસે તેની પહોંચ છે. આ વર્ષની ટેગલાઈન ''મેન્ટરિંગ ફોર અ બેટર વર્લ્ડ'' છે. આ દિવસે અને આખા વર્ષ દરમિયાન આમાંની કેટલીક પ્રવૃત્તિઓમાં ભાગ લઈને વિશ્વને વધુ સારું સ્થાન બનાવો.

આંતરરાષ્ટ્રીય માર્ગદર્શન દિવસના ઈતિહાસ જોઈએ તો ૨૦૧૦ ની આસપાસ વર્ચ્યુઅલ માર્ગદર્શન પ્લેટફોર્મનો ઉદય મજબૂત રીતે થયો, જેણે ટેકનોલોજી દ્વારા વૈશ્વિક સ્તરે વધુ સુલભ અને લવચીક માર્ગદર્શન તકો પૂરી પાડી. ૨૦૧૬માં માર્ગદર્શન અને મુહમ્મદ અલીનો વારસો મેન્ટોરએ માર્ગદર્શન અને મુહમ્મદ અલીના વારસા વચ્ચેના પ્રતીકાત્મક જોડાણ પર પ્રકાશ પાડ્યો, ૧૭ જાન્યુઆરીના રોજ તેમના જન્મદિવસનો ઉપયોગ વિશ્વભરમાં માર્ગદર્શન પહેલને પ્રોત્સાહન આપવા માટે કર્યો. ૨૦૨૦ માં પીઅર મેન્ટરિંગ કાર્યક્રમોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી કારણ કે સંસ્થાઓએ શૈક્ષણિક અને કોર્પોરેટ સેટિંગ્સમાં પીઅર સપોર્ટનો લાભ લેવા માટે નવીન રીતો શોધી હતી. ૨૦૨૩માં થયેલા સંશોધનમાં શૈક્ષણિક સિદ્ધિઓ પર માર્ગદર્શનની કાયમી અસરની પુષ્ટિ કરવામાં આવી હતી, જેના કારણે શાળાઓમાં માર્ગદર્શન વધારવા માટે સતત હિમાયત થઈ હતી.




સંશોધન દર્શાવે છે કે માર્ગદર્શન માનસિક વિકાસને પ્રોત્સાહન આપે છે, આત્મવિશ્વાસ, સ્વાયત્તતા અને સામાજિક જોડાણ જેવા ગુણોમાં વધારો કરે છે. આનાથી માત્ર વ્યક્તિઓને ફાયદો થતો નથી પણ સામાજિક સંકલન અને ઉત્પાદક્તાના ઉચ્ચ સ્તરમાં પણ ફાળો મળે છે. કારકિર્દી વિકાસમાં માર્ગદર્શનની ભૂમિકા અભ્યાસોએ દર્શાવ્યું છે કે માર્ગદર્શન કારકિર્દીની પ્રગતિની સંભાવનાને નોંધપાત્ર રીતે વધારે છે. માર્ગદર્શકો ધરાવતા વ્યક્તિઓને પ્રમોશન મળવાની, વધુ પગાર મળવાની અને માર્ગદર્શકો વિનાના લોકોની તુલનામાં વધુ નોકરીમાં સંતોષ થવાની શક્યતા વધુ હોય છે.

**થોડું માર્ગદર્શન પણ વ્યક્તિને જીવનના પડકારોમાંથી પસાર થવામાં અને સફળતા મેળવવામાં મદદરૂપ બનેઃ માર્ગદર્શનના મુખ્ય પ્રકારોમાં વ્યવસાયિક, શૈક્ષણિક, વ્યક્તિગત અને આધ્યાત્મિક વિભાગ ગણાય છે**

માર્ગદર્શન જીવનના દરેક તબક્કામાં જરૂરી છે કારણ કે તે વ્યક્તિને સાચા રસ્તા પર ચાલવામાં મદદ કરે છે અને ભૂલો ટાળવામાં સહાયક બને છે. તે અનુભવી વ્યક્તિઓની સલાહ દ્વારા યોગ્ય નિર્ણયો લેવામાં અને સમસ્યાઓ હલ કરવામાં મદદ કરે છે. માર્ગદર્શનનું મહત્વ માર્ગદર્શન વ્યક્તિને પોતાની ક્ષમતાઓ, મર્યાદાઓ અને અભિરૂચિઓ ઓળખવામાં મદદ કરે છે, જેથી તે આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે. તે જીવનના પડકારો, તણાવ અને ચિંતાઓનો સામનો કરવા માટે કૌશલ્યો વિકસાવે છે અને સંતુલિત જીવન જીવવામાં સહાયક બને છે.

માર્ગદર્શનના મુખ્ય પ્રકારો વ્યક્તિના જીવનના વિવિધ પાસાઓને આવરી લે છે અને તેને વ્યવસાયિક, શૈક્ષણિક, વ્યક્તિગત અને આધ્યાત્મિક વિભાગોમાં વહેંચાય છે. તેમાં વ્યાવસાયિક માર્ગદર્શન વ્યક્તિને રોજગાર, વ્યવસાય કે કારકિર્દી પસંદગીમાં મદદ કરે છે, જેમાં અભિયોગ્યતા, અભિરૂચિ અને ક્ષમતા માપીને યોગ્ય વિકલ્પો સૂચવવામાં આવે છે. શૈક્ષણિક માર્ગદર્શન વિદ્યાર્થીઓને અભ્યાસના વિષયો, કોર્સ અને શૈક્ષણિક માર્ગ પસંદ કરવામાં મદદ કરે છે. વ્યક્તિગત માર્ગદર્શન નિર્ણય લેવા, તણાવ વ્યવસ્થાપન અને વ્યક્તિગત સમસ્યાઓ હલ કરવામાં સહાય કરે છે. અન્ય પ્રકારોમાં આધ્યાત્મિક માર્ગદર્શન જીવનના ધ્યેય, નૈતિક મૂલ્યો અને આંતરિક શાંતિ માટે માર્ગદર્શકની સલાહ ઉપયોગી બને છે. સામાજિક માર્ગદર્શન સમાજમાં સમાયોજન, સંબંધો અને જવાબદારીઓ વિશે મદદ કરે છે.

માર્ગદર્શક તરીકે અલીના સફળતા માટેના છ સિદ્ધાંતો માર્ગદર્શન માટે પાયો પૂરો પાડે છે, જેમાં આત્મવિશ્વાસ, પ્રતીતિ, સમર્પણ, દાન, આદર અને આધ્યાત્મિકતાનો સમાવેશ થાય છે. કેટલીક સંસ્કૃતિઓ વંશવેલો પર ભાર મૂકતા વધુ ઔપચારિક માર્ગદર્શન સંબંધો અપનાવી શકે છે, જ્યારે અન્ય સમાનતાવાદી અને અનૌપચારિક ભાગીદારીની તરફેણ કરે છે. આ તફાવતો હોવા છતાં, માર્ગદર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસને પ્રેરણા અને ટેકો આપવાનો વિશ્વભરમાં સુસંગત રહે છે.

## અબતક પંચાગ

**તા. ૧૮-૧ -૨૦૨૬ રવિવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૨ શાલીવાહન શકિઃ ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૬ |
| તિથી | પોષ વદ અમાસ |
| નક્ષત્ર | પૂર્વાષાઢા |
| યોગ | હર્ષણ કરણઃ ચતુષ્પાદ |
| સુર્યોદય | ૭.૨૯ સુર્યાસ્તઃ ૬.૨૬ |
| ચંદ્ર રાશી | ધન બપોરે ૪.૪૦ થી મકર |
| રાશિ અક્ષર | ભ.ફ.ધ./ખ.જ. |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૫ થી ૧.૧૮ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૩ | | | ૭ |
| | | | | ૧ | | | ૮ | |
| | | | ૯ | | | | | |
| | | ૯ | | | | | ૧ | |
| | | ૨ | ૫ | | ૯ | ૮ | | |
| ૬ | | | | ૪ | | ૩ | | |
| | | | | | ૨ | ૫ | ૭ | |
| ૩ | ૬ | | | | ૧ | | | |
| | ૪ | | | | | ૯ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૩૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ |
| ૮ | ૪ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૯ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૮ | ૭ | ૧ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૧-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેક્સિકન રાઈસ)+(બોમ્બે સ્ટાઈલ પાઉંભાજી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દર્શના પંડ્યા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૧-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૩૦ ગીત ગુંજાવલી
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ભલે પધાર્યા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દર્શના પંડ્યા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૧-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૧.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, પોષ વદ અમાસ, પૂર્વાષાઢા નક્ષત્ર, હર્ષણ યોગ, ચતુષ્પાદ કરણ આજે સાંજે ૪.૪૦ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ** (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન** (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક** (ડ,હ) : શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ** (મ,ટ) : સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા** (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર** (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ** (ગ,સ,શ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન** (દ,ચ,ઝ,થ) : નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# બાલભવનમાં 'ફ્લાવર-શો'નો પ્રારંભ: પ્રકૃતિ અને કલાનો અનોખો સંગમ

## આજથી ૧ ફેબ્રુઆરી સુધી રાત્રે ૧૨ વાગ્યા સુધી માણી શકાશે આર્ટિફિશિયલ ફૂલોની મનમોહક દુનિયા





**અબતક, રાજકોટ**

પાન હેલ્થ અને લીટલ એન્જલના સહયોગથી આયોજિત બાલભવન ફ્લાવર શો-૨૦૨૬ શહેર માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ફ્લાવર શોમાં અવનવા, રંગબેરંગી અને કલાત્મક આર્ટિફિશિયલ ફૂલોની ભવ્ય પ્રદર્શન દ્વારા પ્રકૃતિ, કલા અને સર્જનાત્મકતાનો અનોખો સંગમ રજૂ કરવામાં આવ્યો છે.

ફ્લાવર શોમાં કાશ્મીરના વિશ્વવિખ્યાત તુલિપ ગાર્ડનથી પ્રેરિત વિશેષ વિભાગ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં લાલ, પીળા, ગુલાબી અને સફેદ રંગના તુલિપ ફૂલોની કલાત્મક ગોઠવણી કરવામાં આવી છે. આ વિભાગ કાશ્મીરની વસંતઋતુની અનુભૂતિ કરાવે છે અને મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણ બન્યો છે.

આ ઉપરાંત ગુલાબ, ઓર્કિડ, લિલી, ડેઝી, સનફ્લાવર અને કાર્નેશન જેવા ફૂલોની આર્ટિફિશિયલ રચનાઓ પણ પ્રદર્શિત કરવામાં આવી છે. ગુલાબ વિભાગમાં પ્રેમ અને લાગણીનું પ્રતિક ગણાતા વિવિધ રંગોના ગુલાબોની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે, જ્યારે ઓર્કિડ અને લિલી વિભાગ સૌમ્યતા અને શાંતિનું સંદેશ આપે છે. સનફ્લાવર વિભાગ ખાસ કરીને બાળકો અને યુવાનોને આકર્ષે છે, જ્યાં ઊર્જા અને ખુશીના રંગો ઝળહળી ઊઠે છે.





તસવીરઃ શૈલેષ વાડોલિયા







ફ્લાવર શોમાં લજામણીના છોડ પરથી તૈયાર કરાયેલ 'શરમીલો પાર્ક' પણ વિશેષ આકર્ષણ છે. સ્પર્શ કરતા જ પાંદડાં બંધ થઈ જતા લજામણીના છોડ બાળકોમાં કુતૂહલ અને આનંદ જગાવે છે. સાથે સાથે હરિયાળી અને પ્રાકૃતિક વાતાવરણ સર્જી પરિવાર માટે આ સ્થળ યાદગાર બની રહ્યું છે.બાલભવન ફ્લાવર શો-૨૦૨૬ તારીખ ૧૭ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી સુધી યોજાશે. શો દરરોજ સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધી જનતા માટે ખુલ્લો રહેશે.

# જિલ્લા ફરિયાદ સંકલન બેઠકમાં રી-સર્વે, દબાણો ખુલ્લા કરવા સહિત પ્રશ્નો ઉઠ્યા

## લોકહિતને લગતા વિવિધ પ્રશ્નો અંગે તત્કાલ કાર્યવાહી કરવા કલેકટરની સૂચના: સાંસદ રામભાઈ મોકરિયાએ સિવિલ હોસ્પિટલને લગતા, શહેરમાં જર્જરીત સરકારી ઈમારતો, કોઠારીયા બાયપાસ ફ્લાયઓવર સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં લોકપ્રતિનિધિઓ દ્વારા લોકહિતને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં આ પ્રશ્નોના સત્વરે નિકાલ માટે સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હતી.

રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા વતી દેપાળીયા ગામનો રિ-સર્વે તેમજ દબાણ સંબંધિત પ્રશ્ન રજૂ થયો હતો. જેમાં ટેક્નિકલ વિગતો ચકાસીને તેનો ઉકેલ લાવવા સૂચના આપવામાં આવી હતી. જ્યારે સાંસદ રામભાઈ મોકરિયા દ્વારા સિવિલ હોસ્પિટલને લગતા, શહેરમાં જર્જરીત સરકારી ઈમારતો, કોઠારીયા બાયપાસ ફ્લાયઓવર સંબંધિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સિવિલમાં સુરક્ષા જાળવવા માટે કડક પગલા લેવા, શહેરમાં રહેલી ૧૭૬ જર્જરીત ઈમારતો અંગે તેમજ કોઠારીયા ફ્લાયઓવરનું કામ સમયસર શરૂ થઈ જાય તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

ધારાસભ્ય ડો. દર્શિતાબહેન શાહ દ્વારા સિવિલ હોસ્પિટલના નવીનીકરણ, રજીસ્ટ્રાર ઓફિસ નવી બનાવવા તથા એઈમ્સમાં વિવિધ વિભાગો અને નર્સિંગ કોલેજ સંબંધિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા વોર્ડ નંબર ૧૮માં ઝૂંપડા તેમજ પાર્કિંગ સહિતના દબાણો તેમજ અસામાજિક પ્રવૃતિનો પ્રશ્ન તથા વોર્ડ નંબર ૧૭માં ખુલ્લા પ્લોટમાં દબાણોનો પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રશ્નોના નિકાલ માટે યોગ્ય પગલાં લેવા સૂચના

(અનુ. આઠમા પાને)



**ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ દ્વારા સિવિલ હોસ્પિટલના નવીનીકરણ, રજીસ્ટ્રાર ઓફિસ નવી બનાવવા તથા એઈમ્સમાં વિવિધ વિભાગો અને નર્સિંગ કોલેજ સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા**

# જેતપુર ખાતે જિલ્લા કક્ષાની પ્રજાસતાક પર્વની ઉજવણી કરાશે

## કલેકટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જેતપુર ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંગે બેઠક યોજાઈ

**અબતક, રાજકોટ**

જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુચારુ, શિસ્તબદ્ધ તથા ભવ્ય રીતે યોજાય તે હેતુસર આજરોજ તૈયારીના ભાગરૂપે સમીક્ષા બેઠક યોજાઈ હતી. રાજકોટ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી જેતપુર ખાતે કરવામાં આવશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમનું રિહર્સલ ૨૩મી જાન્યુઆરીના રોજ બપોરે ૩ કલાકે યોજાશે.

બેઠકમાં જિલ્લા કલેકટરે પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય પર્વની ગરિમામય ઉજવણી થાય તે માટે જરૂરી સંકલન સાથે દરેક વિભાગ પોતાની સોંપાયેલ કામગીરી સમયસર પૂર્ણ કરે તે અંગે સૂચનાઓ આપી હતી. તેમણે કાર્યક્રમોની પૂર્વતૈયારી માટે રચાયેલી વિવિધ સમિતિઓની કામગીરીની પણ સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેકટરે જેતપુર ખાતે યોજાનાર જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પોલીસ બેન્ડ, પરેડ તથા સલામતીની વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્ટેજ, મંડપ તથા માઈક પોડીયમની વ્યવસ્થા, સન્માનપત્રો તૈયાર કરવાં, વાહન પાર્કિંગની વ્યવસ્થા, કાર્યક્રમનાં સ્થળે મેડીકલ વાહન/એમ્બ્યુલન્સ ઉપસ્થિત રાખવાં, ધ્વજવંદન કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થાઓ બાબતે સવિસ્તાર પરામર્શ કરવામાં આવ્યો હતો. તેમજ વિશિષ્ટ કામગીરી કરેલા નાગરિકોને સન્માનપત્ર વિતરણ દરમિયાન ગોઠવણ અને વ્યવસ્થાપનમાં

(અનુ. આઠમા પાને)

# મહારાષ્ટ્રમાં 'કમળ' ખીલતા શહેર-જિલ્લા ભાજપ દ્વારા વધામણાં





## 'ભારત માતાકી જય' અને 'વંદે માતરમ'ના જયઘોષ સાથે ભાજપ આગેવાનોએ એકબીજાના મોઢા મીઠા કરાવી જીતને વધાવી

**અબતક, રાજકોટ**

મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના જવલંત વિજયને વધાવવા માટે રાજકોટ શહેર અને જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજયોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ પર જનતાએ મૂકેલા અતૂટ વિશ્વાસને પગલે રાજકોટ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે ફટાકડાની આતશબાજી અને મીઠાઈ વહેંચીને જીતની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ભાજપના આગેવાનોએ જણાવ્યું હતું કે, "દેશમાં ભાજપા અને નરેન્દ્રભાઈ મોદી હૈ તો સબકુછ મુમકીન હૈ" ના સૂત્રને જનતાએ સાર્થક કર્યું છે. મહારાષ્ટ્રની પ્રજાએ મોદી સરકારના વિકાસ કાર્યો અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન પર મહોર મારીને ફરી એકવાર સાબિત કર્યું છે કે દેશ સુરક્ષિત હાથોમાં છે. ભાજપના કાર્યકર્તાઓની દિવસ-રાતની મહેનત અને ચાણક્ય રણનીતિને કારણે આ ઐતિહાસિક જીત પ્રાપ્ત થઈ છે.રાજકોટ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જિલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા અને શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેની આગેવાનીમાં તમામ મંડલોમાં વિજયોત્સવ ઉજવાયો હતો. કાર્યકર્તાઓએ 'ભારત માતાકી જય' અને 'વંદે માતરમ'ના જયઘોષ સાથે આતશબાજી કરી નગરજનોના મોઢા મીઠા કરાવ્યા હતા.આ વિજયોત્સવમાં ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, મેયર રક્ષાબેન બોળીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, અશ્વિનભાઈ મોલીયા, સૌરાષ્ટ્ર ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ સહિતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. ઉપરાંત જિલ્લા મંત્રીઓ, શહેર મોરચાના પ્રમુખો, વોર્ડ પ્રભારીઓ અને મોટી સંખ્યામાં સક્રિય કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી જીતને વધાવી હતી.

## ભાજપને જે બહુમતી મળી છે તે ખરા અર્થમાં લોકશાહીનો વિજય: જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા



રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ૨૯ માંથી ૨૭ બેઠકો પર ભાજપને જે પ્રચંડ બહુમતી મળી છે તે ખરા અર્થમાં લોકશાહીનો વિજય છે. ખાસ કરીને મુંબઈ જેવી માયાનગરી અને દેશની આર્થિક રાજધાનીની જનતાએ જે રીતે ભાજપમાં વિશ્વાસ મૂક્યો છે, તે બદલ હું મહારાષ્ટ્રની જનતાને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું."

## જન પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલાઓને અભિનંદન પાઠવાતાં ધારાસભ્ય ઉદય કાનગડ



અબતકની વાતચીતમાં ધારાસભ્ય ઉદય કાનગડ એ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય અને કોર્પોરેશન ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે તેના માટે સમગ્ર મહારાષ્ટ્રની જનતાને અભિનંદન સાથે વંદન કરું છું ભારતીય જનતા પાર્ટી સમગ્ર દેશ દિલ્હી ,મધ્યપ્રદેશ રાજસ્થાન હોય કે અન્ય પ્રદેશોમાં દેશની જનતા આશીર્વાદ આપી રહી છે આ વિકાસની રાજનીતિનો વિજય થયો છે ત્યારે ચૂંટાયેલા કોર્પોરેટરોથી માંડી તમામ પદાધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.



### જનસેવા એ જ પ્રભુસેવા – વિધાનસભા-૬૮માં વિકાસનો નવો અધ્યાય

# ધારાસભ્ય ઉદય કાનગડની ત્રણ વર્ષની કામગીરીનું સરવૈયું: સેવાના ૧૦૦ માર્ક્સ

## ત્રણ વર્ષમાં કરોડો વિકાસ કાર્યો અને હજારો લાભાર્થીઓને યોજનાઓનો લાભ: પ્રજાના વિશ્વાસને સાકાર કરી જનસેવા કાર્યાલયથી લઈ વિકાસ પ્રોજેક્ટ્સ સુધીની કામગીરી

### લોકપ્રશ્નો અને પ્રશાસન સાથે સંકલન

પ્રાથમિક સુવિધાઓને લગતા પ્રશ્નો માટે રાજકોટ મહાનગરપાલિકા ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ૫૭ લોકપ્રશ્નોની રજૂઆત કરી ઝડપી ઉકેલ માટે કાર્યવાહી કરાવવામાં આવી. ટી.પી. સ્કીમ મંજૂરી, સોસાયટીઓનું રેગ્યુલરાઈઝેશન, વરસાદ બાદ લોકમેળાના સ્ટોલ ભાડા રીફંડ સહિત અનેક મુદ્દાઓ પર સફળ રજૂઆતો કરાઈ.

### જનસેવા કાર્યાલય મારફતે યોજનાઓનો સીધો લાભ નાગરિકોને

વિધાનસભા-૬૮ ખાતે કાર્યરત જનસેવા કાર્યાલય દ્વારા નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ તથા દસ્તાવેજી સેવાઓ સરળ અને સુલભ રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ કાર્યાલય મારફતે આયુષ્યમાન ભારત કાર્ડ, વિધવા, વૃદ્ધ તથા વિકલાંગ પેન્શન, આધારકાર્ડમાં સુધારા તથા મોબાઈલ નંબર લિંક કરવાની પ્રક્રિયા, ૦ થી ૫ વર્ષના નાના બાળકોના આધારકાર્ડ, ઈ-શ્રમ કાર્ડ અને નિર્માણ કાર્ડ, સુકન્યા સમૃદ્ધિ યોજના, વ્હાલી દીકરી યોજના, ઉજ્જ્વલા યોજના, માનવ ગરિમા યોજના, આવકના દાખલા, જન-ધન ખાતા, ઈન્ડિયન પોસ્ટ એકાઉન્ટ તથા વિમા યોજનાઓ, કેન્સર સહાય યોજના તેમજ રેશનકાર્ડ સંબંધિત વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. જનસેવા કાર્યાલય દ્વારા ઘણી સેવાઓ ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને રીતે એક જ સ્થળે ઉપલબ્ધ કરાતા નાગરિકોને સમયસર અને અસરકારક લાભ મળી રહ્યો

### ત્રણ વર્ષમાં થયેલા વિકાસ કાર્યો

- વિધાનસભા-૬૮ના વિવિધ વોર્ડોમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ધારાસભ્ય ગ્રાન્ટમાંથી વ્યાપક વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૩માં રૂ. ૧,૮૬,૮૫,૪૨૧ના ખર્ચે આંતરિક રસ્તાઓનું રિસરફેસિંગ, પાણીની લાઈનો સુધારણા, સ્ટ્રીટલાઈટ વ્યવસ્થા અને ડ્રેનેજ સંબંધિત કામગીરી કરવામાં આવી છે. વોર્ડ નં. ૪માં રૂ. ૮,૨૯,૬૮,૧૯૯ના ખર્ચે મુખ્ય તથા આંતરિક રસ્તાઓનું કોંક્રીટીકરણ, વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા, બગીચા અને ખુલ્લા પ્લોટોના વિકાસ, તેમજ લાઈટિંગ અને સુવિધા કામો કરવામાં આવ્યા છે.
- વોર્ડ નં. ૫માં રૂ. ૧,૭૪,૭૭,૪૦૦ના ખર્ચે રસ્તા સુધારણા, ફૂટપાથ, પાણી પુરવઠા લાઈનો અને સ્વચ્છતા સંબંધિત વિકાસ કામો હાથ ધરાયા છે. વોર્ડ નં. ૬માં રૂ. ૩,૦૨,૪૪,૧૧૭ના ખર્ચે ડ્રેનેજ લાઈનો, આંતરિક માર્ગો, સ્ટ્રીટલાઈટ્સ અને સામાજિક સુવિધાઓના વિકાસ કામો કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૧૫માં રૂ. ૨,૬૫,૪૭,૧૦૦ના ખર્ચે રોડ-ડેવલપમેન્ટ, બગીચા, સામુદાયિક સ્થળો તથા પ્રાથમિક સુવિધાઓને લગતા કામો હાથ ધરાયા છે.
- વોર્ડ નં. ૧૬માં રૂ. ૨૭,૨૪,૦૦૦ના ખર્ચે નાના વિકાસ કામો, રસ્તા મરામત અને જાહેર સુવિધાઓના સુધારણા કાર્ય કરવામાં આવ્યા છે. આ રીતે વિધાનસભા-૬૮ના વોર્ડ નં. ૩, ૪, ૫, ૬, ૧૫ અને ૧૬માં કુલ રૂ. ૧૭,૯૩,૩૯,૨૩૫ના ખર્ચે રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટિંગ, બગીચા તથા સામાજિક સુવિધાઓના વિકાસ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે, જેના કારણે વિસ્તારના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ વધુ સુદ્દઢ બની છે.

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત માર્ગદર્શન અને 'વિકસિત ભારત - ૨૦૪૭'ના દઢ સંકલ્પ સાથે ભારત આજે વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે. આયોજન, પારદર્શિતા, સત્યનિષ્ઠા અને લોકકલ્યાણને કેન્દ્રમાં રાખી દેશવ્યાપી વિકાસ યાત્રા આગળ ધપાવી રહેલી કેન્દ્ર સરકારની આ વિચારધારાને ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે. તેના પરિણામે ગુજરાત આજે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે 'વિકાસ મોડેલ' તરીકે ઓળખાઈ રહ્યું છે.

આ વિકાસયાત્રામાં રાજકોટ (પૂર્વ) વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન જનસેવા, સંવેદના અને જવાબદારીના ભાવ સાથે વ્યાપક કામગીરી કરવામાં આવી છે. પ્રજાએ મુકેલા

(અનુ. આઠમા પાને)

# 'અપના બજાર'ના આંગણે સહકાર ભારતીના સ્થાપના દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



## વકીલ સાહેબ લક્ષ્મણરાવ ઈનામદારને પુષ્પાંજલિ અને 'પંચ પરિવર્તન સંકલ્પ' સાથે ભવ્ય ઉત્સવ ઉજવાયો

**અબતક, રાજકોટ**

સહકાર ભારતીના સ્થાપના દિન નિમિત્તે રાજકોટમાં 'અપના બજાર' પરિસરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સહકાર ક્ષેત્રના પ્રણેતા લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે અપના બજારના ચેરમેન મહેશભાઈ કોટકે કાર્યક્રમનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું અને સંસ્થાની સહકારી પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ ઉજવણી સહકાર ભારતી સ્થાપના દિન અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે 'પંચ પરિવર્તન સંકલ્પ'ના ભાગરૂપે યોજાઈ હતી. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત નયનાબેન મકવાણાએ સહકાર ભારતીને 'સહકાર ગૌરવ દિન' તરીકે ઉજવવા અંગે વિશેષ વક્તવ્ય આપ્યું હતું. તેમણે સહકારી આંદોલનને વધુ મજબૂત બનાવવા અને સમાજમાં તેના વ્યાપ વિશે ઊંડાણપૂર્વક સમજણ પૂરી પાડી હતી. કાર્યક્રમમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ફિલ્ડ ઓફિસર શુભમ જાવરા પણ વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં અપના બજાર અને કેશવ ક્રેડિટ સોસાયટીના વિવિધ હોદ્દેદારો તેમજ ડિરેક્ટરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ફુલાભાઈ શિંગાળા, વિક્રમસિંહ પરમાર, ભાગ્યેશભાઈ વોરા, દીપકભાઈ ચાવડા, જયંતભાઈ ધોળકિયા અને વહીવટી અધિકારી નરેશભાઈ શુકલ સહિતના અગ્રણીઓ અને કર્મચારી પરિવારે હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેશભાઈ શુક્લએ કર્યું હતું અને અંતમાં વાઈસ ચેરમેન ફુલાભાઈ શિંગાળાએ આભારદર્શન કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# પુજા હોબી સેન્ટરની વિવિધ સ્પર્ધામાં સ્પર્ધકોનું પાવરફુલ પરફોર્મન્સ

## જીમ્નાસ્ટિક, હુલ્લાહુપ અને સુર્યનમસ્કારમાં ૩૫૦ બાળકો – વડીલોએ ભાગ લીધો



**અબતક, રાજકોટ**

"પુજા હોબી સેન્ટર દ્વારા "ઓપન સૌરાષ્ટ્ર યોગા, જીમનાસ્ટિક, હુલ્લા હુપ તથા ચેમ્પીયનશીપ-૨૦૨૬ માં ૩૫૦ બાળકો, યુવાનો તથા વડીલો પાર્ટીસીપેટ" કર્યું

સૂર્યનમસ્કાર, યોગા, જીમ્નાસ્ટીક તથા મુલ્લા ગ્રુપની સ્પર્ધા શરૂ થઈ અને બપોરે રાજકોટ - અમદાવાદ - જામનગર - મોરબી - દીવ - જેતપુરથી ૩૫૦ થી વધારે બાળકો, યુવાનો તથા વડીલોએ અલગ-અલગ સ્પર્ધામાં પોતાનું કૌવત બતાવ્યું. અન્ડર-૪ થી એબોવ-૬૦ સુધીના અલગ અલગ એઈજ ગૃપમાં ૧-૨-૩ વિજેતાને ટ્રોઠી-સર્ટીલેકેટ તથા મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

તમામ એઈજ ગૃપમાં સૂર્યનમસ્કાર ૫૧ કરીને અનેરો ઉત્સાહ પુરો પાડયો હતો. ગુલ્લાહપ જે રાજકોટમાં ફક્ત પુજા હોબી સેન્ટર વિવિધ પેટર્ન કરાવે છે.

યોગાસનમાં સલભાસન, પૂર્ણધનુઆસન, ઉષ્ટ્રાસન, ચક્રાસન, પૂર્ણ ભુજંગાસન, હનુમાનાસન, મત્સ્યાસન, વક્રાસન, નટરાજઆસન, ગર્ભાસન, હલાસન, પૂર્ણ-ઉપ્ટાસન, કર્ણપીડાસન, વીરભદ્રાસન, વૃલાસન, લોલાસન, પશ્ચિમોત્તાસન, પદાહસ્તાસન, ભૂમાસન, નવકારાસન આસનો કરી દરેક એઈજગૃપમાં આપણી પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરી હતી.

(અનુ. આઠમા પાને)

# આર્ટ ગેલેરી ખાતે બોન્સાઈ કળાનો અનોખો સંગમ

## બોન્સાઈ એ સંસ્કૃતિ અને સહકારનું જીવંત દ્રષ્ટાંત બન્યું



**અબતક, રાજકોટ**

બોન્સાઈ એક અદભુત વામનવૃક્ષ કળા છે, જેનો ઉદ્ભવ પ્રાચીન ચીનમાં થયો હતો. શરૂઆતમાં 'ક્લીપ અને ગ્રો' પદ્ધતિથી વૃક્ષને કાપ-છાંટ કરી આકાર આપવાની પરંપરા હતી, જ્યારે જાપાને વાયરીંગ દ્વારા વૃક્ષને ડિઝાઈન કરવાની અનોખી પદ્ધતિ વિકસાવી.


ચોથીથી છઠ્ઠી સદી દરમિયાન આ કળા ચીનમાંથી જાપાન પહોંચી, જ્યાં જાપાનીઝ કલાકારો દ્વારા તેને વધુ સુક્ષ્મતા, શિસ્ત અને સૌંદર્ય સાથે વિકસાવવામાં આવી. પરિણામે બોન્સાઈ કળા વિશ્વભરમાં પ્રસિદ્ધ બની અને એક વૈશ્વિક કળારૂપે ઓળખ પામી. આજે બોન્સાઈ માત્ર ચીન કે જાપાન પૂરતી સીમિત નથી રહી, પરંતુ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બની છે. ભારતમાં પણ છેલ્લા સો વર્ષથી આ કળાને લોકો દ્વારા સહજ સ્વીકાર મળ્યો છે.



ખાસ કરીને ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષથી બોન્સાઈ પ્રત્યે વિશેષ રસ અને જાગૃતિ જોવા મળી રહી છે.

સૌરાષ્ટ્ર બોન્સાઈ કલબના તમામ સભ્યો પરસ્પર સહકાર અને માર્ગદર્શન સાથે આ કળાને લોકો સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. આ પ્રયત્નોની ફળસરૂપે તારીખ ૧૭ અને ૧૮ જાન્યુઆરીએ રાજકોટની રેસકોર્સ આર્ટ ગેલેરી ખાતે યોજાયેલ ત્રીજું બોન્સાઈ પ્રદર્શન બોન્સાઈ કળાનું જીવંત અને પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનમાં ગાર્ડી કોલેજના છાત્રોને ઉદ્યોગ સાહસિકતાના પાઠ ભણાવાયા




**અબતક, રાજકોટ**

બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ગુણવત્તા સુધારણા અને વ્યાવસાયિક તૈયારીના હેતુસર વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશનની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉદ્યોગ ક્ષેત્રની વર્તમાન પ્રવૃત્તિઓ, નવીન ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકતાને નજીકથી જાણીને, મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ ટેક્નોલોજી, ગ્રીન એનર્જી અને ઈન્ડસ્ટ્રી ૪.૦ જેવી આધુનિક સંકલ્પનાઓ અંગે પ્રાયોગિક અને અદ્યતન જ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ પ્રવૃત્તિથી સિદ્ધાંતાત્મક જ્ઞાન અને ઉદ્યોગક્ષેત્રની વાસ્તવિક આવશ્યકતાઓ વચ્ચે સેતુ સ્થાપિત થયો, જે વિદ્યાર્થીઓના ઉદ્યોગલક્ષી દષ્ટિકોણ અને વ્યાવસાયિક ક્ષમતામાં વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ સાબિત થયું. કોલેજના પ્રિન્સિપલ ડો. વિમલકુમાર પટેલ દ્વારા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીની પ્રશંસા કરવામાં આવી હતી અને આવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ

(અનુ. આઠમા પાને)

# ખોરજ બનશે ઓટો ડેસ્ટિનેશન: રૂ.૩૫,૦૦૦ કરોડના ખર્ચે મારૂતિ સુઝુકીનો પ્લાન્ટ આકાર લેશે

## "મેક ઇન ઈન્ડિયા" ના ધ્યેયને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્ય સરકાર અને મારુતિ સુઝુકી લી.વચ્ચે ઇન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરીમની યોજાઈ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષો પહેલા દેશને 'મેક ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડ'નું જે સ્વપન આપ્યું હતું, તેને સાકાર કરવાની દિશામાં ગુજરાતે આજે વધુ એક ઐતિહાસિક અને નક્કર કદમ ઉઠાવ્યું છે. દેશના ગ્રોથ એન્જિન અને વિકાસના રોલ મોડેલ સ્ટેટ તરીકે ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વમાં ઔદ્યોગિક ક્ષેત્રે પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે. રાજ્ય સરકારની ઉદ્યોગ સાનુકૂળ નીતિઓના પરિણામે જ આજે વિશ્વસ્તરીય કંપનીઓ ગુજરાતને પોતાના મેન્યુફેક્ચરિંગ હબ તરીકે પસંદ કરી રહી છે, જે અંતર્ગત મારુતિ સુઝુકીનું આ નવું રોકાણ રાજ્યના આર્થિક માળખાને વધુ સુદ્રઢ બનાવશે.

મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ દ્વારા ગુજરાતના ખોરજ ખાતે એક અત્યંત વિશાળ અને આધુનિક વ્હીકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે જી.આઈ.ડી.સી. દ્વારા ફાળવવામાં આવેલી ૧૭૫૦ એકર જેટલી પ્રચંડ જમીન પર કંપની કુલ ૩૫ હજાર કરોડ રૂપિયાનું જંગી મૂડીરોકાણ કરશે. આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૦ લાખ કારની રહેશે, જે ગુજરાતને વૈશ્વિક ઓટોમોબાઈલ નકશા પર અગ્ર હરોળમાં મૂકી દેશે. આટલી મોટી ક્ષમતા ધરાવતો પ્લાન્ટ રાજ્યના



ઔદ્યોગિક ઈતિહાસમાં એક મહત્વનો સીમાચિહ્ન સાબિત થશે.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના અમલીકરણ માટે ગાંધીનગર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્ય સરકાર અને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ વચ્ચે ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરીમની યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મારુતિ સુઝુકીના મેનેજિંગ ડિરેક્ટર હિતાશી તાકેઉચી સામસામે ઉપસ્થિત રહ્યા હતા અને રોકાણ અંગેની કાયદેસરની પ્રક્રિયાઓ પૂર્ણ કરી હતી. આ બેઠક દરમિયાન રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી માળખાગત સુવિધાઓ અને સરકારના સહયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

મહત્વપૂર્ણ કરાર વખતે રાજ્યના મંત્રી હર્ષ સંઘવીએ પણ પોતાની પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી હતી, જે સરકારની ઉદ્યોગો પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમની સાથે મારુતિ સુઝુકીના હોલ ટાઈમ ડિરેક્ટર અને એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર સુનિલ કક્કર તેમજ રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સરકારના વિવિધ વિભાગો અને મારુતિ સુઝુકીના સંચાલકો વચ્ચેના આ સુમેળભર્યા સંવાદને કારણે જ આટલા મોટા પ્રોજેક્ટનું આયોજન શક્ય બન્યું છે, જે આગામી સમયમાં ગુજરાતની કાર્યક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરશે.

### નવા પ્લાન્ટ થકી ૧૨૦૦૦ લોકોને મળશે "રોજીરોટી"

આ નવા પ્લાન્ટ દ્વારા પ્રત્યક્ષ રીતે ૧૨,૦૦૦ લોકોને રોજગારી મળશે. ઉપરાંત, એન્સીલીયરી યુનિટ્સ અને એમ.એસ.એમ. ઈ એકમોના માધ્યમથી અંદાજે ૭.૫૦ લાખથી વધુ લોકોને પરોક્ષ રોજગાર મળશે. આ પ્રોજેક્ટથી ગુજરાત એક મજબૂત 'ઓટો ક્લસ્ટર' તરીકે ઉભરી આવશે.

નવા પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાતના યુવાનો માટે રોજગારીની અભૂતપૂર્વ તકોનું સર્જન થશે. આ એક પ્રોજેક્ટ દ્વારા પ્રત્યક્ષ રીતે અંદાજે ૧૨ હજારથી વધુ લોકોને સીધી નોકરી અને રોજગારના અવસરો પ્રાપ્ત થશે. આ માત્ર આંકડાકીય વિકાસ નથી, પરંતુ હજારો પરિવારોના આર્થિક સ્તરને ઊંચું લાવવાનો એક નક્કર પ્રયાસ છે. કુશળ અને અર્ધ-કુશળ એમ બંને પ્રકારના માનવબળની જરૂરિયાત ઊભી થતા સ્થાનિક સ્તરે કૌશલ્ય વર્ધનને પણ મોટું પ્રોત્સાહન મળશે, જેનાથી રાજ્યના માનવ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકશે.

આ પ્રોજેક્ટની અસર માત્ર મારુતિના પ્લાન્ટ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ આસપાસના વિસ્તારોમાં પણ ઔદ્યોગિક તેજી જોવા મળશે. આ મેઈન પ્લાન્ટને સપોર્ટ કરવા માટે અસંખ્ય એન્સીલીયરી યુનિટ્સ અને

(અનુ. આઠમા પાને)

# કુવાડવા ગામ નજીક વિદેશી દારૂ અને બીયર ભરેલો ટ્રક ક્રાઈમ બ્રાન્ચે પકડ્યો

## ૧૦,૫૬૦ બોટલ દારૂ,૩,૪૮૪ બિયરના ટીન અને ટ્રક મળી રૂ.૬૩.૮૩ લાખના મુદ્દામાલ સાથે યુ પી ના શખ્સની ધરપકડ

### દારૂ ભરેલા ટ્રકની આગળ પાછળ કારમાં પાયલોટિંગ કરતા વલસાડના ત્રણ શખ્સ પોલીસને જોઈ નાસી ગયા



**અબતક રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા કુવાડવા ગામ પાસે ગુજરાત ગેસ પંપ નજીકથી ખોટી નંબર પ્લેટ લગાવી વલસાડથી ટ્રકમાં વિદેશી દારૂની ૧૦.૫૬૦ વિદેશી દારૂની બોટલ અને ૩.૩૮૪ બિયરમાં ટીન મળી રૂ.૬૩.૮૩ લાખના મુદ્દામાલ સાથે યુપીના શખ્સની ક્રાઈમ બ્રાન્ચ ના પી.એસ.આઈ વી વી ડોડીયા ની ટીમે ઝડપી લીધો છે. જ્યારે દારૂ બિયર ભરેલો ટ્રકની કાર દ્વારા આગળ પાછળ પાયલોટિંગ કરતા વલસાડના ત્રણ શખ્સોની ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે શોધ ખોળ હાથ ધરી છે.

શહેરમાં દારૂ અને બિયરનો જથ્થો બુટલેગર દ્વારા એનકેન પ્રકારે ઘુસાડવામાં કિમિયા કરતા હોય છે, પરંતુ પોલીસની બાજ નજરથી બચવું મુશ્કેલ છે. ત્યારે રાજકોટ- અમદાવાદ હાઈવે પર ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વી વી ડોડીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોસ્ટેબલ દિલીપભાઈ બોરીચા, રાજેશભાઈ જળું અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે ને બાતમી મળી હતી કે, કુવાડવા ગામ પાસે આવેલા ગુજરાત ગેસ પંપ નજીક GJ - 23 - AW - 5219 નંબરની ખોટી નંબર પ્લેટ સાથે ટ્રક પડ્યો છે અને સાચો નંબર DD01U-9143 છે. જે આઈસર ટ્રકમાં વિદેશી દારૂ અને બીયર નો જથ્થો ભરેલો છે.

ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ કુવાડવા ગામ પાસે આવેલા ગુજરાત ગેસ પંપ પાસે પડેલા ટ્રકની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૦.૫૬૦ બોટલ દારૂ અને ૩.૩૮૪ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે ૫૩.૬૮ ની કિંમતનો વિદેશી દારૂ, બીયર અને ટ્રક મળી રૂ.૬૩.૮૩ લાખના મુદ્દામાલ સાથે યુપીના સરાયા ગુલાબ રાવ ગામના બ્રિજેશ કુમાર રામાશ્રય વર્મા નામના શખ્સની ધરપકડ કરી છે. ઝડપાયેલા શખ્સની ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે દારૂ અને બીયર અંગે પૂછપરછ કરતા તેને વલસાડથી ટ્રકમાં વિદેશી દારૂ અને બિયર , વલસાડ રહેતા સંજય પટેલ, કૌશિક પટેલ અને હાર્દિક પટેલે દ્વારા મોકલવામાં આવ્યો હતો. તેમજ વિશેષ પૂછપરછ દરમિયાન વલસાડના ત્રણે શખ્સો ટ્રકની આગળ પાછળ કારમાં પાયલોટિંગ કરતા હતા તેમજ તે જેનો ફોન નંબર આપે તેનો કોન્ટેક્ટ કરવાની સૂચના આપી હતી પરંતુ દારૂ અને બીયર બુટલેગર પાસે પહોંચે તે પહેલા પોલીસે કબ્જે કરી ત્રણે શખ્સો વિરૂદ્ધ પ્રીહીબીશનનો ગુનો નોંધી ,શોધખોળ હાથ ધરી છે. આ દરોડાની કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર ગોંડલીયા, એમ.એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી વી ડોડીયા, એ.એસ.આઈ અમિતભાઈ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા,હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ચૌહાણ, દિલીપભાઈ બોરીચા, રાજેશભાઈ જલું, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઈ કોટીલા, સંજયભાઈ રૂપાપરા, અનુજભાઈ ડાંગર અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે સહિતના સ્ટાફ બજાવી છે.

# પંજાબમાં ગાઢ ધુમ્મસના કારણે ગમખ્વાર અકસ્માત:ગુજરાતના પાંચ વ્યક્તિના મોત

## મહિલા પોલીસ કર્મી સહિત પાંચના મોત નીપજતા ભારે કરુણાંતિકા

**અબતક, રાજકોટ**

પંજાબના બઠિંડા પાસે આવેલા ગુરથાડી ગામ નજીક શનિવારની વહેલી સવારે એક અત્યંત કરુણ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાંચ મિત્રોના અકાળે મોત થતા સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. મૃતકોમાં ગુજરાત પોલીસની એક મહિલા કર્મચારીનો પણ સમાવેશ થાય છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર બનાસકાંઠાના પાંચ મિત્રો ફોર્ચ્યુનર કારમાં શિમલા પ્રવાસે ગયા હતા. પ્રવાસ પૂર્ણ કરી પરત ફરતી વખતે શનિવારે વહેલી સવારે બઠિંડાથી ડબવાલી તરફ જઈ રહ્યા હતા ત્યારે કાતિલ ઠંડી અને ભારે ધુમ્મસને કારણે કારના ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. કાર પૂરઝડપે ડિવાઈડર સાથે ભટકાતા હવામાં ઉછળી હતી અને કારનું લોખંડી પડીકું વળી ગયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં સવાર પાંચેય લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.આ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાં ગુજરાત પોલીસની મહિલા કર્મચારી અમિતા તથા તેમના ચાર મિત્રો અંકુશ, ભરત, ચેતન અને સતીશનો સમાવેશ થાય છે. આ તમામ મિત્રો બનાસકાંઠા જિલ્લાના વતની હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતા જ એસપી સિટી નરિંદર સિંહ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે પાંચેય મિત્રોના મૃતદેહોને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે. અકસ્માતની જાણ મૃતકોના પરિજનોને કરવામાં આવતા બનાસકાંઠામાં પરિવારો પર આભ તૂટી પડ્યું છે અને ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

# હે રામ.. ઘોર કળિયુગ: તસ્કરોએ મંદિરમાં પાડ્યું ખાતર

## ગુદા નજીક વસાણી મેલડી માના મંદિરે દરવાજા તોડી તસ્કરો માતાજીના દાગીના સહિત પોણા બે લાખની હતા ચોરી ગયા

**મોડી રાતથી સવાર સુધીમાં અજાણ્યા શખ્સો દરવાજો તોડી કલા કરી ગયા**

**અબતક,રાજકોટ**

ઘોર કળિયુગમાં માનવતાની માંઠી બેઠી હોય તેમ હવે તસ્કરો ધર્મસ્થળો પણ છોડતા નથી, ગુંદા નજીક નદીકાંઠે સ્મશાન પાસે મસાણી મેલડી માના મંદિરે તસ્કરોએ ચોરી કરી માતાજીના આભૂષણો સહિત રૂપિયા ૧.૯૨લાખની , મતા ચોરી લીધા ની પોલીસ ફરિયાદ નોંધાય છે.

અંગે પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા પોલીસ સ્ટેશન માં ખરેડી ગામના બાલાજી મંદિર પાસે રહેતા ખીમજીભાઈ સોમભાઈ નકુમે ફરિયાદ નોંધાવી છે કે તારીખ ૧૬/૧/૨૬ ના રાતના એક વાગ્યાથી સવારના ૬ વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરોએ ખરેડી ગામથી ગુંદા ગામ તરફ જતા રસ્તે આવેલા સ્મશાન પાસે નદીના કાંઠે મસાણી મેલડી માતાજી ના મંદિર ના દરવાજાના નખુચા તોડી અજાણ્યા શકસોએ મંદિરમાં પ્રવેશ કરી માતાજીની મૂર્તિ ઉપર રહેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ડી વી આર મળી રૂપિયા ૧.૯૨ લાખ ની ચોરી કરી લીધી હતી.વહેલી સવારે પૂજારીએ પૂજા માટે મંદિરનો દરવાજો ખોલવા જતા દરવાજો અગાઉથી જ તૂટેલો અને ખુલેલો હોવાનું જાણમાં આવતા તાત્કાલિક તેમણે ભાવિકોને જાણ કરી હતી અને મંદિરમાં તપાસ કરતા માતાજીના આભૂષણો અને રોકડની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે કુવાડવા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૩૦૫/૩૩૧/૪ મુજબ સક્ષો વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

મંદિરના આભૂષણોની ચોરીની આ ઘટના ને લઈને ભાવિકોમાં ભારે કચવાર ઉભો થયો છે આ અંગે પીએસઆઈ એ બલોચ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને આસપાસના સીસીટીવી કેમેરા અને સાહેબોની પૂછપરછ કરી તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે

# આયુર્વેદ-હોમિયોપેથીમાં પ્રવેશની મુદત ૨૩મી સુધી વધારાઈ

## સ્થાનિક કક્ષાએ આયુર્વેદમાં ૯૩ અને હોમિયોપેથીની ૫૬ મળીને ૧૩૯ બેઠક માટે સોમવાર સુધી ચોઈસ ફિલિંગ

**અબતક, રાજકોટ**

આયુષ મંત્રાલય અને નેશનલ કમીશન ઓફ હોમિયોપેથી દ્વારા આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ પૂર્ણ કરવાની મુદત ૨૨ ડિસેમ્બર હતી તે વધારીને ૨૩મી જાન્યુઆરી કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ મુદત વધારવામાં આવતાં રાજ્યમાં આ બન્ને કોર્સની મળીને ખાલી પડેલી ૧૩૯ બેઠકો માટે હવે નવેસરથી રાઉન્ડ કરવાની જાહેરાત કરીને ચોઈસ ફિલિંગનો કાર્યક્રમ જાહેર કરાયો છે. ધો.૧૨ સાયન્સ પછી હોમિયોપેથી અને આયુર્વેદમાં પ્રવેશ માટેની પ્રક્રિયા હાલમાં પૂર્ણ કરી દેવામાં આવી છે. બન્ને મંત્રાલય દ્વારા ૨૨મી ડિસેમ્બર સુધીમાં પ્રવેશ પુરા કરવાની મુદત આપતાં સ્થાનિક પ્રવેશ સમિતિ સહિત સમગ્ર દેશના જુદા જુદા રાજ્યોએ પણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દીધી હતી. જોકે, હવે અચાનક આયુષ મંત્રાલય અને હોમિયોપેથી કમીશન દ્વારા પ્રવેશ પૂર્ણ કરવાની મુદત લંબાવીને ૨૩મી જાન્યુઆરી કરી દેવામાં આવી છે. જુદા જુદા રાજ્યોમાં આયુર્વેદ અને હોમિયોપેથીમાં ખાલી પડેલી બેઠકોની સ્થિતિ અને કોલેજ સંચાલકો દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ મુદત વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, મુદત વધારવાના કારણે હવે દરેક રાજ્યએ નવેસરથી રાઉન્ડ કરવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. મંત્રાલયની જાહેરાતના અનુસંધાનમાં સ્થાનિક મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા આયુર્વેદ અને હોમિયોપેથીની ખાલી પડેલી બેઠકો માટે વધારાના રાઉન્ડની જાહેરાત કરી દીધી છે. જેમાં હાલમાં આયુર્વેદમાં ૮૩ અને હોમિયોપેથીમાં ૫૬ મળીને કુલ ૧૩૯ બેઠકો ખાલી છે. આ ખાલી બેઠકો પર પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ૧૬મીથી ૧૯મીએ બપોર સુધીમાં ચોઈસ ફિલિંગ કરવા સૂચના આપવામાં આવી છે. જે ઉમેદવારોનો અગાઉ મેરિટલીસ્ટમાં સમાવેશ થયો હતો તેમને જ આ ખાલી બેઠકો ઓફર કરવામાં આવશે. એટલે કે નવેસરથી રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહી. હાલમાં જે બેઠકો ખાલી પડી છે તે જનરલ કેટેગરી છે. નીટ પ્રમાણે જનરલ કેટેગરીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ લાયક હોય તે જરૂરી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, હાલમાં જે બેઠકો ખાલી પડી છે તે અગાઉ તમામ વિદ્યાર્થીઓને ઓફર થઈ ચુકી છે, કોઈએ આ બેઠક પર પ્રવેશ ન લેતાં ખાલી પડી હતી. જોકે, પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોઇ વિદ્યાર્થીએ ખાલી પડેલી બેઠક પર પ્રવેશ જોઈએ તો ઓફર કરવામાં આવશે.

# વાંકાનેર બાઉન્ડ્રી નજીક ટ્રકે રીક્ષાને અડફેટે લેતા યુવકનું મોત

## ચોટીલાથી દર્શન કરી રાજકોટ પરત ફરી રહેલા મિત્રોને નડ્યો ભયાનક અકસ્માત: પાંચ ઘવાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી નજીક દેવાબાપાની જગ્યા પાસે હાઈવે પર ટ્રક-ટ્રેઈલરના ચાલકે રીક્ષાને ટક્કર વાગતા, રીક્ષા પલટી મારી ગયી હતી. ત્યારે રીક્ષા સવાર યુવક ઉપર ટ્રકના તોતિંગ વ્હીલ ફરી વળતા તેનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે રીક્ષા ચાલક સહિત અન્ય મિત્રો ઘાયલ થયા છે.

વાંકાનેર: ચોટીલા ખાતે દર્શન કરી રાજકોટ પરત આવી રહેલા મિત્રોને વાંકાનેર બાઉન્ડ્રી નજીક ગંભીર અકસ્માત નડ્યો હતો. જેમાં દેવાબાપાની જગ્યા પાસે પેટ્રોલ પંપ સામે હાઈવે રોડ પર ટ્રક-ટ્રેઈલર રજી. નં. જીજે-૩૯-ટીએ-૫૧૪૭ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રીક્ષાની બાજુમાંથી સાઈડ કાપીને નીકળતા રીક્ષા સાથે અથડામણ કરી હતી. ટક્કર બાદ સી.એન.જી. રીક્ષા રજી. નં. જીજે-૧૧-યુયુ-૩૬૬૫ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર ગોવિંદભાઈ સોલંકી ટ્રક-ટ્રેઈલર નીચે આવી જતા તેના ઉપરથી ટ્રકનો જોટો ફરી વળ્યો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રીક્ષા ડ્રાઈવર તેમજ રીક્ષામાં સવાર કૌશિકભાઈ, મયુરભાઈ, વિવેકભાઈ, કેતનભાઈ, ઉતમભાઈ સહિતના મિત્રોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. સમગ્ર અકસ્માતની ઘટના મામલે મૃતકના ભાઈ મોહનભાઈ બાબુભાઈ સોલંકી હાલ રહે. સાપર પુલથી આગળ રાજકોટ મૂળરહે. ચીખલી તા.ઉના જી.ગીર સોમનાથ વાળા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# રાપરના પલાસવા ગામે બાઈક સ્લીપ થતા યુવાનનું મોત

**અબતક, રાજકોટ**

કચ્છના રાપર તાલુકાના પલાસવા ગામ નજીક બાઈક સ્લીપ થવાના બનાવમાં ઘવાયેલા પલાસવાના યુવાનનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતા યુવાન પુત્રના અકાળે અવસાનથી પરિવાર હતપ્રત બની ગયું હતું.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાપર તાલુકાના પલાસવા ગામે રહેતા અને કુટુંબિક ખેતી કામ કરતા જીતેન્દ્રભાઈ ભીખાભાઈજોગું ૧૮ ગઈ તારીખ ૧૨ જાન્યુઆરીએ રાત્રે ૮/30 કલાકે ભરતભાઈ જેમલભાઈ જોગુંસાથે મોટર સાયકલ પર ખેતરના ડીઝલ પંપ માટે ડીઝલ લઈને પલાસવા ગામે આવતા હતા ત્યારે ગામ નજીક જ મોટરસાયકલ સ્લીપ થઈ જતા જીતેન્દ્રભાઈ જોવું ને માથામાં ઈજા થતાં પ્રથમ સામખયારી ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે આદિપુર હોસ્પિટલમાં લઈ જવા આવ્યા હતા જ્યાં તબિયત બધું બગડતા બેભાન હાલત માં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા જ્યાં તેમનું આજે મોડી રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માત માં તેમની સાથે બાઈક સવાર ભરતભાઈ જેમલભાઈ જોગું ને પણ ઈજા થઈ હતી મરનાર જીતેન્દ્ર ભીખાભાઈ જોગું ત્રણ ભાઈ અને એક બહેનના બીજા નંબરના હતા ઘવાયેલા જીતેન્દ્રભાઈ નું અવસાન થતાં સિવિલ હોસ્પિટલમાં પરિવારજનોએ કરુણ વીલાપ કરી મૂક્યો હતો, આ અંગે આડેસર પોલીસે તપાસ હાથ ધરી છે.

# ધ્રોલ નજીક ટેન્કર અને કાર અથડાતા યુવાનનું મોત

**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ-રાજકોટ હાઈવે ફરી રક્તરંજિત બન્યો છે. જાયવા અને લૈયારા ગામ વચ્ચે આવેલી આશાપુરા હોટલ પાસે ટેન્કર અને કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ધ્રોલના આશાસ્પદ યુવાનનું કરુણ મોત નીપજ્યું છે.

પ્રાથમિક વિગતો મુજબ ધ્રોલના રહેવાસી અરબાઝ મુસ્તાકભાઈ તાયાણી (ઉંમર ૨૬) પોતાની ક્રિયા સેલટોસ કાર લઈને રાજકોટથી ધ્રોલ તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન માર્ગમાં કાળમુખા ટેન્કર સાથે તેમની કારની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અરબાજભાઈને તાત્કાલિક ધ્રોલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.આ ઘટનાની સૌથી દુઃખદ પાસું એ છે કે, મૃતક અરબાઝ તેમના માતા-પિતાના એકના એક પુત્ર હતા. અરબાઝના ઘરે ૧૫ દિવસ પહેલા જ પુત્રીનો જન્મ થયો હતો. સમગ્ર પંથકમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક યુવાન ધ્રોલ ખાતે ઓલા ઈલેક્ટ્રીક બાઈક શોરૂમમાં નોકરી કરતા હતા અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ ધ્રોલ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ તથા રવિરાજસિંહ જાડેજા સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનું પીએમ કરાવી અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એક માસૂમ બાળકીએ પિતાની અને માતા-પિતાએ પોતાના એકમાત્ર દીકરાની છત્રછાયા ગુમાવી છે.

# ડી.જે.નો ધંધાર્થી જયેશ ચૌહાણ વિદેશી દારૂ સાથે ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરના મનહર પ્લોટ શેરી નંબર ૧૬મા શખ્સ વિદેશી દારૂ સાથે ઉભો છે. જેથી એ ડિવિઝન પોલીસ બાતમી સ્થળે પહોંચી રૂ.૧૪.૯૦૦ની કિંમતની વિદેશી દારૂની ૪૮ બોટલ સાથે વિજય પ્લોટ ૦૬માં રહેતો અને ડી જે ઓપરેટિંગનો ધંધો કરતો જયેશ અશોકભાઈ ચૌહાણ નામના શખ્સને ઝડપી લીધી છે. જયારે ઝડપાયેલા શખ્સને દારૂ અંગે પૂછપરછ કરતા તેને દારૂ નંદા હોલ પાસે ખોડીયાર નગર સોસાયટી શેરી નંબર ૦૧ માં રહેતો આકાશ કાનાભાઈ ગોહેલ પાસેથી વેચવા માટે લાવ્યો હોવાની કબૂલાત આપી હતી. એ ડિવિઝન પોલીસે આકાશ ગોહેલ વિરુદ્ધ ગુનો નોંધે તેની શોધ ખોળ હાથ ધરી છે.

**-: જાહેર નિવિદા :-**

પાલીતાણા તાલુકાના પીથલપુર ગ્રામ પંચાયતના હસ્તકનું જુનું અને જર્જરીત ગ્રામ પંચાયત મકાન તોડી પાડી જગ્યા ખુલ્લી કરવા જાહેર હરાજી તા.૨૦/૧/૨૬ને સવારે ૧૧ કલાકે પીથલપુર ખાતે યોજવામાં આવશે. રસ ધરાવતી પાર્ટીએ નોટીસ બોર્ડ પર લગાવેલ નિયમો વાંચી ભાગ લઈ શકે છે. હરાજી અંગે અંતિમ સત્તા/નિર્ણય ગ્રામ પંચાયતને આધિન રહેશે.

લી.
વહીવટદાર, પીથલપુર ગ્રામ પંચાયત

**જાહેર નોટીસ**

ફોજ.કેસ.નં. ૫૭૭/૨૦૨૪ મુ.તા.તા.૧૦-૨-૨૬
ફરિયાદીના વકીલ જયદિપસિંહ ગોહિલ
મુસ્તુફા અલીભાઈ લોડીયા
રહે. પરીમલ સોસાયટી ઘેટી રીગ રોડ, પાલીતાણા, જી.ભાવનગર .....ફરીયાદી
વિરૂધ્ધ
(૧) ડાંગર રાહુલ ભનુભાઈ
ઠે. માયધાર, પાર, લાપાળીયા રોડ, તા.પાલીતાણા, જી.ભાવનગર....આરોપીઓ
(સી.આર.પી.સી. કલમ ૮૨)
આરોપીઓને હાજર થવા ફરમાવવાનું જાહેરનામું

મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ છે કે, (૧) ડાંગર રાહુલ ભનુભાઈ, રહે. માયધાર, લાપાળીયા રોડ,તા.પાલીતાણા, જી.ભાવનગર, ગુજરાત સદર આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે. અને તે ઉપરથી કાઢેલા ધરપકડ વોરંટ ઉપર એવો શેરો થઈ આવેલ છે કે સદરહું આરોપી મળી આવતા નથી અને મને ખાતરી કરાવવામાં આવેલ છે કે, સદરહું આરોપી ફરાર થયેલ છે.

આથી જાહેરનામું કાઢીને ફરમાવવામાં આવે છે કે, સુદરહું આરોપી સદર ફરીયાદનો જવાબ આપવા તા.૧૦-૨-૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આ કોર્ટ સમક્ષ પાલીતાણા મુકામે હાજર થવું.

આજરોજ તા. ૨૮ માહે. નવેમ્બર સને ૨૦૨૬ના કોર્ટનો સહી સીકકો કરી આપ્યો

કોર્ટનો સીકકો

(એમ.આર.ધોડી)
એડી.ચીફ. જયુડી. મેજી.
પાલીતાણા

**જાહેર નોટીસ**

ફોજ.કેસ.નં. ૫૭૮/૨૦૨૪ મુ.તા.તા ૧૦-૨-૨૬
ફરિયાદીના વકીલ જયદિપસિંહ ગોહિલ
મુસ્તુફા અલીભાઈ લોડીયા
રહે. પરીમલ સોસાયટી ઘેટી રીગ રોડ, પાલીતાણા, જી.ભાવનગર .....ફરીયાદી
વિરૂધ્ધ
(૧) ડાંગર રાહુલ ભનુભાઈ
ઠે. માયધાર, લાપાળીયા રોડ, તા.પાલીતાણા, જી.ભાવનગર .....આરોપીઓ
(સી.આર.પી.સી. કલમ ૮૨)
આરોપીઓને હાજર થવા ફરમાવવાનું જાહેરનામું.

મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ છે કે, (૧) ડાંગર રાહુલ ભનુભાઈ, રહે. માયધાર, લાપાળીયા રોડ, તા.પાલીતાણા, જી.ભાવનગર, ગુજરાત સદર આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે. અને તે ઉપરથી કાઢેલા ધરપકડ વોરંટ ઉપર એવો શેરો થઈ આવેલ છે કે સદરહું આરોપી મળી આવતા નથી અને મને ખાતરી કરાવવામાં આવેલ છે કે, સદરહું આરોપી ફરાર થયેલ છે.

આથી જાહેરનામું કાઢીને ફરમાવવામાં આવે છે કે, સદરહું આરોપી સદર ફરીયાદનો જવાબ આપવા તા.૧૦-૨-૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આ કોર્ટ સમક્ષ પાલીતાણા મુકામે હાજર થવું.

આજ રોજ તા-૨૮ માહે:નવેમ્બર સને ૨૦૨૫ કોર્ટનો સીકકો કરી આપ્યો

કોર્ટનો સીકકો

(એમ.આર.ધોડી)
એડી.ચીફ. જયુડી. મેજી.
પાલીતાણા

LUCKY Mycro Fine AATA CHAKKI Presents
સૌરાષ્ટ્રનું સૌથી સફળ પ્રદર્શન
આજથી શુભારંભ
સમય : બપોરે ૩ થી રાત્રે ૧૧ સુધી
Trade Fair 2026
9 DAYS UNLIMITED SHOPPING FUN N'JOY
તા. : ૧૭ થી ૨૫ જાન્યુઆરી, રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ.
Kothari PHILIPS | Whirlpool શ્રીજી ઈલેક્ટ્રોનિક્સ | WAGH BAKRI | FABER | KESAR | Zed Black | LE TRÉSOR | HDL Health Matters | PLASTI wood india | RERUN | Hawkins | HATHI MASALA | ZAF'S | TALOD INSTANT MIX | GULAB | DWIJA GALLERY
Ram Bandhu | Zoopy | Mahalaxmi | Badshah | Zenuts | DCUBE The Health and Diet Store | YObykes | DELTA | Jyoti | Oxygen | DHRUVA MASALA | RIYA PREMIUM MUKHWAS | vasant | SAURASHTRA Developers Pvt. Ltd. | VENUE | AMULYA SOLAR WATER HEATER | spice nest | EUREKA FORBES | PINNOVATE | iPosit | Daylove PURA DIN PYAAR SE! | શ્રીતેજ મસાલે | અક્ષરમ સીંગતેલ | TANNA BIO CARE | PediaSure | SINGER | SunPure SOLAR WATER HEATER | Sarvasva Prints | Vedicway | DHANSHREE | BABS | LIC DILIP B.MOLIYA 9426677679 | DHOLERA | Shakti | Amar Honey | SARVA | KAKKAD'S PICKLES | Vediqura | VASU Healthcare | ashmika hair elixir
Special Dom By INDIA IBNG CONNECT
ફુડ ફેસ્ટીવલ | સદ્દગુરૂ કેટરીંગ | SHREEJI MARKETING House of Purity | શિવાંશ LIVE SWEET
Handloom & Handicraft Stalls Managed by SAGAR EVENTS
Media Partner: સાંજ સમાચાર | Organized by: BEST EVENTS M. 98981 00303 | Channel - Media Partner: અબતક CHANNEL | Promotional Partner: DeoDap | Out Door Media Partner: GLOBAL publicity | Social Media Partner: oyee RAJKOT | iTV Partner: gujaratitv.com +91 99241 30338

## તંત્રી લેખ

# સ્ટાર્ટઅપમાં ગુજરાતનો ડંકો

રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું છે.

વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨ બાદ તાજેતરમાં જ જાહેર થયેલા વર્ષ ૨૦૨૪ના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પણ ગુજરાત અવ્વલ રહ્યું છે.સ્ટાર્ટઅપ્સને વેગ આપવા વિશેષ પહેલ કરીને રાજ્યમાં 'સ્ટાર્ટઅપ પોલિસી' અમલમાં મૂકી છે

ગુજરાત ઔદ્યોગિક નીતિ હેઠળ રાજ્ય સરકારે ૪૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સને અંદાજે રૂ. ૬૫ કરોડની નાણાકીય સહાય આપી છે. આજે ગુજરાતમાં ૧૬ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેમાં ૨૦૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓ, ૮૫૦થી વધુ મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ તથા શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં ૩૫૦થી વધુ પાયાના સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા વિચારોને પ્રોડક્ટમાં રૂપાંતરિત કરવા માટે રાજ્યમાં ૧૮૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને નોડલ સંસ્થાઓ પણ કાર્યરત છે.રાજ્યના વિદ્યાર્થીઓમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦' હેઠળ ૫ વર્ષ માટે રૂ. ૩૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના સ્કૂલથી લઈને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓને આર્થિક મદદ પૂરી પાડશે. માત્ર અમદાવાદ કે ગાંધીનગર જ નહીં, પણ સુરત, વડોદરા, રાજકોટ અને જામનગર જેવા શહેરો પણ હવે સ્ટાર્ટઅપના મુખ્ય કેન્દ્રો બન્યા છે. રાજ્ય સરકાર આગામી સમયમાં અન્ય શહેરોમાં પણ નવા આઈ હબ કેન્દ્રો સ્થાપવાનું આયોજન કરી રહી છે. રાજ્ય સરકારની વિશેષ પહેલના પરિણામે ગુજરાત ઉદ્યોગ સાહસિકતાનું આદર્શ રાજ્ય બન્યું છે અને યુવા વર્ગને નવી તકો મળી રહી છે.

# સરગમ કલબના હોદેદારોએ હરિદ્વારમાં શાસ્ત્રોકત વિધીથી ૨૫૦૦ અસ્થિઓનું કર્યુ વિસર્જન

**અબતક, રાજકોટ**

સરગમ કલબના ઉપક્રમે હરિદ્વાર મુકામે ગંગાઘાટ ઉપર હરકીપૌડી અસ્થીઘાટ ઉપર રામનાથપરા મુક્તિધામમાં લાકડા વિભાગ તેમજ વિદ્યુત વિભાગના કુલ ૨૫૦૦ વ્યક્તિના અગ્નિદાહ અપાયેલ તે તમામના ગંગા નદીમાં સરગમ પરિવારના લોકો એ દરેકના વ્યકિતગત નામ લઈ અસ્થી પધરાવેલ ત્યારબાદ ત્યાં સાધુ સંતો ને ભોજન તેમજ ચા પીવડાવેલ. તેમજ ગંગા નદી માં સ્નાન કરીને પૂણ્ય પ્રાપ્ત કરેલ આ માટે સરગમ ક્લબ નાં કમિટી મેમ્બરો પોતાના સ્વખર્ચે અસ્થી વિસર્જન કરવા ગયા હતા.

સરગમ ક્લબના હોદેદારો એ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોકત વિધીથી અસ્થિ નું પુજન કરીને ગંગા ઘાટમાં અસ્થિ પધરાવેલ ગુણવંતભાઈ ડેલાવાળા આ સેવાકીય કામ માટે



ગુણવંતભાઈ ડેલાવાળા માર્ગદર્શન હેઠળ કમિટી મેમ્બરની ટીમ રમેશભાઈ અકબરી, કનૈયાલાલ ગજેરા , જયસુખભાઈ ડાભી, અનવરભાઈ ઠેબા, કિરીટભાઈ ગજેરા, મનોજભાઈ અનડ્કટ, જયેશભાઈ કાટકોરીયા તેમજ અલ્કાબેન ધામેલિયા, હેતલબેન થડેશ્વર, દિવ્યાબેન ઉમરાણીયા, નિશાબેન ખંધેડીયા ઉપસ્થિત રહ્યા હતા.


# સ્વામી પરમાત્માનંદજી આર્ષ વિદ્યા મંદિરના છાત્રોને ધાર્મિક ગ્રંથોનું ઊંડાણપૂર્વક અધ્યયન કરાવશે

## આર્ષ વિદ્યા મંદિર ખાતે ૧૯ ફેબ્રુઆરીથી 'વેદાંત અભ્યાસ કોર્સ'નો પ્રારંભ: રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ

**અબતક, રાજકોટ**

આર્ષ વિદ્યા મંદિર, રાજકોટ દ્વારા આધ્યાત્મિક જ્ઞાન ફેલાવવા માટે વેદાંત અભ્યાસ કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ ૧૨ મહિના ચાલનારો સંપૂર્ણ સમયનો અભ્યાસક્રમ તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ગુરુવારથી શરૂ થશે. આ કોર્સ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને તેનો સંપૂર્ણ અભ્યાસ હિન્દી ભાષામાં આપવામાં આવશે.

આ અભ્યાસક્રમમાં મહત્વપૂર્ણ ધાર્મિક ગ્રંથોનું સરળ અને ઊંડાણપૂર્વક અધ્યયન કરાવવામાં



આવશે. તેમાં ભગવદ્ ગીતા અધ્યાય ૫ અને ૬, ઈશાવાસ્ય ઉપનિષદ તથા કઠોપનિષદ અને વિવેકચૂડામણિમાંથી પસંદ કરેલા મંત્રો શીખવવામાં આવશે. સાથે સાથે સંસ્કૃત ભાષામાં અભ્યાસ અને મંત્રોચ્ચારણનું માર્ગદર્શન પણ આપવામાં આવશે.

આ સમગ્ર કોર્સનું માર્ગદર્શન સ્વામી પરમાત્માનંદજી આપશે. પૂજ્ય સ્વામીજી આધ્યાત્મિક ક્ષેત્રના પ્રતિષ્ઠિત આચાર્ય છે જે ખૂબ સરળ ભાષામાં દરેક વિષયો સમજાવવાની તેમની ખાસ શૈલી ખૂબ લોકપ્રિય છે.

આ શિબિરમાં પ્રવેશ માટે અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઈચ્છુક વિદ્યાર્થીઓ નીચે આપવામાં આવેલી લિંક દ્વારા ઓનલાઈન અરજી કરી શકે છે અને વધુ માહિતી માટે મો. +૯૧ ૯૫૧૦૧ ૨૪૩૯૪ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# અરવિંદભાઈ મણીયાર રીસર્ચ સેન્ટર દ્વારા સોમવારે 'સેવા સેતુ સંગમ-૨' કાર્યક્રમ

## કેન્સર, ડાયાબિટીસ, ઓબેસિટી જેવી બિમારીઓ અંગે માર્ગદર્શન અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ઝડપથી વધતાં ગંભીર આરોગ્ય પ્રશ્નોને ધ્યાનમાં રાખી અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર તેમજ બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત સેવા સેતુ પ્રોજેકટ દ્વારા 'સેવા સેતુ સંગમ-૨- કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૭:૦૦ કલાકે, હોટલ પેટ્રીયા સ્યુટ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે યોજાશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રાજકોટ શહેરમાં વધી રહેલા કેન્સર, ડાયાબિટિસ, ઓબેસિટી, આંખના રોગો, હૃદયરોગ, થેલેસેમિયા તથા કબજિયાત જેવા આરોગ્ય સંકટ પર વિગતવાર ચર્ચા કરીને તેના સ્થાયી અને વ્યવહારુ ઉકેલ તરફ માર્ગદર્શક પ્લેટફોર્મ ઊભું કરવાનો છે. કાર્યક્રમમાં આ ક્ષેત્રના જાણીતા અનુભવી ડોકટરો તથા આરોગ્ય વિશેષજ્ઞો દ્વારા રાજકોટમાં આ બીમારીઓનું વર્તમાન પ્રમાણ, હાલ ચાલતી સારવાર પદ્ધતિઓ, તેમજ ભવિષ્યમાં આ સમસ્યાઓને નાબૂદ કરવા માટે ક્યાં પ્રકારની નીતિ, યોજનાઓ અને સામૂહિક પ્રયાસોની જરૂર છે તેના પર પ્રેઝન્ટેશન આપવામાં આવશે. ત્યારબાદ તમામ સેવાભાવી સંસ્થાઓ સાથે સંયુક્ત વિચારણા કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં રાજકોટની અંદાજિત ૩૫૦ થી વધુ સેવાભાવી સંસ્થાઓ, ટ્રસ્ટો અને સામાજિક સંગઠનો ભાગ લેશે, જેના દ્વારા રાજકોટને 'હેલ્પી સીટી' બનાવવાની દિશામાં એક ઐતિહાસિક પહેલ શરૂ હતી. ડો. ખ્યાતિ વસાવડા અને દીપ શુક્લ, અપૂલ દોશી, ડો. જયેશ પરમાર અને ડો. બ્રિજ તેલી સહિતના શ્રેષ્ઠીઓ માર્ગદર્શન આપશે.

આ દરમિયાન મેયર નયનાબેન પેઢડીયા, રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય), ડો. કથીરિયા (મેનેજીંગ ટ્રસ્ટી) હરેશભાઈ વોરા (જૈન શ્રેષ્ઠી), જગદીશભાઈ કોટડીયા (ફાલ્કન પંપ), જેવા પ્રતિષ્ઠિત મહાનુભાવો હાજરી આપશે.

# વિવેકાનંદ યુથ કલબને મળ્યું ૧૮૬મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

મોઢ વણિક સમાજ રાજકોટના પૂર્વ પ્રમુખ સ્વ. મનુભાઈ શાંતિલાલ દોશીના પત્ની ઉષાબેનનું અવસાન થતા પુત્ર સંજયભાઈ તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે. સ્વ. ઉષાબેન ના ચક્ષુનું દાન વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી ચક્ષુદાન જાગૃતિ અભિયાન સમિતિના સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું તે માટે ડો. ધર્મેશભાઈ શાહએ સેવા આપી હતી. સંસ્થાએ દોશી પરિવારનો આભાર માનેલ સંસ્થા દ્વારા આ ૧૮૬ મું ચક્ષુદાન છે. ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# પ્રશાંત આર. સિંધવનો આજે જન્મદિવસ



રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના મંત્રી રાજેનભાઈ કે. સિંધવના પુત્ર પ્રશાંતભાઈ આર. સિંધવનો આજે જન્મદિવસ છે. રાધે વિદ્યાલયના સંચાલક છે તેમજ જય મહાવીર હનુમાન ચેરીટેબલ ટ્રસ્ટના સહમંત્રી છે. અને અને ધાર્મિક કાર્યો સાથે સંકળાયેલા છે. તેઓ પોતાના ૩૫ વર્ષ પૂર્ણ કરીને ૩૬મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. જન્મ દિવસ નીમીતે સરકારી બાળકોની હોસ્પિટલમાં ફુટ બિસ્કીટનું વિતરણ કરેલ છે. તેઓ પોતાના જીવનમાં હંમેશા આગળ વધતા રહે તેવી શુભેચ્છાઓ મો. નં. ૯૯૦૪૦ ૮૬૭૦૭ પર વરસી રહી છે.

# પારસધામ દેરાસરના ખજાનચી નિતેશ શાહનો જન્મદિવસ



સેવાપ્રેમી નિતેશભાઈ શાહનો આજે જન્મદિવસ છે. તેમણે ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. કૃષ્ણનગર શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય નાં કન્વીનર, પારસધામ દેરાસરના ખજાનચી, કાલાવડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ વિમલનાથ દેરાસર, વાસૂપૂજ્ય જિનાલય, મુનીસુવ્રત સ્વામી, શાસ્ત્રીનગર જિનાલય, જયાનંદ ધામ રાજકોટ અવધ રોડ, એટલાન્ટિસ હિલ્સ નાં ટ્રસ્ટી તરીકે તેઓ જવાબદારી સંભાળી રહયા છે. પ્રાર્થના જૈન યુવક મંડળમાં શરૂઆત થી જ તેઓ સેવા આપી રહ્યા છે. જૈન અગ્રણીઓ, જૈનેતરો તથા શ્રેષ્ઠીઓ દ્વારા તેમના નિતેશભાઈ શાહ નાંમો. ૯૭૨૪૮૨૦૨૧૬ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# મીડિયા કર્મીઓની ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનો કાલથી પ્રારંભ

## ૧૦ ટીમો વચ્ચે જામશે ખરાખરીનો જંગ: કલમની સાથે બેટ-બોલ ઉપર હાથ અજમાવશે મીડિયા કર્મીઓ

**અબતક, રાજકોટ**

રાજકોટ મીડિયા ક્રિકેટ કલબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સિઝન ક્રિકેટ ટૂર્નામેન્ટ સ્ટાર્ટ થવા જઈ રહી છે. આ વર્ષે ૧૮ જાન્યુઆરી ૨૦૨૬થી રાજકોટ મીડિયા ક્રિકેટ કલબ ટૂર્નામેન્ટ શરૂ થશે જેમાં ૧૦ અલગઅલગ ટિમ ભાગ લેશે. આ ૧૦ ટિમ પૈકી શહેરના મોટાભાગના સવારના અને સાંજના અખબારો જેમ કે અબતક, કાઠીયાવાડ પોસ્ટ, દિવ્ય ભાસ્કર, ફૂલછાબ, સામના મિરર, સમય મિરર, કદમ ઈલેવન, જન પ્રતિબિંબ ઉપરાંત મીડિયા ઈલેવન અને રેસ્ટ ઓફ પ્રેસ (જેમાં મેગેઝિન્સ તથા અંગ્રેજી છાપાંઓનો બ્યુરો સ્ટાફ તેમજ એફ. એમ. રેડિયોના આર.જે. વગેરે સામેલ હોય છે) ટિમ ભાગ લેશે. રાજકોટ મીડિયા ક્રિકેટ કલબ ટૂર્નામેન્ટની સેમી ફાઈનલ તથા ફાઈનલ મેચો રાત્રી પ્રકાશમાં રમાશે અને શહેરભરના અનેક મહાનુભાવોએ સહિત ક્રિકેટપ્રેમીઓ તેનો આનંદ ઉઠાવશે. આ ટૂર્નામેન્ટમાં ૫૦ જેટલા મેચ રમાશે. આ વર્ષે યોજાનાર રાજકોટ મીડિયા ક્રિકેટ કલબ ટૂર્નામેન્ટને લઈ વિવિધ મીડિયાની ટિમમાં અનેરો ઉત્સાહ છે. બધા જ પત્રકારો તનતોડ મહેનત કરી કપ જીતવા દિવસ રાત પ્રેકિટસ કરવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ ક્રિકેટ ટૂર્નામેન્ટ માત્ર ગમ્મત ખાતર નથી હોતી. બધી જ ટીમના પ્લેયર્સ દોઢ-બે મહિના સખ્ત પ્રેક્ટિસ કરે છે. બધા જ ગંભીરતાથી રમે છે. આ ટૂર્નામેન્ટ પૂર્ણતઃ આંતરરાષ્ટ્રીય નિયમોથી રમાય છે. રાજકોટના ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાતી આ ટૂર્નામેન્ટમાં સિઝન બોલનો જ ઉપયોગ થાય છે, સ્ટેટ પેનલના અમ્પાયર્સ, સ્ટેટ પેનલના સ્કોરર્સની સેવાઓ લેવામાં આવે છે. બે ઈનિંગ વચ્ચેના બ્રેકમાં પિન્કીબેન તુષાર રાચ્છ તરફથી ચા-નાસ્તો અપાય છે. સારા ઈનામો આપવામાં આવે છે. ફાઈનલ મેચ પછી એક જમણવારનું આયોજન થશે જેમાં ઉપસ્થિત મહેમાનો ઉપરાંત દરેક ટીમના લોકો અને અન્ય અનેક મોભીઓ હાજરી આપશે. આ ટૂર્નામેન્ટ ભૂતકાળમાં અનેક વખત યોજાઈ છે પરંતુ કોઈને કોઈ કારણોસર નિયમિત થતી નહોતી. છેવટે વિવિધ મીડિયા ગ્રુપમાંથી પત્રકારોની જ એક કમિટી બનાવી છેલ્લા ૧૫ વર્ષથી આ ટૂર્નામેન્ટ નિયમિત યોજવા નિર્ધાર કરવામાં આવ્યો છે. સતત સ્ટ્રેસ નીચે કામ કરતા કર્મીઓ માટે આ આયોજન કોઈ તહેવારથી કમ નથી. સૌ ઉત્સાહભેર ભાગ લે છે અને ખેલભાવનાથી રમે છે. બોક્સ : ફાઈનલ મેચ રાત્રિ પ્રકાશમાં, ઈનામ વિતરણ બાદ ગ્રાન્ડ ડિનર આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ દર વર્ષે રાત્રી પ્રકાશમાં જ યોજાય છે. આ વર્ષે પણ ફાઈનલ ડે એન્ડ નાઈટ રહેશે. ફાઈનલ બાદ ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાશે. જેમાં રાજકોટનાં વિવિધ ક્ષેત્રોનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે. પ્રાઈઝ ડિસ્ટ્રિબ્યુશન બાદ દરેક પ્લેયર્સ માટે અને મહેમાનો માટે ગ્રાન્ડ ડિનર રાખવામાં આવશે.

# ભારત મંડપમ ખાતે ૮૫ દેશોના પ્રતિનિધિઓ ચૂંટણી વ્યવસ્થાપન પર મંથન કરશે

## ચૂંટણી પંચ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પરિષદ'નું આયોજન

**અબતક, રાજકોટ**

ભારતીય ચૂંટણી પંચ ૨૧ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરી રહ્યું છે. ભારતના ચૂંટણી પંચના નેતૃત્વમાં આઈઆઈસીડીઈએમ ૨૦૨૬ માં વિશ્વભરના લગભગ ૮૫ દેશોમાંથી લગભગ ૧૦૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ભાગ લેશે. આ પરિષદમાં લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન સામેના વૈશ્વિક પડકારો પર ઉચ્ચ સ્તરીય ચર્ચા અને વૈશ્વિક થીમ્સ, મોડેલ આંતરરાષ્ટ્રીય ચૂંટણી ધોરણો અને ચૂંટણી પ્રક્રિયા અને વ્યવહારમાં શ્રેષ્ઠ પ્રથાઓ અને નવીનતાઓમાં ભારતની વિષયોની પ્રાથમિકતાઓ પર સમર્પિત વિષયોના સત્રો યોજાશે.

# વિશ્વાસ વેલ્થ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા સોમવારે શીખો અને કમાઓ સેમિનાર

**અબતક, રાજકોટ**

વિશ્વાસ વેલ્થ ડેવલોપમેન્ટ કોર્પો. (વીડબલ્યુડીસી) દ્વારા નિવૃત કર્મચારીઓને માટે લર્ન એન્ડ અન વિષય પર વિશેષ નિઃશુલ્ક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનાર તા. ૧૯-૧ સોમવારના રોજ સાંજે ૫ કલાકે પ્રાઈડ સિગ્રેટ ૭મો માળ ઓફીસ નં. ૭૦૬/૭૦૭ રૈયા ટેલીફોન એકસચેન્જ સામે ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે યોજાશે.

સેમીનારમાં નિવૃતિ બાદ આવકના નવા અવસરો નાણાકીય આયોજન તથા આત્મનિર્ભરતા સંબંધીત માહીતી અંગે માર્ગદર્શન આપવામાં આવશે. નિવૃત જીવનમાં આર્થિક સુરક્ષા અને સ્વાવલંબન પ્રાપ્ત કરવા માટે આ સેમીનાર અત્યંત ઉપયોગી રહેશે. વધુ માહીતી તથા નોંધણી માટે મો. નં. ૯૭૨૫૬ ૬૨૪૬૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# પોરબંદરમાં સાંદીપની હરિમંદિરના આંગણે ૨૦માં પાટોત્સવનો બુધવારથી પ્રારંભ



## ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં 'મહામહોત્સવ' અંગે શ્રેષ્ઠીઓની બેઠક મળી: કાર્યક્રમની રૂપરેખા જણાવાઈ

**અબતક, રાજકોટ**

પોરબંદરના સાંદીપનિના શ્રીહરિ મંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવ તરીકેની ઉજવણીના ભાગરૂપે ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પાવન સાનિધ્યમાં સાંદીપનિ સભાગૃહમાં પોરબંદરના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. શ્રીહરિ મંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવની ઉજવણીના ભાગ સ્વરૂપે સાંદીપનિ સભાગૃહમાં આયોજિત બેઠકના પ્રારંભમાં પોરબંદરની તમામ સંસ્થાઓ અને સમાજના શ્રેષ્ઠીઓનું અને પત્રકારોનું સંસ્થાના ટ્રસ્ટી ડો. ભરતભાઈ ગઢવી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ. ભાઈશ્રીએ સાંદીપનિ વિદ્યાનિકેતનમાં ચાલતી તમામ શૈક્ષણિક સંસ્થાઓનો પરિચય આપીને શ્રીહરિ મંદિરને ૨૦વર્ષની યાત્રાનું ટૂંકમાં વર્ણન કરીને આ વર્ષે તા. ૨૧-૦૧ થી તા. ૨૫-૦૧-૨૬ સુધી આયોજિત શ્રી હરિ મંદિર પાટોત્સવ - ૨૦૨૬ મહામહોત્સવની વિશેષતા તેમજ સમગ્ર મહોત્સવના તમામ કાર્યક્રમોની રૂપરેખા વિગતવાર વર્ણવી હતી. તેમજ આ સાથે ભાઈશ્રીએ બેઠકમાં ઉપસ્થિત પોરબંદર શહેરની તમામ સંસ્થાઓ તથા સમાજના અગ્રણીઓ, સૌ પત્રકારો બંધુઓને તેમજ પોરબંદર જિલ્લાના સર્વે ભાવિકોને શ્રીહરિ મંદિર ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવમાં જોડાવા માટે આહ્વાન કર્યુ હતુ.

# પોદાર પ્રેપ દ્વારા સ્લમ વિસ્તારનાં બાળકોને રમકડા અને ચીકીનું વિતરણ

**અબતક, રાજકોટ**





પોદાર પ્રેપ અમીન માર્ગ દ્વારા દર વર્ષે મકરસંક્રાંતિ તહેવારની આસપાસ ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબ પરિવારોને ૨૫૦ થી વધારે બાળકો દ્વારા ગરમ કપડા, સ્વેટર, શાલ, ટોપી, જેકેટ, રેગ્યુલર કપડા, બિસ્કીટ, ચીકી, લાડુ, રમકડા, ટુવાલ, નેપકીન, બ્લેન્કેટ તથા જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનું વિતરણ છેલ્લા ૧૫ વર્ષથી કરવામાં આવે છે. બાળકો પોતાની ઘરેથી નવા કપડાં, રમકડા તથા ગરમ જુના કપડાં, સ્કુલ બેગ, સ્ટેશનરી, બિસ્કીટ, ચીકી, દાંતિયા, તેલ જેવી અનેક વસ્તુ લઈ આવે છે. આ તમામ વસ્તુ બાળકોના હાથેથી અલગ-અલગ ઝૂંપડપટ્ટીમાં જઈ વિતરણ કરવામાં આવે છે. પોદાર પ્રેપ અમીન માર્ગ દ્વારા બાળકોને ભારતીય સંસ્કૃતિ, સમાજની વિસંગતતા, ધર્મને લગતી માહિતી તથા દેશના વિવિધ રાજ્યોના તહેવારોનું મહત્વ પણ સમજાવવામાં આવે છે.

# રણબીર કપૂરની સાથે બોન્ડટાઈટનો ધમાકો એડહેસિવ બજારમાં હવે વાગશે એસ્ટ્રલનો ડંકો

## બોન્ડટાઈટ અને રણવીર કપૂર સાથથી ભારતીય એડહેસીવ બજારને નવી દિશા સાથે બોન્ડટાઈટને 'લકડી કા ચુંબક' તરીકે સ્થાન આપી સુથારો અને ટ્રેડ પાર્ટનર્સ માટે પસંદગી પ્રક્રિયા સરળ બનશે

**અબતક, રાજકોટ**




ભારતની સૌથી વિશ્વસનીય એડહેસિવ બ્રાન્ડ્સમાંની એક અને ૨૦ વર્ષથી વધુનો મજબૂત વારસો ધરાવતી એસ્ટ્રલ લિમિટેડની 'બોન્ડટાઈટ' હવે એક નવા અધ્યાયની શરૂઆત કરવા જઈ રહી છે. કંપનીએ તેના નવા બ્રાન્ડ કેમ્પેઈન માટે બોલિવૂડના દિગ્ગજ અભિનેતા રણબીર કપૂરને બ્રાન્ડ ફેસ તરીકે જોડવાની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક પગલાનો ઉદ્દેશ્ય બોન્ડટાઈટને ભારતીય એડહેસિવ બજારમાં એક પ્રીમિયમ 'ચેલેન્જર બ્રાન્ડ' તરીકે વધુ મજબૂત બનાવવાનો છે.રણબીર કપૂર તેમની વૈવિધ્યતા, વિશ્વાસ અને વ્યાપક લોકપ્રિયતા માટે જાણીતા છે, જે બોન્ડટાઈટના મૂળ મૂલ્યો સાથે સુસંગત છે. આ સહયોગથી બ્રાન્ડના વિવિધ એપ્લિકેશન્સ અને વિઝનમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસ ઉમેરાશે.આગામી કેમ્પેઈનનો મુખ્ય ઉદ્દેશ્ય વુડ એડહેસિવ્સ (લાકડાના ગુંદર) સેગમેન્ટ પર રહેશે. વુડ એડહેસિવ્સ ઉપરાંત, બોન્ડટાઈટ પાસે ઈપોક્સી અને સાયનોએક્રીલેટ (ઝડપી એડહેસિવ્સ) નો પણ મજબૂત પોર્ટફોલિયો છે, જે ઔદ્યોગિક અને ઘરગથ્થુ રિપેરિંગની જરૂરિયાતોને પૂરી કરે છે.સીઈઓ સૌમ્ય એન્જિનિયરિંગ જણાવ્યું હતું કે બોન્ડટાઈટે છેલ્લા ત્રણ દાયકાથી તેની ગુણવત્તા દ્વારા બજારમાં અજોડ વિશ્વાસ મેળવ્યો છે. રણબીર કપૂર સાથેની આ નવી કેમ્પેઈન ખાસ કરીને વ્હાઈટ એડહેસિવ્સ સેગમેન્ટમાં અમારી વૃદ્ધિના નવા ઉત્સાહને દર્શાવે છે. અમારું વિઝન રાષ્ટ્રીય સ્તરે એક એવી બ્રાન્ડ બનાવવાનું છે, જે કારીગરો અને ગ્રાહકોને શક્તિશાળી વિકલ્પ આપે.''કૈરવ એન્જિનિયર (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એસ્ટ્રલ લિમિટેડ) જણાવ્યું કે ''વુડ એડહેસિવ્સ અમારી શ્રેણીની કરોડરજ્જુ છે. બોન્ડટાઈટને 'લકડી કા ચુંબક' તરીકે સ્થાન આપીને અમે સુથારો અને ટ્રેડ પાર્ટનર્સ માટે પસંદગી પ્રક્રિયા સરળ બનાવી રહ્યા છીએ. રણબીર કપૂરનું જોડાણ આજના માર્કેટમાં અમને હાઈ-પરફોર્મન્સ વિકલ્પ તરીકે સ્થાપિત કરશે.''એસ્ટ્રલ લિમિટેડના ભાગ હોવાને કારણે, બોન્ડટાઈટને પાઈપ્સ, બાથવેર, વોટર ટેન્ક્સ અને કન્સ્ટ્રક્શન કેમિકલ્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં કંપનીની મજબૂત હાજરીનો વધારાનો લાભ મળશે.


# સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે સોમવારથી સંગીત સંધ્યા

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૧૯/૧/૨૬ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ઓમ મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા એક સંગીત સંધ્યા તા. ૨૧/૧/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ઓમ ઈન્ટરનેશનલ કુરિયર એન્ડ કાર્ગો દ્વારા એક સંગીત સંધ્યા તા. ૨૨/૧/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે રેડ ટાઈટન બિસ્ટ દ્વારા એક સંગીત સંધ્યા તા. ૨૩/૧/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે એકટીવિટી મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા એક સંગીત સંધ્યા તા. ૨૪/૧/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે રાજગંગા કલાવૃંદ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૫/૧/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે વનમેન સો દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, અશ્વીનભાઈ આડેસરા, બીપીનભાઈ ઠાકર, રમેશભાઈ મારૂ, ચંદ્રેશભાઈ ફીચડીયા, પ્રવીણ સીંહ, ડો. અમીતભાઈ ભટ્ટ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાના હસ્તે સાંજે નવાગામ ખાતે વિકાસ કાર્યોનું લોકાર્પણ ખાતમુહુર્ત

## ફીટ ઈન્ડિયા અંતર્ગત કાલે સન્ડે ઓન સાયકલમાં ભાગ લેશે




**અબતક, રાજકોટ**

૧૧ પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા તા. ૧૭ થી ૧૮ જાન્યુઆરીના રોજ રાજકોટ જીલ્લાના પ્રવાસ અર્થે આવનાર છે. આ પ્રવાસ દરમિયાન તેઓ તા. ૧૭ જાન્યુઆરી શનિવારના રોજ રાત્રે ૮ કલાકે ગોંડલ તાલુકાના નવાગામ ખાતે વિવિધ વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે.

તા. ૧૮મી જાન્યુઆરી રવિવારના રોજ સવારે ૭ કલાકે ફીટ ઈન્ડીયા અંતર્ગત સન્ડે ઓન સાયકલ મા ભાગ લેશે..

ત્યારબાદ સવારે૧૧ થી ૬ ગોરસ સાંસદ કાર્યાલય ખાતે પોરબંદર લોકસભા વિસ્તારના નાગરીકો તથા વિવિધ આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે.

# ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ટેલીફોનધારકો માટે સોમવારે જાગૃતિ સેમિનાર



**અબતક,રાજકોટ**

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરેટી ઓફ ઈન્ડીયા (ટ્રાય),ન્યુ દિલ્હી તથા રાજકોટ શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા આગામી તા.૧૯/૦૧/૨૦૨૬ સોમવાર સવારના ૧૦:૦૦ કલાકે જે. જે. મહેતા હાઈસ્કુલ, મું.તરઘડી,તા.પડઘરી (જી.રાજકોટ) મુકામે ટેલીફોન ધારકોની જાગૃત્તિ માટે સેમીનારનું આયોજન કરવામા આવેલ છે. આ સેમીનારમા સાયબર ક્રાઈમ સંબધેની માહિતી આ વિષયના નિષ્ણાંત પોલીસ વિભાગના ગોપાલભાઈ વિઠલાણી ખાસ ઉપસ્થીત રહી માર્ગદર્શન આપનાર છે.

સેમીનારમા ટેલીફોન સેવા આપનાર સેવા પ્રદાતા (૧) બી.એસ.એન.એલ. (૨) વોડાફોન - આઈડીયા (૩) એરટેલ (૪) જીયો વિગેરેના પ્રતિનિધીઓ ખાસ ઉપસ્થીત રહેનાર છે. આ સેમીનારમા ઉપસ્થીત રહેનાર શ્રોતાઓને ટેલીફોન સેવાને લગતી કોઈ સમસ્યા કે પ્રશ્ન હોય તો સેમીનારમા માર્ગદર્શન આપવામા આવશે.

સેમીનારમા નિવૃત આઈ.એ.એસ. અધિકારી અને શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનું પ્રદાન આપનાર શાળાના ટ્રસ્ટી બાબુભાઈ ઘોડાસરાનું શાલ ઓઢાડી સન્માન થનાર છે.

# ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે હિન્દુ સમાજ જવાબદાર: સરસંઘચાલક ડો. મોહન ભાગવત

## આરએસએસના સરસંઘચાલક ડો. મોહન ભાગવતએ ગંગાપુર અને છત્રપતિ સંભાજીનગર ખાતે આયોજિત 'હિન્દુ સંમેલન' અને 'યુવા સંમેલન'માં આપી હાજરી

**અબતક, રાજકોટ**

ગંગાપુર (છત્રપતિ સંભાજીનગર) ખાતે આયોજિત ભવ્ય 'હિન્દુ સંમેલન'માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ હિન્દુ ધર્મ, સંસ્કૃતિ અને મૂલ્યોના રક્ષણ માટે શક્તિશાળી અને ચરિત્રવાન સમાજના નિર્માણ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે ભારતના ઉજ્જવળ ભવિષ્યની જવાબદારી હિન્દુ સમાજ પર છે અને જો આપણે વિશ્વને પ્રભાવિત કરી શકીએ તેવું પરિવર્તન ઈચ્છતા હોઈએ, તો તેની શરૂઆત વ્યક્તિગત આચરણ અને સ્વભાવ બદલવાથી કરવી પડશે. આ તકે તેમણે 'પંચ પરિવર્તન'નો વિષય રજૂ કરતા સ્પષ્ટ કર્યું કે સામાજિક પરિવર્તન માત્ર વાતોથી નહીં પરંતુ પ્રત્યક્ષ કાર્ય (કૃતિ) દ્વારા જ આવશે, જેના માટે તમામ જ્ઞાતિ-વર્ગોમાં મિત્રતા અને સદ્ભાવના કેળવવી અનિવાર્ય છે.



સંમેલનમાં ઉપસ્થિત સંતોએ પણ આશીર્વચન પાઠવી સમાજને સંગઠિત રહેવા અને સામાજિક સમરસતા જાળવવા આહ્વાન કર્યું હતું. ડો. ભાગવતે આત્મનિર્ભરતાનો મંત્ર આપતા વિદેશી વસ્તુઓના સ્થાને સ્વદેશીને પ્રાધાન્ય આપવા, પર્યાવરણનું જતન કરવા અને કુટુંબમાં સંસ્કારોનું સિંચન કરવા પર ભાર મૂક્યો હતો. સંતોએ પણ જ્ઞાતિવાદને સંપૂર્ણપણે નાબૂદ કરી એકજૂથ થવા અને નવી પેઢીને વિદેશી સંસ્કૃતિના દુષ્પ્રભાવથી બચાવી સંસ્કારી પરિવાર બનાવવા પર ભાર મૂક્યો હતો, જેથી એક સુરક્ષિત અને સંપન્ન સમાજનું નિર્માણ થઈ શકે.

### વિદેશમાં મેળવેલા કૌશલ્યનો લાભ માતૃભૂમિને આપવા આહ્વાન

છત્રપતિ સંભાજીનગર ખાતે આયોજિત 'યુવા સંમેલન'માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, જ્ઞાન પ્રાપ્તિ માટે વિદેશ જવામાં કંઈ ખોટું નથી, પરંતુ તે જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ માતૃભૂમિ ભારતની પ્રગતિ માટે થવો જોઈએ. સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે એમઆઈટી કોલેજમાં યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે સ્પષ્ટ કર્યું કે સંઘ કોઈની સાથે સ્પર્ધા કે વિરોધ કરવાને બદલે એક શક્તિશાળી અને દેશભક્ત સમાજનું નિર્માણ કરવા માંગે છે, જેમાં યુવાનોની જવાબદારી અત્યંત મહત્વની છે.

# કાલે મૌની અમાવસ્યા

**અબતક, રાજકોટ**

પોષ વદ અમાસ ને રવીવાર તારીખ ૧૮ જાન્યુઆરી ના દિવસે આ દિવસ મહત્વનો રહેશે મૌની અમાસ દિવસે સવારના નિત્ય કર્મ કરી હાથ માં જળ રાખી માતા ગંગાજી યમુનાજી અને સરસ્વતી માતાનું નામ બોલવું જો ઘરમાં ગંગાજળ હોય તો તે પણ સાથે પધરાવુ અને ત્રણેય નદીઓ ના નામ બોલી ત્રિવેણી માં સ્નાન કરતા હોય તેવી ભાવના રાખવી અને સ્નાન કરવું ઉત્તમ ફળ આપનાર બનશે. આ દિવસે તીર્થો મા સ્નાન કરવું તીર્થના દર્શન કરવા શુભ ગણાય છે

ખાસ કરીને આ દિવસે મૌન વ્રત રાખવું જોઈએ અને આ દિવસે ઉપવાસ અથવા એકટાણું રહેવું. સ્નાન કર્યા પછી નિત્ય પૂજા કરી મંદિરે પીપળાની પૂજા કરવી પીપળે પાણી રેડવું પીપળાની પ્રદક્ષિણા ફરવી અને પીપળા નીચે બેસી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલવા ઉત્તમ ગણાશે. આ દિવસે કરેલ પિતૃ તર્પણ પિતૃઓને મોક્ષ ગતિ આપનાર બનશે. જે લોકોને જન્મકુંડળીમાં રાહુ પીડા હોય તો આ દિવસે એક ત્રાંબાના લોટામાં શુદ્ધ જળ ભરી તેમાં કાળા તલ પધરાવી અને શિવલિંગ ઉપર ચઢાવવું રાહુ પીડા શાંત થશે. આ દિવસે કેતુ ગ્રહનો જન્મ થયો હતો એવું માનવામાં આવે છે આથી આ દિવસે કેતુ ગ્રહ ની પૂજા કરવી ધજા ની પૂજા કરવી ગરીબોને મદદ કરવી બ્રાહ્મણો ને દાન આપવું ઉત્તમ ફળ આપનાર બનશે

**શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન મો ૯૯૨૫૬૧૧૯૭૭**

# અખંડ શક્તિ ત્રિશૂલથી અંબાજીમાં વધશે આસ્થાનો પ્રકાશ

## ઉત્તરકાશીની પવિત્ર પરંપરાની પ્રતિકૃતિરૂપે તૈયાર થયેલ ત્રિશૂલના અમદાવાદમાં દર્શન



**અબતક રાજકોટ**

અમદાવાદ ખાતે ભક્તિ અને આસ્થાનું વિશેષ આકર્ષણ સર્જાયું છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર તથા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે અમદાવાદના વટવા વિસ્તારમાં ભવ્ય 'અખંડ શકિત ત્રિશૂલ'ના દર્શનનો પ્રારંભ કરાવવામાં આવ્યો. આ પ્રસંગે અમદાવાદના ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તરકાશીમાં સ્થિત ૧૫૦૦ વર્ષ જૂના પવિત્ર શક્તિ ત્રિશૂલની પ્રેરણાથી તૈયાર કરાયેલું આ ૧૬ ફૂટ ઊંચું અને આશરે ૬૦૦ કિલો વજન ધરાવતું ત્રિશૂલ આગામી સમયમાં અંબાજીના પ્રખ્યાત ત્રિશૂલિયા ઘાટ પર સ્થાપિત થનાર છે, જે અંબાજી યાત્રાધામમાં આસ્થાનું નવું કેન્દ્ર બનશે.

કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, ત્રિશૂલિયા ઘાટ અગાઉ દુર્ગમ અને અકસ્માતપ્રવણ વિસ્તાર રહ્યો છે. ત્યાં આ દિવ્ય ત્રિશૂલની સ્થાપનાથી સ્થળને આધ્યાત્મિક ઓળખ મળશે. ઉત્તરકાશીના ૧૮ ફૂટના ત્રિશૂલની આધ્યાત્મિક મર્યાદાને ધ્યાનમાં રાખીને અંબાજીમાં ૧૬ ફૂટનું ત્રિશૂલ સ્થાપિત કરાશે.ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલે આ પ્રકલ્પને બિરદાવતાં જણાવ્યું હતું કે, આ ત્રિશૂલથી અંબાજીના ગૌરવશાળી ઈતિહાસ અને શક્તિ ઉપાસનાની પરંપરાને વધુ પ્રોત્સાહન મળશે.

જય ભોલે ગ્રુપના દીપેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ ત્રિશૂલ ઉત્તરકાશીમાં માતા જગદંબા દ્વારા સ્થાપિત પ્રાચીન શક્તિ ત્રિશૂલની પ્રથમ પ્રતિકૃતિ છે. આ સમગ્ર આયોજન આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ જય ભોલે ગ્રુપ અમદાવાદના સહકારથી કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ દિવ્ય ત્રિશૂલના દર્શન વટવા સ્થિત અમદાવાદ એન્જિનિયર્સ ખાતે ૧૮ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન બપોરે ૩ થી સાંજે ૮ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. ત્યારબાદ ત્રિશૂલને અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર વિધિવત સ્થાપિત કરવામાં આવશે.

# મંગળવારથી રાજકોટ ગાંધીનગર વચ્ચે એસટીની વોલ્વો બસ દોડશે

## રાજકોટ થી સાંજે ૪:૦૦ બસ ઉપડશે અને રાત્રે ૯:૦૦ કલાકે પહોંચશે બીજા દિવસે સવારે ૭:૩૦ કલાકે ગાંધીનગરથી વોલ્વો ઉપડશે અને બપોરે ૧૨:૩૦ કલાકે રાજકોટ પહોંચશે

**અબતક રાજકોટ**

જાહેર મુસાફર જનતાની લાંબા સમયથી રહેલી માંગને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના રાજકોટ વિભાગ દ્વારા રાજકોટગાંધીનગર વચ્ચે નવીન એ.સી. સીટર બસ સર્વિસ શરૂ કરવામાં આવી રહી છે. આ સર્વિસ આગામી મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬થી નિયમિત રીતે શરૂ થશે. નવી એ.સી. સર્વિસથી મુસાફરોને સુવિધાસભર, ઝડપી અને સમયસર મુસાફરીનો લાભ મળશે.

આ નવીન સર્વિસનો ફ્લેગ ઓફ કાર્યક્રમ રાજકોટના ઢેબર રોડ સ્થિત એસ.ટી. બસ પોર્ટ ખાતે યોજાશે. કાર્યક્રમમાં રાજકોટ શહેરના ધારાસભ્ય દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહેશે.

રાજકોટગાંધીનગર એ.સી. સીટર સર્વિસ ચોટીલા હાઈવે, સાયલાલીંબડીબગોદરા, ઈસ્કોન, નેહરુનગર અને રાણીપ માર્ગે ગાંધીનગર સુધી પહોંચશે. આ સર્વિસનું ભાડું રૂ. ૪૫૨ નક્કી કરવામાં આવ્યું છે. બસ રાજકોટથી સાંજે ૪ વાગ્યે ઉપડશે અને રાત્રે ૯ વાગ્યે ગાંધીનગર પહોંચશે, જ્યારે ગાંધીનગરથી સવારે ૩:૩૦ વાગ્યે ઉપડી બપોરે ૧૨:૩૦ વાગ્યે રાજકોટ પહોંચશે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા હાલ વોલ્વો, એ.સી. સીટર તેમજ ઈલેક્ટ્રીક બસ જેવી પ્રીમિયમ સેવાઓ રાજ્યના વિવિધ મહત્વના રૂટ પર સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવી રહી છે. નવી એ.સી. સર્વિસ શરૂ થવાથી રાજકોટ અને ગાંધીનગર વચ્ચે દૈનિક મુસાફરી કરતા મુસાફરો માટે વધુ સુવિધા અને સમયની બચત થશે

# ક્યાં રોકાણ કરવું ? કાલે યોજાશે ઈન્વેસ્ટર અવેરનેસ સેમિનાર

## શેરબજાર હોય કે મ્યુચ્યુઅલ ફંડ હોય રોકાણ ક્યાં અને કેવી રીતે કરવું જોઈએ તેની માહિતી મળશે

**અબતક રાજકોટ**

આમ તો રાજકોટ સ્ટોક માર્કેટમાં હબ તરીકે માનવામાં આવે છે અને રાજકોટનું કોઈ ઘર એવું નહીં હોય કે જ્યાં સ્ટોક માર્કેટમાં રોકાણ કરવામાં આવતું ન હોય પરંતુ રોકાણ ક્યાં કરવું જોઈએ કેવી રીતે કરવું જોઈએ તેનું માર્ગદર્શન રોકાણકારોને યોગ્ય રીતે મળતું નથી અથવા તો સાચી દિશામાં તેઓ રોકાણ કરતા નથી ત્યારે ચેન્નાઈની પ્રખ્યાત જેબૂ શેર એન્ડ વેલ્થ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ પ્રથમ વખતે રાજકોટમાં આવતીકાલે સવારે ૧૦ વાગ્યે ટ્રેડિંગ એન્ડ ઈન્વેસ્ટિંગ ઉપર એક સેમિનારનું આયોજન કરી રહી છે જેમાં શેર બજાર મ્યુચ્યુઅલ ફંડ શાસ્ત્ર વગેરેની સચોટ માહિતી આપવામાં આવશે અને ત્યાં રોકાણ કરવાથી વધુ નફો થઈ શકશે તેની સાચી માહિતી આપવામાં આવશે. આ અંગે વધુ માહિતી આપતા જેબૂ શેર એન્ડ વેલ્થ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના પાર્ટનર અને કંપનીના આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ અમિત સોમાણીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે રોકાણકારો કોઈપણ ટિપ્સના આધારે રોકાણ કરી લેતા હોય છે અને ત્યારબાદ તેમનો પોર્ટફોલિયો માઈનસ માં જતો રહેતો હોય છે. ઘણા લોકો મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા હોય છે, પરંતુ ક્યાંક ફંડમાં રોકાણ કરવાથી સારું વળતર મરી શકે તેની જાણકારી મેળવતા નથી હોતા અને તેને કારણે તેમને જે વળતર મળવું જોઈતું હોય છે તે વળતર મળતું નથી . પરંતુ આ સેમિનારમાં આ અંગે સચોટ માહિતી આપવામાં આવશે. કાલે રવિવાર સવારે ૧૦ થી ૧૨:૩૦ સુધી આ સેમિનારનું આયોજન રાજકોટની હોટલ ભાભા ખાતે કરવામાં આવ્યું છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ ફ્લાવર શો અને અટલ બ્રિજની મુલાકાત લીધી

## 'ભારત એક ગાથા' થીમ આધારિત ફ્લાવર શોમાં ગુજરાતની કલા, સંસ્કૃતિ અને વિકાસ મોડેલને હિમાચલના મહેમાનોએ બિરદાવ્યો

ગુજરાતની મુલાકાતે પધારેલા હિમાચલ પ્રદેશના સાંસદો અને ધારાસભ્યોના પ્રતિનિધિ મંડળ સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો અને આઈકોનિક અટલબ્રિજની મુલાકાત લીધી હતી.



'ભારત એક ગાથા' થીમ પર આધારિત ૧૪મા ઈન્ટરનેશનલ ફ્લાવર શોની મુલાકાત દરમિયાન રાજ્યપાલ અને પ્રતિનિધિ મંડળના સભ્યોએ ફૂલોથી કંડારેલી મનમોહક કૃતિઓ નિહાળી હતી. ભારતના ઉત્સવો, નૃત્ય શૈલીઓ, બાળકોનું ભારત, શાશ્વત ભારત તેમજ ભારતની વૈશ્વિક સિદ્ધિઓને રજૂ કરતી કલાત્મક રચનાઓ જોઈ સૌએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

ખાસ કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન પામેલું લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું ફૂલચિત્ર, 'સ્ત્રી સશક્તીકરણ' થીમ આધારિત સ્કલ્પચર તેમજ યુનેસ્કો દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકે માન્યતા પ્રાપ્ત 'દિવાળી' પર આધારિત કૃતિઓ મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ફૂલ, કલા અને કલ્પનાના સંગમથી ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિને રજૂ કરતી આ કૃતિઓએ હિમાચલના મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ મુલાકાત દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનીધી પાનીએ ફ્લાવર શોના આયોજન, તેની પૂર્વતૈયારીઓ અને વિવિધ કલાત્મક કૃતિઓની તકનીકી વિગતો વિશે માહિતગાર કર્યા હતા. ફ્લાવર શોની મુલાકાત બાદ પ્રતિનિધિ મંડળે સાબરમતી રિવરફ્રન્ટ પર આવેલા આઈકોનિક અટલબ્રિજની મુલાકાત લીધી હતી અને તેના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રશંસા કરી હતી.આ પ્રસંગે લેડી ગવર્નર દર્શના દેવી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અમૃતેશ ઔરંગાબાદકર, જયેશ ઉપાધ્યાય સહિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એસબીઆઈ પેન્શનર એસોસિએશનની સાધારણ સભામાં વડીલોએ યાદગાર ગીતોની મજા માણી

**અબતક, રાજકોટ**

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગુજરાત રાજયના ૧૭ હજારથી વધુ પેન્શનરોના બનેલ બિન રાજકીય સંગઠન એસબીઆઈ પેન્શનર્સ એસો.ની શાનદાર પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા સયાજીનગરી વડોદરામાં સોના પાર્ટી પ્લોટમાં ગુજરાતભરમાંથી પધારેલ બે હજારથી વધુ પેન્શનરોની હાજરીમાં ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

વડોદરાના સુપ્રસિધ્ધ ફંકાર ગ્રુપની ગીત સંગીતની મહેફિલ યોજાયેલ. જેમાં બે કલાક સુધી જુના યાદગાર ગીતોની મજા માણી



પેન્શરો ઝુમી ઉઠયા અને ગરબા રમ્યા હતા.

પેન્શનર્સ મીટનો પ્રારંભ સુંદર પ્રાર્થના ગીત ગણેશ વંદનાથી થયેલ મંચસ્થ મહાનુભાવોનું બેઝ પહેરાવી પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિભેટ આપી તેમજ શાલ ઓઢાડી તાળીઓના ગડગડાટ વચ્ચે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમારંભમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો આમંત્રિતો તેમજ પેન્શનર્સ ભાઈઓ બહેનોનુ બેંકના સુજીતકુમાર તિવારીએ શબ્દોથી સૌને મીઠો આવકાર આપવામાં આવ્યો હતો.

સમારંભમાં બેંકના ૯૦ વર્ષથી વધુ ઉમરના વડીલોની વડીલ વંદના કરવામાં આવેલ તેમજ બે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા સાથીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

પેન્શનર્સ એસો.ની વાર્ષિક સાધારણ સભા સંગઠનના પ્રેસિડેન્ટ કોમરેડ રમેશભાઈ ચોકસીના અધ્યક્ષ સ્થાને તેમજ જનરલ સેક્રેટરી કોમરેડ કમાલ કાદરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ. જેમાં વાર્ષિક હિસાબો મંજુર ઓડિટરની નિમણુંક સંગઠનાત્મક બાબતો બંધારણીય સુધારા રાષ્ટ્રીય અને સર્કલ લેવલે ચાલતી ગતિવિધીઓ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

# કમલમની શુભેચ્છા મુલાકાત લેતાં પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ ડો.કિરીટ સોલંકી

**અબતક,રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ હોદ્દેદારોની વરણી થયાં બાદ નવનિયુકત પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ડો. કિરીટભાઈ સોલંકી એ કમલમ કાર્યાલય રાજકોટ મહાનગર ની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ તબક્કે રાજકોટના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ બુકેથી સ્વાગત કરવામાં આવેલ હતુ, આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ અને શહેર ભાજપ અનુસુચિત જાતિ મોરચા ના અધ્યક્ષ રતાભાઈ પરમારએ બુકથી સ્વાગત કર્યું હતું. પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ



મોરચાના અધ્યક્ષના સન્માન સમારોહમાં પૂર્વ સાંસદ અને રાષ્ટ્રીય અનુસુચિત જાતિ આયોગના પૂર્વ ચેરમેન રાજુભાઈ પરમારની વિશેષ ઉપસ્થિત રહી હતી અને તેમનું અભિવાદન સ્વાગત ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ દ્વારા કરવામાં આવેલ હતુ. પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષશ્રી ડો. કિરીટભાઈ સોલંકીના સન્માન સમારોહ અને શુભેચ્છા મુલાકાતમાં પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, અનુ.જાતિ મોરચાના મહામંત્રી સંજયભાઈ બગડા, અજયભાઈ વાઘેલા સહિત તમામ શ્રેણીના અનુસુચિત જાતિ મોરચાના કાર્યકર્તાઓ અને શહેરના અનુસુચિત જાતિના વર્તમાન અને પૂર્વ કોર્પોરેટરઓ, કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હેલ્થ સેન્ટરના કર્મચારીએ સાથી કર્મી પર દુષ્કર્મ આચર્યું

## પ્રેમજાળમાં ફસાવી શરીર સંબંધ બાંધ્યા: પરિણીતાએ સંબંધ રાખવાનો ઈનકાર કરતા બળજબરી કરી

લોધીકા પંથકમાં આવેલા ગામમાં હેલ્થ સેન્ટરના કર્મચારી રાજકોટમાં રહેતા પરિણીત શખસે અહીં હેલ્થ સેન્ટરમાં જ ફરજ બજાવનાર મહિલા કર્મચારીને પ્રેમજાળમાં ફસાવી તેના પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં મહિલાએ સંબંધ રાખવાની ના પાડી દીધી હોવા છતાં આરોપી બળજબરથી સંબંધ બાંધવા માટે દબાણ કરતો હોય અંતે આ અંગે મહિલા કર્મચારીએ લોધિકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે આરોપી લલિત રાઠોડ નામના કર્મચારી વિરુદ્ધ દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દુષ્કર્મના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, લોધીકા પંથકમાં આવેલા હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવનાર પરિણીતાએ લોધીકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં હેલ્થ સેન્ટરમાં તેની સાથે ફરજ બજાવનાર લલિત માનસિંગ રાઠોડ (૪૦ રહે રાજકોટ) નામના પરિણીત શખસનું નામ આપ્યું છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે અને આરોપી સાથે કામ કરતા હોય જેથી બંને વચ્ચે પરિચય થયો હતો બાદમાં બંને વચ્ચે મિત્રતા થઈ હતી. ત્યારબાદ આરોપીએ તેને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. બાદમાં પરિણીતાએ શરીર સંબંધ બાંધવાનો ઈનકાર કરી દેતા આરોપી દબાણ કરી બળજબરીપૂર્વક વારંવાર તેના પર દુષ્કર્મમાં આચર્યું હતું. આરોપીના આ ત્રાસથી અંતે કંટાળી જઈ આ અંગે પરિણીતાએ પરિવારજનોને વાત કર્યા બાદ આ મામલે લોધિકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે આરોપી સામે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી તેની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ અંગે વધુ તપાસ લોધીકા પોલીસ મથકના પીઆઇ યુ.આર. ડામોર ચલાવી રહ્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

### ડબલ એન્જિન... ફાંસીની સજા...

હકીકત મુજબ જસદણ તાલુકાના કાનપર ગામે વાડીમાં દાહોદ પંથકનો શ્રમિક પરિવાર ખેતર ભાગીયે રાખી ખેત મજૂરી કરતો હોઇ, ગત તા.૦૪-૧૨-૨૦૨૫ના રોજ શ્રમિક પરિવાર વાડીમાં કામ કરી રહ્યો હતો. ત્યારે વાડીમાં જ રમી રહેલી પરિવારની છ વર્ષ આઠ માસની બાળકીનું હવસખોર શખસે અપહરણ કરી જઇ હેવાનિયતથી અમાનુષી અને ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હોવાની ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદમાં હવસખોર ગુપ્તાંગમાં સળિયા જેવું ધારદાર હથિયાર ઘુસાવી દઇ બાળકી લોહીલુહાણ કરી નાસી ગયો હોવાનું જણાવ્યું હતું. પરિવારજનોની શોધખોળ દરમિયાન બાળકી નજીકમાંથી જ લોહીલુહાણ હાલતમાં મળી આવતા બાળકીને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની જનાના હોસ્પિટલ ખાતે ખસેડ્યા બાદ આટકોટ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી પોક્સો અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જેની તપાસમાં બાળકીની માહિતીના આધારે અમાનુષી અત્યાચાર ગુજારનાર શખ્સ મૂળ મધ્યપ્રદેશના રામસિંગ તારસીંગ ડુડરની કાનપરની સીમમાંથી ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં નરાધમે કબૂલાત આપી હતી કે, પોતે પીડિત બાળકીનો પરિવાર જે વાડીમાં મજૂરી કરે છે તેની બાજુની વાડીમાં જ પોતે પણ મજૂરી કરે છે. અહીંથી નીકળતા માસુમ બાળકી ખેતરમાં જ રમી રહી હતી. જેથી નરાધમની દાનત બગડી હતી. બાળકીને ઉઠાવી નજીકમાં જ પાણીની ટાંકી પાસે લઇ ગયો હતો અને દુષ્કર્મ ગુજારવાની કોશિશ કરી હતી. તેમાં નિષ્ફળ જતાં ઉશ્કેરાયેલા શખ્સે બાજુમાં જ પડેલ લોખંડનો એક ફૂટનો સળીયો બાળકીના ગુપ્તાંગમાં ઘુસાવી લોહીલુહાણ કરી ત્યાં જ બાળકીને મૂકી નાસી ગયો હતો. બાદ તપાસનીશ આટકોટ પોલીસ અને એલસીબી દ્વારા ખૂબ ઝડપી પુરાવાઓ એકત્ર કરી ૧૧ દિવસના ટૂંકા સમયગાળામાં અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતા ધ્યાનમાં લઈને કોર્ટે કેસ રોજબરોજ ચલાવવાનો હુકમ કરી ૬ દિવસમાં પુરાવો નોંધવાનુ કાર્ય પૂર્ણ કરી ૩૩ દિવસમાં જ સુનાવણી પુરી કર્યા પછી આરોપી સામેનો કેસ સાબિત માનીને તા. ૧૨મીએ નરાધમ રામસિંગ તારસિંગ ડુડવાને દોષિત જાહેર કરી સજા અંગે સુનાવણી તા. ૧૫ ડિસેમ્બરે રાખી હતી. જેમાં જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલે આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર કેસ હોય ગુનેગારને ફાંસીની સજા ફટકારવા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ અને દાખલા સાથે ભારપૂર્વકની રજૂઆતો અને દલીલો કરી હતી, ત્યારબાદ આજે ઉઘડતી અદાલતે સ્પેશિયલ પોસ્કો કોર્ટ જજ વી. એ. રાણાએ નરાધમ રામસિંગ તારસિંગ ડુડવાને મૃત્યુદંડ એટલે કે ફાંસીની સજાનો હુકમ કર્યો છે. સરકારની યોજના મુજબ રૂપિયા ૭ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલ રોકાયા હતા.

### એસપી...

ટીમોને એક સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, જયા સુધી નરાધમ પકડાય નહિ ત્યાં સુધી કોઈએ ઘરે જવાનું નથી. બાદ પોલીસે ૧૦૦ શખ્સોને આઈડેન્ટિફાઈ કરી ૧૦ શખ્સો પ્રબળ શંકાના દાયરામાં પોલીસે તમામ શખ્સોના ફોટોગ્રાફ લઈ પીડિત બાળકીને બતાવતા હેવાનને ઓળખી બતાવ્યો હતો. અને ફકત ૧૨ કલાકમાં જ મધ્યપ્રદેશના રેમસિંગ તેરસિંગ ડુડવા આરોપીને ઝડપી લીધો હતો. બાદ એસ.પી વિજયસિંહ ગુર્જરના સુપર વિઝન હેઠળ ધોરાજી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજને તપાસ સોંપવામાં આવી હતી. એફ એસ અધિકારી વિઝીટ કરવામાં આવી હતી. આરોપી અને ભોગ બનનાર ના મેડિકલ કરવામાં આવ્યા મેડિકલ ફોરેન્સિક દસ્તાવેજી પ્રાયોગિક ટેકનિકલ અને નજરે જોનાર સાહેબ અને પીડીતાનું સહિત પુરાવા એકઠા કરી ભારત દિવસમાં અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવ્યું હતું.

### બીએનએસ બાદ...

બીએનએસ અંતર્ગત સાત વર્ષની બાળકી પર દુષ્કર્મ કરનાર આરોપી ને ફાંસીની સજા નો ચુકાદો આપ્યો છે આમ રાજકોટ ''પોકસો''કોર્ટ ભારતીય ન્યાય સંહિતા બીએનએસ ના અમલ થકી આકરી સજા આપનાર દેશભરમાંપ્રથમ કોર્ટ બની છે.

### સરકારી વકીલો...

કરવા તારીખ ૧૫ /૧ / ૨૬થી દલીલો શરૂ કરી હતી. આરોપીનું કૃત્ય ધૃણાસ્પદ અને અતિ નિંદનીય છે, આરોપી આ પ્રકારની વિકૃતિ ધરાવતો હોય તેવું કૃત્ય તપાસ દરમિયાન ખૂલ્યું છે. પોલીસ ઉપર પણ હુમલાનો પ્રયાસ કર્યો છે. ગુપ્તાંગમાં લોખંડનો સળીયો ભરાવી વિકૃત આનંદ મેળવી ભાગી છુટયો હતો. આવા ગંભીર ગુનાને હળવાશથી ન લઈને આ કેસને એક અપવાદરૂપ ઘટના છે. સમાજમાં કુમળી બાળા ઉપરના આ પ્રકારના દુષ્કર્મ અને વિકૃતિના બનાવો વધતા જાય છે આથી બનાવોને અંકુશમાં લેવા માટે આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણીને આરોપીને દાખલા રૂપ આકરામાં આકરી સજા કરવી જરૂરી છે. આ કેસને રેરેસ્ટ ઓફ ધી રેર ગણવા અને કેસના આરોપીને ફાંસીની સજા કરવી જોઈએ તેવી દલીલો અને રજૂ કરેલા ઉચ્ચ કોર્ટના ચુકાદાઓ ધ્યાને પોક્સો કોર્ટના જજ વી. એ. રાણાએ આરોપી રામસિંગ તેરસિંગ ડુડવાને આ અતિ ધૃણાસ્પદ ગુનામાં દોષિત ઠરાવીને આજે ઉઘડતી અદાલતે ફાંસીની સજા ફટકારી હતી.

### પાંચને ફાંસી...

૨-૬-૧૯૬૫નાં રોજ કે.જે. સોની, ૩૧-૩-૧૯૬૫નાં રોજ બટુક રાઘવભાઈ રાજપુત અને ૧૧-૧૧-૧૯૬૩નાં રોજ ચુનિલાલ માધવજીભાઈ જાદવને અને શહેરના હાથીખાના રહેતા બટુક નામના શખ્સે ૧૯૬૬માં કરેલી હત્યાના ગુનામાં તેમજ ત્રણ સભ્યોની ઘાતકી હત્યા કરનાર શશીકાંત માળીને ૧૯૭૯માં ફાંસીની સજા અપાઇ હતી. જેતલસર ગામે એકતરફી પ્રેમમાં પાગલ જયેશ ગિરધર સરવૈયા નામના શખ્સને સૃષ્ટિ રૈયાણી નામની યુવતીની હત્યા કરી નાખવાના ગુનામાં અદાલતે ફાંસીની સજાના હુકમો કર્યા છે. જે કેસો અપીલમાં પેન્ડિંગ હોવાનું જાણવા મળે છે. કાનપર ગામની સીમમાં સાત વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મના કેસમાં અદાલતે બનાવના ૪૩મા દિવસે હેવાનને ફાંસીની સજાનો હુકમ કર્યો છે.

### રિલાયન્સ...

તુલનામાં પણ આમાં ૩ ટકાનો ઘટાડો થયો છે.

અમેરિકી પ્રતિબંધોના કારણે રશિયન તેલ ખરીદનાર ભારતીય કંપનીઓની સંખ્યા ઘણી ઘટી ગઈ છે. હાલ તો માત્ર ત્રણ કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ, નાયરા એનર્જી અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન જ રશિયન તેલના કાર્ગો લઈ રહી છે.

ઈન્ડિયન ઓઈલે આ મહિને દરરોજ લગભગ ૫ લાખ બેરલ તેલ લીધું છે, જે કુલ આયાતના ૪૩ ટકા છે. આ તેનો મે ૨૦૨૪ પછીનો સૌથી ઊંચો આંકડો છે અને ૨૦૨૫ની સરેરાશ કરતાં ૬૪ ટકા વધારે છે. નાયરા એનર્જીએ દરરોજ લગભગ ૪.૭૧ લાખ બેરલ તેલ લીધું છે, જે કુલ આયાતના ૪૦ ટકા છે. આ છેલ્લા બે વર્ષમાં તેનો સૌથી ઊંચો આંકડો છે અને ૨૦૨૫ની સરેરાશ કરતાં ૫૬ ટકા વધારે છે. ગયા વર્ષે યુરોપિયન યુનિયને પ્રતિબંધ લાદ્યા પછી નાયરા હવે સંપૂર્ણપણે રશિયન તેલ પર નિર્ભર છે. ભારત પેટ્રોલિયમે દરરોજ લગભગ ૨ લાખ બેરલ તેલ લીધું છે, જે ગયા વર્ષની સરેરાશ (૧.૮૫ લાખ બેરલ) કરતાં થોડું વધારે છે.

બાકીની મોટી કંપનીઓ જેમ કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (જે પાછલા વર્ષે સૌથી મોટી ખરીદદાર હતી), હિન્દુસ્તાન પેટ્રોલિયમ, એચપીસીએલ-મિત્તલ અને મેંગલોર રિફાઈનરીએ આ મહિને રશિયન તેલનો એક પણ કાર્ગો નથી લીધો.

ભારત અને ચીનના કેટલાક ખરીદદારોનું વલણ ઘટતાં રશિયન સપ્લાયરોએ તેલ પરનું ડિસ્કાઉન્ટ વધારી દીધું છે. રશિયાના મુખ્ય ઉરલ્સ ક્રૂડ તેલ પર ભારતીય બંદરો પર ડિસ્કાઉન્ટ હવે ૫-૬ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે, જે અગાઉ (અમેરિકાએ રોસનેફ્ટ અને લુકોઈલ પર પ્રતિબંધ લાદ્યા પહેલાં) માત્ર ૨ ડોલર હતું. ઈન્ડિયન ઓઈલે આ વધેલા ડિસ્કાઉન્ટનો લાભ લઈને પોતાની ખરીદી વધારી છે.

ગયા વર્ષે અમેરિકાએ ભારતની રશિયન તેલની ખરીદી પર ટીકા કરી હતી અને વધારાના ટેરિફની ધમકી આપી હતી. ઓગસ્ટમાં ભારતીય નિકાસ પર ૨૫ ટકા વધારાનો ટેરિફ લાગુ થયા પછી કેટલીક રિફાઈનરીઓએ આયાત ઘટાડી દીધી હતી. પરંતુ રોસનેફ્ટ અને લુકોઈલ પરના તાજેતરના પ્રતિબંધોએ વધુ મોટી અસર કરી છે. મોટા ભાગની ભારતીય કંપનીઓએ (નાયરા સિવાય) પ્રતિબંધિત સપ્લાયર્સના કાર્ગો લેવાનું બંધ કરી દીધું છે. રિલાયન્સે પણ રોસનેફ્ટ સાથેના કરાર હોવા છતાં તેના તેલના કાર્ગો લેવાનું બંધ કરી દીધું છે. આ બધું બતાવે છે કે અમેરિકી પ્રતિબંધોના કારણે ભારતની રશિયન તેલ પરની નિર્ભરતા ઘટી રહી છે, જ્યારે થોડીક કંપનીઓ હજુ પણ સસ્તા ભાવનો લાભ લઈ રહી છે.

### રાફેલ...

સ્થાનાંતરિત કરાશે, જેમાં ૬૦% જેટલી સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવાનું લક્ષ્ય છે. જો તમામ પ્રક્રિયા સમયસર પૂર્ણ થશે, તો વર્ષ ૨૦૩૦ થી પ્રથમ ૧૮ વિમાનોની ડિલિવરી શરૂ થઈ શકે છે.

વર્તમાન સમયમાં ચીન અને પાકિસ્તાન સાથેની સરહદી તણાવ અને બદલાતી ભૌગોલિક સ્થિતિને જોતા વાયુસેના માટે આ વિમાનો ખૂબ જ મહત્વના છે. હાલમાં વાયુસેના પાસે મંજૂર થયેલ ૪૨ સ્ક્વોડ્રનની સામે માત્ર ૨૯ સ્ક્વોડ્રન જ કાર્યરત છે. જૂના થઈ ગયેલા મિગ-૨૧ વિમાનોની નિવૃત્તિ અને તેજસ પ્રોજેક્ટમાં થઈ રહેલા વિલંબ વચ્ચે આ ૧૧૪ નવા રાફેલ વાયુસેનાની ક્ષમતામાં રહેલો મોટો ખાડો પૂરશે. આ પ્રોજેક્ટમાં નાગપુર સ્થિત દસોલ્ટ રિલાયન્સ એરોસ્પેસ લિમિટેડ ઉપરાંત ટાટા અને મહિન્દ્રા જેવી અગ્રણી ભારતીય કંપનીઓ પણ સહભાગી બને તેવી શક્યતા છે.

### અમદાવાદ પ્લેન દુર્ઘટના...

ડિવિઝન'માં પર્સનલ ઈન્જરી અને નુકસાની માટે દાવો માંડ્યો છે. વકીલ જેમ્સ હીલી-પ્રેટના જણાવ્યા કે અત્યારે કોર્ટમાં કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે, પરંતુ બંને પક્ષો વચ્ચે ખાનગીમાં વાટાઘાટો પણ ચાલી રહી છે, જેથી કદાચ ટ્રાયલ વગર જ સમાધાન થઈ શકે.

હેરડ્સમાં કામ કરતા મરિયમ (૩૫), તેમના પતિ જાવેદ (૩૭) અને તેમના બે માસૂમ બાળકો (૬ અને ૪ વર્ષ). તેઓ ઈદ ઉજવવા ભારત આવ્યા હતા. રમેશ હિરાણી (૫૧), ડાયાબિટીસ પ્રોજેક્ટ પર કામ કરતા રમેશભાઈના પરિવારે દાવો કર્યો છે. અશોકભાઈ (૭૪) અને શોભનાબેન (૭૧), જેઓ લંડનથી ભારત યાત્રા કરવા આવ્યા હતા. કેતન કુમાર શાહ (૪૩), વડોદરામાં બીમાર પિતાને મળીને પરત ફરી રહેલા કેતનભાઈના પત્ની મેઘા અને બાળકોએ ન્યાયની માંગ કરી છે. લોરેન્સ ક્રિશ્ચિયન (૩૦), પિતાની અંતિમવિધિ કરીને લંડન પરત જઈ રહેલા લોરેન્સના પત્ની આયુષીએ પણ કેસ કર્યો છે.

દરેક મૃતકના પરિવારને રૂ.૨૫ લાખનું વળતર આપવાની જાહેરાત કરી હતી. આ રકમ આખરી વળતર વખતે કાપી લેવામાં આવશે તેમ જણાવાયું હતું. એર ઈન્ડિયાએ અત્યારે વધુ કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. વિશ્વાસકુમાર રમેશ (૩૯) આ દુર્ઘટનામાં જીવિત બચેલા એકમાત્ર વ્યક્તિ છે. તેઓ હાલ લંડનના લેસ્ટરમાં છે અને સારવાર હેઠળ છે. તેઓ આ હાઈકોર્ટના કેસનો ભાગ નથી, કારણ કે તેમની અલગ કાનૂની કાર્યવાહી ચાલી રહી છે.

### બી પ્રાક...

હતો, પરંતુ દિલનૂરે કોલ રિસીવ ન કર્યો, એટલે ૬ જાન્યુઆરીએ ફરીથી વિદેશી નંબર પરથી કોલ કરવામાં આવ્યો. ફોન કરનારે પોતાની ઓળખ આરજુ બિશ્નોઈ તરીકે આપી હતી. દિલનૂરની ફરિયાદ પ્રમાણે, તેણે કોલ રિસીવ કર્યો, પરંતુ જ્યારે વાત વિચિત્ર લાગવા લાગી, તો તેણે કોલ ડિસ્કનેક્ટ કરી દીધો. આ પછી સિંગરને ધમકીભર્યો એક વોઈસ મેસેજ મોકલવામાં આવ્યો. સિંગરે આ મામલે મોહાલીમાં ફરિયાદ નોંધાવી છે. જણાવી દઈએ કે દિલનૂર બી. પ્રાક સાથે કામ કરે છે. આરજુ બિશ્નોઈ લોરેન્સ બિશ્નોઈ માટે કામ કરે છે અને વિદેશમાં છુપાઈને બેઠો છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### જિલ્લા ફરિયાદ સંકલન...

આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ભાનુબહેન બાબરીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર, આસિ. કલેક્ટર મહેક જૈન, ડી.સી.પી. ઝોન -૨ રાકેશ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર એન. કે. મૂછાર, વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જેતપુર...

અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર એન. કે. મુછાર દ્વારા કરાયું હતું.

કલેકટર કચેરીના સભાખંડ ખાતે મળેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

(ચોથા પાનાનું ચાલુ)

### ઉદય કાનગડ...

વિશ્વાસને માત્ર રાજકીય વિજય તરીકે નહીં પરંતુ એક ગંભીર અને સંવેદનશીલ જવાબદારી તરીકે સ્વીકારી, સમાજના તમામ વર્ગોને સ્પર્શતી યોજનાઓ, વિકાસ કાર્યો અને પ્રશાસનિક સંકલન દ્વારા જનહિતને પ્રાથમિકતા આપવામાં આવી છે.

'જનસેવા એ જ પ્રભુસેવા'ના જીવનમંત્રને સાકાર કરતી આ કામગીરી અંતર્ગત વિધાનસભા વિસ્તારમાં જનસેવા કાર્યાલય સ્થાપી નાગરિકોને સરકારી યોજનાઓ, દસ્તાવેજી સેવાઓ અને સમસ્યાઓના નિવારણ માટે સરળ, પારદર્શક અને સુલભ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સાથે સાથે રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટિંગ, બગીચા અને સામાજિક સુવિધાઓ જેવા વિકાસ કામો દ્વારા વિસ્તારના સર્વાંગી વિકાસને ગતિ આપવામાં આવી છે.

આ તમામ કામગીરીનું પ્રતિબિંબરૂપે ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા પોતાની ત્રણ વર્ષની જનસેવાની સફરનું વિગતવાર સરવૈયું જાહેર કરવામાં આવ્યું છે, જેમાં વિકાસ કાર્યો, લોકહિતના નિર્ણયો, જનસંપર્ક અને સરકાર સાથે સંકલન દ્વારા પ્રાપ્ત થયેલા પરિણામોનો સમાવેશ થાય છે. પ્રજાના આશીર્વાદ અને સહકારથી આગળ પણ વિકાસ અને સેવાની આ યાત્રા અવિરત ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

### પુજા હોબી સેન્ટર...

જજીસ તરીકે મહેન્દ્રભાઈ ચાવડા, રૂપાબેન બવારિયા, પ્રજ્ઞાબેન થડેશ્વર, ચલનાબેન રાઠોડ (દીવ), ડો. નિવિયા ધનેશા તથા વંદના રાજાણી સેવા આપી હતી.

આ તબકકે પધારેલા મહેમાનો કો. નિરજ ભાવસાર તથા કૃતિ - મા શારદા હોસ્પીટલ, ઉમેશભાઈ શેઠ-યુટર્ન ઓપ્ટીકલ, માધવભાઈ જસાપરા, ડો, રોનકભાઈ મણીયાર, હપંદભાઈ રૂપોરેલીયા-પ્રમુખ મધુરમ કલબ, પરેશભાઈ વાઘાણી-ઉપપ્રમુખ-મધુરમ કલબ, વિપુલભાઈ રાઠોડ તથા તમામ જજીસને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતા તથા ખાસ જુનાગઢથી બીરલાદાસ બાપુ જે યોગામાં વર્લ્ડ રેકર્ડ ધરાવે છે તેમણે પણ તેમની પ્રેરક હાજરી પુરાવી બાળકોમાં ઉત્સાહ વધાર્યો હતો.

૪ વર્ષથી ૭૦ વર્ષ સુધીના બહારગામથી આવેલા સ્પર્ધકોએ પણ સૌપ્રથમવાર મેડલ અને ટ્રોફી મેળવ્યા હતા. દીવથી ખાસ ચલનાબેન રાઠોડ અને તેની ટીમે અદભૂત પરર્ફોમિન્સ બતાવ્યું હતું.

આ સ્પર્ધાને સફળ બનાવવા માટે પુજા હોબી સેન્ટરના તમામ કમીટી મેમ્બરો તથા દીપુદીદી, ડો. પુજા રાઠોડ તથા સંચાલિકા પુષ્પાબેન રાઠોડે જહેમત ઉઠાવી હતી.

### ગાર્ડી કોલેજ...

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, વ્યાવસાયિક દ્રષ્ટિકોણ અને રોજગારક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેમ જણાવ્યું હતું.

મેનેજિંગ ડિરેક્ટર જય મહેતાના સતત માર્ગદર્શન અને સહયોગના પરિણામે સંસ્થામાં ઉદ્યોગલક્ષી તથા અનુભવાધારિત શિક્ષણને પ્રોત્સાહન મળ્યું છે, જેનાથી વિદ્યાર્થીઓની વ્યાવસાયિક ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ રહી છે.

### મારૂતિ સુઝુકી...

એમ.એસ.એમ.ઈ. એકમોની સ્થાપના થશે, જેનાથી અંદાજે ૭.૫૦ લાખથી વધુ લોકોને પરોક્ષ રોજગારી મળશે. આમ, ખોરજ અને તેની આસપાસના વિસ્તારોમાં એક આખું ઓટોમોબાઈલ કલસ્ટર નિર્મિત થશે, જે ગુજરાતના જી.ડી.પી.માં મોટો ફાળો આપવાની સાથે સાથે રાજ્યની સર્વાંગી પ્રગતિમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

(૧૨માં પાનાનું ચાલુ)

### અય્યર-બિશ્નોઈની એન્ટ્રી

એક્સેલન્સ ને રિપોર્ટ કરશે. જો તે ફિટ થશે તો તે ભારતીય ટીમમાં પાછો ફરશે. પસંદગીકારોએ ઈજાગ્રસ્ત તિલક વર્માના સ્થાને શ્રેયસ ઐયરનો પ્રથમ ત્રણ મેચ માટે ૧૫ સભ્યોની ટીમમાં સમાવેશ કર્યો છે. તિલકને ટેસ્ટિકુલર ટોર્શન થયું હતું. જોકે, તે હવે ખતરામાંથી બહાર છે અને સ્વસ્થ થઈ રહ્યો છે. તે ટૂંક સમયમાં ફિઝિકલ ટ્રેનિંગ શરૂ કરે તેવી અપેક્ષા છે.

### વિઝા ઘોંચમાં!!!

નિશ્ચિત કરવામાં આવી નથી.આમ રશીદ અને અહેમદ હાલના તબક્કે ઉપલબ્ધ નથી તેવા સંજોગોમાં ઈંગ્લેન્ડની ટીમમાં હવે માત્ર લિયમ ડાઉસન એકમાત્ર સ્પિનર રહી ગયો છે. આ સંજોગોમાં અગાઉની યોજનાથી વિપરીત જેકોબ બેથેલ અને વિલ જેક્સ પાસે હવે કામચલાઉ બોલિંગ નહીં પરંતુ વધુ ઓવર બોલિંગ કરાવવામાં આવી શકે છે. ઈંગ્લેન્ડની ટીમ ૨૨મી જાન્યુઆરીથી શ્રીલંકા સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝનો પ્રારંભ કરનારી છે. ત્યાર બાદ ટી૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડની ટીમ આઠમી ફેબ્રુઆરીએ મુંબઈ ખાતે નેપાળ સામે રમીને પોતાના અભિયાનનો પ્રારંભ કરશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### બજેટ ૨૦૨૬...

દ્વારા મંત્રીઓના પાંચ જૂથોની રચના કરવામાં આવી છે અને તારાંકિત પ્રશ્નોની સૂચના માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સભ્યઓની સુવિધા માટે પ્રશ્નોની સૂચના ઓનલાઈન અથવા ઓફલાઈન એમ બંને માધ્યમથી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સત્રની શરૂઆત પહેલા માન. અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના પ્રમુખપદે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવશે, જેમાં સત્ર દરમિયાન હાથ ધરવાના કામકાજની વિગતવાર ચર્ચા કરી તેની ભલામણો અનુસાર સભાગૃહમાં કામકાજ હાથ ધરવામાં આવશે. આ અંગેની વધુ વિગતો વિધાનસભાની નેવા વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણી એસઆઈઆરની કામગીરીના કારણે બે થી ત્રણ મહિના પાછી ઠેલાવાના સ્પષ્ટ એંધાણ વર્તાય રહ્યા છે. જેના કારણે રાજય સરકાર અને સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓને બજેટમાં ચૂંટણીલક્ષી જાહેરાત કરવાની તક મળી જશે. ગુજરાત સરકારના બજેટમાં તમામ વર્ગ અને ઝોનને રાજી રાખવાના પ્રયાસો કરવામાં આવશે.

### 'સોમનાથ સ્વાભિમાન પર્વ'...

રાજ્યના વહીવટી તંત્ર દ્વારા સોમનાથ ખાતે માત્ર ૪ થી ૫ દિવસના અત્યંત ટૂંકા સમયગાળામાં ખૂબ જ ઝડપ અને ચોકસાઈથી સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની 'ગતિશીલતા' અને કાર્યક્ષમતામાં થયેલો વધારો આ સફળ આયોજન દ્વારા સાબિત થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત સમગ્ર કેબિનેટે આ ભવ્ય સફળતા પાછળ દિવસ-રાત મહેનત કરનાર વહીવટી તંત્રની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

### ગુજરાતમાં વાઘ...

મધ્યપ્રદેશથી આવેલા વાઘે ૧૨૦કિલોમીટર વિસ્તારમાં પોતાનું સામ્રાજ્ય ઊભું કર્યું છે.

વન વિભાગ દ્વારાછોટા ઉદેપુરમાં કેમેરા ટ્રેપ દ્વારા , વાઘની છબી કેદ કરવામાં આવી. ''વાઘના સમગ્ર વાઘના પગેરા વાળા વિસ્તારમાં કેમેરા ટ્રેપ લગાવવામાં આવ્યા નથી, પરંતુ સ્ટાફે દેવગઢ બારિયામાં પગમાર્ક્સની હાજરીની પુષ્ટિ કરી છે, જે દાહોદ જિલ્લાની બહાર અને નજીકના જંગલોમાં વાઘ નીગતિવિધિ સંકેતો પ્રાપ્ત થયા તે,'' એક અધિકારીએ જણાવ્યું.

સગટલા, ડોલરિયા અને સુખી ડેમ વિસ્તાર સહિતના વિસ્તારોમાંથી વાઘ વારંવાર જોવા મળ્યો છે, જે સૂચવે છે કે તે અનેક દિશામાં આગળ વધી રહ્યો છે અને જિલ્લાઓમાં જંગલ વિસ્તારો કોરિડોરનો ઉપયોગ કરી રહ્યો છે.

વડોદરા વર્તુળના મુખ્ય વન સંરક્ષક સંદીપ કુમારે જણાવ્યું હતું કે વાઘનો વર્તમાન વિસ્તાર અગાઉના કરતા નોંધપાત્ર રીતે મોટો છે.

''વાઘનો વિસ્તાર હવે છોટા ઉદેપુર, દેવગઢ બારિયા અને સગતલામાં સુધી વિસ્તાર પામ્યો છે અને આ વિસ્તાર ૧૨૦ કિલોમીટર જેવો થવા જાય છે બીજા શબ્દોમાં કહીએ તો ગુજરાતમાં વાઘે ૧૨૦ સળ નું સામ્રાજ્ય સ્થાપવામાં સફળતા પ્રાપ્ત કરી અધિકારીઓએ વધુમાં જણાવ્યું છે કેઉનાળાની શરૂઆત સાથે તેની હિલચાલ બદલાશે. ''હા, તે પોતાનો વિસ્તાર વધારી રહ્યું છે, પરંતુ અમને અપેક્ષા છે કે તે ઉનાળા દરમિયાન રતનમહાલમાં પાછું આવશે. છોટા ઉદેપુરમાં ગોઠવાયેલ કેમેરા ટ્રેપ આ વિસ્તારમાં તેની હિલચાલ રેકોર્ડ કરી રહ્યું છે,'' તેમણે કહ્યું.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં આ વાઘ ગુજરાતમાં પહેલી વાર પ્રવેશ્યો હતો અને શરૂઆતમાં તેને રતનમહાલ અને મધ્યપ્રદેશના અલીરાજપુરમાં નજીકના એક નાના વિસ્તારમાં ટ્રેક કરવામાં આવ્યો હતો. તાજેતરમાં બે દિવસ સુધી વાઘની જાણ ન થતાં ચિંતાનો વિષય બન્યો હતો, જેમાં સંકેત મળ્યા હતા કે તે અલીરાજપુર તરફ આગળ વધ્યો છે. જોકે, ત્યારબાદ તે ફરીથી ગુજરાતમાં જોવા મળ્યો હતો.

વન વિભાગે ગામડાઓમાં વાઘની હાજરી અંગેજાગૃતિ ફેલાવવા માટે પગલાં લીધા છે, મધ્યપ્રદેશ થી ગુજરાતમાં આવીને વસેલા વાઘના સરક્ષણ અને અનુકૂળતા માટે ગણતંત્ર એ પ્રયત્નો શરૂ કર્યા છે ગુજરાતમાં હવે સિંહ દીપડાની સાથે સાથે વાઘ નું વૈભવ પણ પ્રકૃતિને પ્રાપ્ત થાય તેવા દિવસો દૂર નથી.

### ઠંડી ઘટી...

કારણે આવતા સપ્તાહથી ફરી વાતાવરણમાં પલ્ટો આવશે. ભર શિયાળે માવઠું ત્રાટકશે. ૨૨ થી ૨૭ જાન્યુઆરી દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૩ મૌસમી વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. માવઠાની દહેશતથી જગતાત ફરી ચિંતીત બની ગયા છે.

આજે અને આવતીકાલે લઘુતમ તાપમાન થોડું ઉંચુ રહેશે. દરમિયાન સોમવારથી ફરી ઠંડીનું જોર વધશે. આજે તમામ શહેરોમાં લઘુતમ તાપમાન ડબલ ડિજિટમાં પહોંચી ગયું છે. આજે સવારે અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસનું આવરણ છવાયું હતું.

### જિલ્લા વાઈઝ...

હતા. એટલું જ નહીં, ઓનલાઈન કામગીરી માટેના પોર્ટલ્સની સમયાંતરે સમીક્ષા થાય તેવી પણ તેમણે હિમાયત કરી હતી.

મહેસુલ રાજ્યમંત્રીએ નવા રચાયેલા તાલુકા મથકોએ લોકોને ઝડપી સેવાઓ મળી રહે તે માટે સરકારી કચેરીઓ ત્વરાએ કાર્યરત થાય તે માટેના અને મુખ્યમંત્રીના દિશાદર્શનમાં આગામી સમયમાં જિલ્લા વાઈઝ સમીક્ષા બેઠકો યોજવા માટેના સૂચનો આ બેઠકમાં કર્યા હતા.

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિએ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે મહેસુલી સરળીકરણના લોકહિત પગલાંઓ લીધા છે તેનો લાભ નીચે સુધી પહોંચે તેવું ક્ષમતા નિર્માણ અને તાલીમ જિલ્લાના કર્મયોગીઓને આપવાનું કામ જિલ્લા કલેકટરો ઉપાડી લે.

મુખ્યમંત્રીએ તાજેતરમાં જ એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને તાલુકા કક્ષાએ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રિફોર્મ્સની જગ્યાઓ મંજૂર કરી છે તેના પરિણામે જમીનને સ્પર્શતા પ્રશ્નોની પેન્ડન્સી ઘટે તે દિશામાં કલેકટરો ખાસ ધ્યાન આપે તે જરૂરી છે તેમ અધિક મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યુ હતુ.

આ કોન્ફરન્સમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, વરિષ્ઠ સચિવો, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે તથા જિલ્લા કલેકટરો અને મહેસુલ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** જેતપુર નિવાસી, હાલ રાજકોટ, વિનોદરાય હીરાચંદભાઈ મણીયાર (ઉં. વ. ૮૦), તેઓ ગં.સ્વ. કુસુમબેનના પતિ, રશ્મિબેન, તૃપ્તિબેન, વિરેનભાઈ (કેનેડા),ભાવેશભાઈ (એચ.ડી.એફ.સી બેન્ક)ના પિતા, અ.સૌ. મયુરીબેન, અ.સૌ. કાજલબેન(વી.એમ.સી બેન્ક)ના સસરા, ચિ. હેતાંશના દાદા, સ્વ. હેમચંદભાઈ પોપટલાલ મહેતા જાયવા વાળા ના જમાઈનું તા.૧૩-૧ને મંગળવાર ના રોજ અવસાન પામેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૯-૧ ને સોમવાર ના રોજ સવારના ૧૦ થી ૧૦:૩૦ અને પ્રાર્થનાસભા ૧૧ થી ૧૨, નેમીનાથ વિતરાગ જૈન ઉપાશ્રય, નાણાવટી ચોક, ૧૫૦રરીંગ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.ચક્ષુદાન કરેલ છે.

**રાજકોટ :** ગુર્જર ક્ષત્રીય કડિયા રાજકોટ નિવાસી સ્વ. નાથાલાલ કાળાભાઈ ટાંકના પુત્ર તેમજ રાધાબેન, નરેન્દ્રભાઈ, દીપકભાઈ, કિશોરભાઈના ભાઈ, અશોકભાઈ નાથાલાલ ટાંક (ઉ.વ.૬૦) નું તા. ૧૬-૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૭ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને લક્ષ્મીવાડી ૧૨/૩ કોર્નર નવનીત ભુવન ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મું ખાંભા (ગીર) હાલ રાજકોટ વરીયાવંશ પ્રજાપતિ સ્વ. રતિભાઈ મગનભાઈ રાખશીયા (ઉ.વ.૭૪) તે ભરતભાઈ, પેઈન્ટર પ્રફુલભાઈના પિતાનું તા. ૧૪-૧ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯-૧ ને સોમવારના રોજ સાંજે ૩ થી ૫ તેમના નિવાસ સ્થાને ૯, ચંદ્રેશનગર, અલ્કા સોસાયટી, મવડી ફાયર બ્રીગેડ પાસે, મવડી પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી કરશનભાઈ મોહનભાઈ રાદડીયા તે રમેશભાઈ, વિનયભાઈના પિતા, નિકુંજ, પરિતા, નંદિનીના દાદાનું તા. ૧૬-૧ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન વિશ્વેશ્વર મહાદેવ મંદિર, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** શ્રીમાળી બ્રાહ્મણ અમદાવાદ નિવાસી હાલ રાજકોટ નવનીતભાઈ ખેલશંકર દવે તે લતાબેનના પતિ, ધ્રુવી,ક્રિષ્નાના પિતા, સ્વ. દિનેશભાઈ, સ્વ. જગદીશભાઈ, દક્ષાબેન, ગીતાબેનના ભાઈ, પડધરી નિવાસી સ્વ. પ્રભુલાલ લક્ષ્મીશંકર ત્રિવેદી ના જમાઈ, કિરીટભાઈ, રાજેશભાઈના બનેવીનું તા. ૧૬ના અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૭ના સાંજે ૪ થી ૫.૩૦ જલેશ્વર મહાદેવ મંદિર, જલજીત સોસાયટી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** બચુભાઈ ગાંડુભાઈ શિંગાળા જે પોપટભાઈ, સ્વ. કેશુભાઈના ભાઈ, રામજીભાઈ, ભાવનાબેન ચંદુભાઈ ઉંધાડ, જયનાબેન મનીષભાઈ તંતી, પરિતાબેન શરદભાઈ ઝાલાવાડિયાના પિતા, સ્વ. જયશ્રીબેનના સસરા, મોનિકા, પૂજા, પ્રતિકના દાદાનું તા. ૧૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૯ ને સોમવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦ દરમિયાન ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઈજનેરને ફડાકા મારનાર એજન્સીને બ્લેક લીસ્ટ કરવા રિપોર્ટ: હુકમમાં શંકાસ્પદ ઢીલ

## ડીએમસી પથીક પટેલે રિપોર્ટમાં સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે કે ભવિષ્યમાં કર્મચારીઓ પર હુમલાની ઘટના અટકાવવા એજન્સીને બ્લેક લીસ્ટ કરવી જરૂરી

## રિપોર્ટના દિવસો બાદ પણ મ્યુનિ. કમિશનર દ્વારા કોઈ કાર્યવાહી ન કરતા એન્જીનિયરોમાં ભભૂકતો રોષ: ફરી ધગધગતી રજુઆત કરશે

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનના સહાયક ઈજનેરને ડીડીઈની ચેમ્બરમાં ફડાકા મારનાર પેવીંગ બ્લોક એજન્સીને કોર્પોરેશનના તમામ કામમાંથી કાયમી ધોરણે બ્લેક લીસ્ટ કરવા તપાસ સમિતિ દ્વારા રિપોર્ટ આપી દેવામાં આવ્યો હોવા છતાં મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા બ્લેક લીસ્ટનો હુકમ કરવામાં ભેદી અને શંકાસ્પદ ઢીલ દાખવવામાં આવી રહી હોય કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યું છે. આવતા સપ્તાહે ફરી ધગધગતી રજુઆત કરવાનો તખ્તો તૈયાર કરવામાં આવ્યો છે. જો એજન્સી સામે કોઈ પગલા લેવામાં નહી આવે તો આગામી દિવસોમાં ઘેરા પડઘા પડવાના પણ એંધાણ વર્તાય રહ્યાં છે.

કોર્પોરેશનની ઈસ્ટ ઝોન કચેરી ખાતે ગત ૯મી જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના કામ સબળ ડીઈઈની ચેમ્બરમાં એક બેઠક બોલાવવામા આવી હતી. જેમાં વોર્ડ નં.૪ માં પેવીંગ બ્લોકના કામનો કોન્ટ્રાકટ ધરાવતી પટેલ કન્સસ્ટ્રકશન કાં. ના માણસ મનિષ વેકરીયાએ સહાયક ઈજનેર ધવલ ગોલણીયાને ડીઈઈની ચેમ્બરમાં ફડાકા માર્યા હતા. આ ઘટના બાદ કોપોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરીમાં તમામ ઈજનેરોએ બનાવની સાંજ જે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રામધુન બોલાવી હતી અને મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરાને ઉગ્ર રજુઆત કરી હતી. ગંભીર ઘટનાના પગલે મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા ડીએમસી પથિક પટેલ, વિજીલન્સ શાખાના ડીવાયએસપી આર.બી. ઝાલા અને ઈસ્ટ ઝોનના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર શ્રીવાસ્તવની ત્રણ સભ્યોની તપાસ કમીટી બનાવી હતી. આ કમીટી દ્વારા તપાસના અંતે ડીએમસી પથીક પટેલ દ્વારા એવો રિપોર્ટ આપવામાં આવ્યો છે. કે કોર્પોરેશનના કર્મચારીઓ ઉપર ભવિષ્યમાં હુમલાની ઘટના ન બને તે માટે પટેલ કન્સ્ટ્રકશન કાં. ને તાત્કાલીક અસરથી કોર્પોરેશનના તમામ પ્રકારના કામોમાંથી બ્લેક લીસ્ટ કરવો જોઈએ આ રિપોર્ટ આપ્યાના એક સપ્તાહ પછી પણ મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા દ્વારા એજન્સી સામે કોઈ જ પગલા લેવામાં આવ્યા નથી. ઘટનાના બીજી દિવસે જયારે એન્જીનીયરો દ્વારા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરને રજુઆત કરવામાં આવી હતી. ત્યારે તેઓએ એવી ખાતરી આપી હતી કે ૪૮ કલાકમાં એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે. જરુર જણાશે તો પોલીસ ફરીયાદ પણ કરાશે આ એક સપ્તાહ વિત્યા બાદ પણ કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સાંમા કાંઠાની એજન્સીને બ્લેક લીસ્ટ ન કરવા કોર્પોરેશનના પદાધિકારી દ્વારા મ્યુનિ. કમિશ્નર પર દબાણ કરવામાં આવતું હોવાની ચર્ચા થઈ રહી છે. ઈજનેરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ મ્યુનિ. કમિશ્નર દિલ્હી ગયા છે. તેઓ પરત ફર્યા બાદ સોમવારે ફરી એન્જીનીયરો દ્વારા ઉગ્ર રજુઆત કરવામાં આવશે. કોર્પોરેશનના કર્મચારીઓ પર કોન્ટ્રાકટરના માણસો હુમલા કરે તે ખરેખર ખુબ જ ગંભીર બાબત ગણી શકાય. બીજી તરફ ડીએમસીના રિપોર્ટમાં ઈજનેરને ફડાકા મારનાર એજન્સીને બ્લેક લીસ્ટ કરવા સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવ્યો હોવા છતાં ક્યાં કારણો પટેલ કન્સ્ટ્રકશન નામની એજન્સીને બચાવવા ધમ પછાડા કરવામાં આવે છે તે સમજાતું નથી.

### સ્ટે. ચેરમેનનો સ્પષ્ટ આદેશ છતાં સામા કાંઠાની એજન્સીને બચાવવા ધમપછાડા

# સોનાના ભાવ વધતા વર્ષ ૨૦૨૫માં ભારતીય પરિવારોની સંપતિમાં ૧૧૭ લાખ કરોડનો વધારો

## એક વર્ષમાં સોનાના ભાવમાં રૂ.૫૭,૦૦૦નો વધારો નોંધાયો



**અબતક, રાજકોટ**

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી 'યરબુક ૨૦૨૬' અનુસાર, વર્ષ ૨૦૨૫ ભારતીય રોકાણકારો માટે પરિવર્તનકારી સાબિત થયું છે. સોનાના ભાવમાં છેલ્લા ૨૫ વર્ષનો સૌથી મોટો ઉછાળો જોવા મળતા ભારતીય પરિવારોની કુલ સંપત્તિમાં અંદાજે રૂ. ૧૧૭ લાખ કરોડ (૧.૩ ટ્રિલિયન ડોલર) નો જંગી વધારો થયો છે.

વર્ષ ૨૦૨૫ માં સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ દીઠ આશરે રૂ. ૫૭,૦૦૦નો વધારો થયો છે. આ અણધાર્યા વધારાને કારણે લોકોની ખર્ચ શક્તિ વધી છે અને સોના સામેની રિટેલ લોનમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. બીજી તરફ, ઈક્વિટી માર્કેટ માટે આ વર્ષ 'એકત્રીકરણ' નું રહ્યું છે. વૈશ્વિક બજારોની સરખામણીએ ભારતીય શેરબજારનું પ્રદર્શન ત્રણ દાયકામાં સૌથી નબળું રહ્યું હોવા છતાં, તેનાથી માર્કેટનું વેલ્યુએશન હવે લાંબા ગાળાની સરેરાશની નજીક આવ્યું છે, જે નવી તકો ઉભી કરી શકે છે.

આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં આર્થિક સ્થિરતા જાળવવા માટે મહત્વના પગલાં લીધા છે.સીઆરઆરમાં ૧૦૦ બેજિસ પોઈન્ટનો ઘટાડો અને ઓપન માર્કેટ ઓપરેશન્સ દ્વારા બજારમાં નાણાકીય તરલતા વધારી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૮ વચ્ચે જીડીપીના ૩% જેટલા આર્થિક પ્રોત્સાહનની અપેક્ષા છે. જેમાં આઠમાં પગાર પંચની અસર (રૂ. ૫૬૦ અબજનો વેતન વધારો) અને જીડીપી દરોના તર્કસંગતકરણનો સમાવેશ થાય છે.

રોકાણકારો માટે મહત્વની ભલામણો અહેવાલમાં લાંબા ગાળાના રોકાણ માટે મહત્વના રહેશે. સેન્સેક્સના ઐતિહાસિક ડેટા મુજબ, જો રોકાણનો સમયગાળો ૧૫ વર્ષ કે તેથી વધુ હોય, તો નુકસાનની શક્યતા નહીવત જેવી છે. નવા રોકાણકારો માટે ઈક્વિટી, ડેટ અને ગોલ્ડ - ત્રણેય એસેટ કલાસનો લાભ લેવા હાઈબ્રિડ ફંડ્સમાં રોકાણ કરવું હિતાવહ છે. છેલ્લા વર્ષમાં ૩૦% જેટલા સ્મોલ-કેપ શેરો તેમના ઉચ્ચ સ્તરથી નીચે ઉતર્યા છે, ત્યારે લાર્જ-કેપ શેરો હાલ વધુ સુરક્ષિત જણાય છે. વૈશ્વિક જોખમો અને ભારતનો મજબૂત પાયો છે. વૈશ્વિક અર્થતંત્રમાં યુએસ ટેરિફ નીતિઓ અને ભૂરાજકીય જોખમો હોવા છતાં, ભારતની મેક્રોઈકોનોમિક સ્થિતિ મજબૂત છે. ભારત વિશ્વના સૌથી મોટા પ્રાથમિક બજારોમાંનું એક બનીને ઉભર્યું છે, જેમાં છેલ્લા બે વર્ષમાં ૬૫-૭૦ બિલિયન ડોલરનું મૂડી ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે.

# મેટ્રો ટ્રેનનો મેગા ગ્રોથ: દરરોજ ૧.૫૦ લાખ લોકો કરે છે સવારી

## મેટ્રોની દૈનિક મુસાફરીમાં ૩ વર્ષમાં ચાર ગણી વૃદ્ધિ: ઑક્ટોબર ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ૧૧.૫૦ કરોડથી વધુ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી

**અબતક, રાજકોટ**

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો સેવા આજે ઝડપી, સુરક્ષિત અને વિશ્વસનીય જાહેર પરિવહનનું મજબૂત ઉદાહરણ બની છે. નરેન્દ્ર મોદીએ ગત ૧૧મી જાન્યુઆરીએ અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ માં ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર સુધીની મેટ્રો સેવાનો શુભારંભ કરાવ્યો હતો. મેટ્રો નેટવર્કનું હવે મહાત્મા મંદિર સુધી વિસ્તરણ થતાં અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની યાત્રા વધુ સુગમ બનશે તેમજ ખર્ચની પણ બચત થશે.૧૧.૫૦ કરોડથી વધુ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરીઅમદાવાદ-ગાંધીનગર મેટ્રો સેવાના કારણે છેલ્લા ૩ વર્ષોમાં મુસાફરોને સસ્તા અને કાર્યક્ષમ અર્બન પરિવહનનો અનુભવ મળ્યો છે. ઑક્ટોબર ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કુલ ૧૧.૫૦ કરોડથી વધુ મુસાફરોએ મેટ્રોમાં મુસાફરી કરી છે. ગત વર્ષે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલ આઈપીએલ મેચો અને કોલ્ડપ્લે કોન્સર્ટ દરમિયાન લાખો લોકોએ મેટ્રો યાત્રાને પ્રાથમિકતા આપી હતી. આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચો અને રથયાત્રા જેવા કાર્યક્રમો દરમિયાન મુસાફરોની સંખ્યા ૧.૬થી ૨.૧ લાખ નોંધાઈ હતી. મહાત્મા મંદિર સુધી મેટ્રો સેવા શરૂ થવાથી ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘટશે, ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે અને મુસાફરોને કિફાયતી તેમજ પર્યાવરણને અનુકૂળ મુસાફરીનો વિકલ્પ મળશે. મેટ્રોના વ્યાપક વિસ્તરણથી એક એવી ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ બની છે જે રાજ્યના નાગરિકોને દાયકાઓ સુધી સેવા આપશે. વૈશ્વિક અર્બન સેન્ટર બનવાની ગુજરાતની યાત્રામાં અમદાવાદ મેટ્રો રેલ એક્સ્ટેન્શન એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન બન્યું છે.

# જીવદયા ગ્રુપ દ્વારા અબોલ જીવો માટે રૂ.૧૩.૧૩ લાખનું અનુદાન એકઠું કરી જીવદયા સંસ્થાઓને અર્પણ કરાય

**અબતક, રાજકોટ**

જીવદયા ગ્રુપ રાજકોટ દ્વારા ૧૪ જાન્યુઆરી જીવદયા ગ્રુપનાં મોભી ઉપેનભાઈ મોદીનાં માર્ગદર્શન હેઠળ પરિવાર ભાવનાથી મકરસંક્રાતિના દિવસે રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળનાં ૨૪ મંડપ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટનાં ૨૬ મંડપ, બાપા સીતારામ ગૌ સેવા મંડળનાં ૪ મંડપ તથા જનસેવા ટ્રસ્ટના પાંચ મંડપ તથા કલરવ ગ્રુપ નો ૧ મંડપ કુલ ૬૦ મંડપ ઉપર જીવદયા ગ્રુપનાં ૧૫૦ થી વધુ કાર્યકર્તાઓએ જીવદયા કાર્ય કર્યુ અને કુલ રૂપિયા ૧૩,૨૨,૫૯૮/- નું અનુદાન અર્પણ કરવામાં આવેલ. જેમાં રાજકોટ મહાજનની પાંજરાપોળમાં ૬,૭૯,૭૧૯/-, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટમાં રૂા. ૪,૭૩,૪૯૨/-, બાપા સીતારામ ગૌ સેવા મંડળ માં રૂા. ૮૦,૫૦૦/- તથા જનસેવા ટ્રસ્ટમાં રૂા. ૮૨,૨૩૩/-, કલરવ ગ્રુપ માં ૬૬૦૪/- અર્પણ કરાયા.

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના મીતલભાઈ ખેતાણી અને પ્રતિકભાઈ સંઘાણી દવારા જૈન ભુવનનાં અશ્વિનભાઈ કુંભાણી ના સહકારથી સર્વે માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે હર્ષદ મહેતા, પ્રકાશ મોદી, નીરવ સંઘવી, અજય વખારીયા, વિરેન્દ્ર સંઘવી, સમીર કામદાર, હેમા મોદીએ ભેગા મળીને સર્વે સાથે સંકલન કર્યુ હતું.સમગ્ર સેવા કાર્યને સફળ બનાવવા માટે પ્રકાશ મોદી, નીરવ સંઘવી, હર્ષદ મહેતા, વિરેન્દ્ર સંઘવી, દિનેશ મોદી, ભરત રાણપરા અને પ્રફુલ જોગીયા (સત્કમ લાડવા ગ્રુપ ના મીત્રો), શૈલેષ ઉદાણી, ભરત બોરડીયા,મહેશ શાહ,મેહુલ રવાણી, હેતલ મહેતા, હિમાંશુ ચિનોય, અરૂણ નિર્મળ, નીતીન મહેતા, નીરવ પારેખ, પરેશ મોદી, વીમલ શેઠ, સુભાષ બાવીસી,સુનીલ દામાણી, હિતાર્થ મોદી, દીનેશ જોષી, ઉપેન્દ્ર વસાણી, યોગેશ મહેતા, કીશોર લાખાણી, પરીન સંઘવી, રમેશ કારીયા, જયંતિ સઘવી, ઉપેન ગોહેલ, કમલેશ કોઠારી, કિશોરી કોઠારી, રાજુ મોદી, ચીરાગ કોઠારી, દીપેન મહેતા, પરીમલ મોદી, વીનય કામદાર, હેમલતા દોશી, જગદીશ કોઠારી, ધનેશ દોશી, હીના સંઘવી, રાજપાલ ગોહીલ, જયેશ દોશી, વિજય દોશી, નીલેશ શાહ, રાજુ શાહ, વૈશાલી સઘવી,નીખીલ શાહ, મીતલ શાહ, દર્શન શાહ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

### શહેરના વોર્ડ નં.૧૧માં

# બાલાજી હોલથી ધોળકીયા સ્કુલ સુધીનો રસ્તો "સિમેન્ટ રોડ" બનશે

## સિમેન્ટ રોડના કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય ભાનુબેન બાબરીયા



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧૧માં બાલાજી હોલ થી ધોળકિયા સ્કૂલ સુધીના રોડને સિમેન્ટ કોન્ક્રીટ રોડ બનાવવાનું કામ નું તથા કણકોટ રોડ થી ન્યારી ડેમ સુધીના આશ્રમ રોડને ડેવલોપ કરવાના કામના ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના વરદહસ્તે કરવામાં આવ્યું હતુ.

ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, પ્રદેશ કિશાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ, શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, વોર્ડ નં.૮ પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૧ પ્રમુખ હિરેનભાઈ મુંગપરા, મહામંત્રી મૂળુભાઈ ઓડેદરા, અગ્રણી મનસુખભાઈ સાવલીયા, યોગેશભાઈ ચાપાણી, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, રસિકભાઈ મુંગરા, ભાસ્કરભાઈ જસાણી, પ્રવિણભાઈ ઠુંમર, હિતેશભાઈ મુંગરા, અંકુરભાઈ ધામેલીયા, પ્રફુલાબેન બારોટ, ધર્મેશભાઈ સોલંકી, ગોપીબા જાડેજા, પલ્લવીબેન પોપટ, નીખીલભાઈ મેવાડા, વેલભાઈ ગમારા, સુનીલભાઈ સાગઠીયા, સુરેશભાઈ ઝીન્ઝુંવાડીયા, પ્રફુલભાઈ કાથરોટીયા, દિનેશભાઈ ચાપાણી, રાધિકાબેન ગીણોયા, રાજુભાઈ ડાંગરીયા, બાવનજીભાઈ કોઠીયા, હિયાજી ઈડા, જયંતિભાઈ ચાવડા, નરેશભાઈ ત્રાડા, ધીરૂભાઈ ઘાડીયા, રાજુભાઈ સાવલીયા, જેન્તીભાઈ મેઘાણી, મિલનભાઈ બારોટ, હસમુખભાઈ ભાખર, મુકેશભાઈ ચોવટીયા, ભાવેશભાઈ વેકરીયા, પ્રકાશભાઈ ખોડા, શાંતુબા જાડેજા, પ્રવિણાબેન અસરાણીયા, વિનોદભાઈ લાલકીયા, પરસોતમભાઈ સાવલીયા, તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોર્પોરેશનની જમીનના ભાવ ઉંચા: બીડરો ન આવતા હરાજી ચાર દિવસ પાછી ઠેલાઈ

## સાંસદ રામભાઈ મોકરિયાના પુત્રએ જમીન વેચાણ સામે કાનૂની વાંધો ઉઠાવી કોર્પોરેશનને નોટિસ આપી: સાત પ્લોટની હરાજી હવે આગામી બુધ-ગુરૂએ યોજાશે

**અબતક,રાજકોટ**

કોર્પોરેશનની તિજોરી તળીયા જાટક થઈ ગઈ છે.૨૦૦ કરોડની લોન લીધા બાદ પણ આવક અને ખર્ચના ટાંગામેળ થતા નથી આવામાં સોનાની લગડી જેવા સાત પ્લોટ વેચવા માટે કાઢયા હતા મોટાભાગના પ્લોટની અપસેટ કિંમત વધુ હોવાના કારણે પૂરતા બિડરો આવ્યા નથી જેના કારણે જમીનની હરાજી ચાર દિવસ પાછી ઠેલવવામાં આવી હતી આજે યોજાનારી ચાર પ્લોટની હરાજી હવે આગામી ૨૧મી જાન્યુઆરીના રોજ જયારે સોમવારે યોજાનારી ૩ પ્લોટની હરાજી આવતા ગુરૂવારે યોજાશે.

રાજ્યસભાના ભાજપના સાંસદ રામભાઈ મોકરીયાના પુત્રએ ટીપી સ્કીમ નં.૯ના ફાઈનલ પ્લોટ નં.સી/૯ના વાણિજ્ય વેચાણ હેતુ માટેના પ્લોટની ઈ- ઓકશન સામે વાંધો ઉઠાવીને કોર્પોરેશનને નોટિસ પણ આપી હોવાનું જાણવા મળી રહી છે.કોર્પોરેશન દ્વારા રૈયા રોડ પર ૧૫૦ ફૂટ રીંગરોડ અને અમિન માર્ગના છેડે આવેલો ડુંગર દરબાર વાળો પ્લોટ, ફિલ્ડ માર્શલ રોડ નજીકનો પ્લોટ એચસીજી હોસ્પિટલ પાસે કલ્યાણ પાર્ટી પ્લોટની સામેની જમીન, રાજકોટ, મોરબી રોડ પર એચ.પી. પેટ્રોલ પંપ પાસેનો પ્લોટ, પુનમ હોલ અને સાધુવાસવાણી કુંજ રોડ પર સહિત અલગ અલગ સાત સ્થળોએ જમીન વેચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અપસેટ કિંમત રૂ.૪૫ હજારથી લઈ બે લાખ રૂપીયા સુધી નિયત કરવામાં આવી દરમિયાન ઈ ઓકશનની પ્રક્રિયામાં ખૂબજ ઓછા બીડરો આવતા જમીનની હરાજી આજે રદ કરવામાં આવી છે. દરમિયાન હવે આગામી ૨૧મી જાન્યુઆરીના રોજ ચાર પ્લોટની અને ૨૨મી જાન્યુઆરીના રોજ ત્રણ પ્લોટની હરાજી હાથ ધરવામાં આવશે.

**આ સાત પ્લોટની થશે જાહેર હરાજી**

કોર્પોરેશન દ્વારા અંતિમ ટી.પી.એસ. નં. ૦૪ (રૈયા). એફ.પી. નં. ૭૬૯. સાવન સિગ્નેટ એપાર્ટમેન્ટ સામે. રૈયા મેઈન રોડ. ફાઈનલ ૧.૬જ નં. ૦૩ (નાનામાવા) માં કોમર્શિયલ વેચાણ પ્લોટ. એફ.પી. નં. ૨૦૪, અમીન માર્ગ/૧૫૦ ફૂટ રિંગ રોડ કોર્નર, રાજકોટ. ફાઈનલ ટી.પી.એસ. નં. ૨૮ (માવડી), એફ.પી. નં. ૩૭/એ માં કોમર્શિયલ વેચાણ પ્લોટ. ઈ/વ મહાત્મા ગાંધી ટાઉનશીપ. નં. ફિલ્ડ માર્શલ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ-૨. રાજકોટ. ફાઈનલ ટી.પી.એસ. નં. ૦૯ (રાજકોટ) માં કોમર્શિયલ વેચાણ પ્લોટ. એફ.પી. નં. સી/૯. કલ્યાણમ પાર્ટી પ્લોટ સામે, એચસીજી હોસ્પિટલ રોડ. ૧૫૦ ફૂટ રિંગ રોડ પાસે. ફાઈનલ ટી.પી.એસ. નંબર ૧૨ (રાજકોટી. એફ.પી. નંબર ૯૨) માં કોમર્શિયલ વેચાણ લોટ. નં. પંચવટી સોસાયટી, સામે. એચ.પી. પેટ્રોલ પંપ. રાજકોટ-મોરબી રોડ, રાજકોટ. પૂનમ હોલ સામે, રાજકોટ-મોરબી ફાઈનલ ટી.પી.એસ. નં. ૧૨ (રાજકોટ), એફ.પી. નં. ૯૧. રોડ, રાજકોટમાં રહેણાંક વેચાણ ૨. ફાઈનલ ટી.પી.એસ. નં. ૧૯ (રાજકોટ) માં રહેણાંક વેચાણ પ્લોટ. એફ.પી. નં. ૧૬/એ. સામે ભકિત પાર્ક સોસાયટી, નં. સાધુ વાસવાણી કુંજ રોડ. રેલનગર વિસ્તારમાં એમ સાત પ્લોટનુ વેંચાણ કરવામાં આવશે.

### ટીપીમાં ૪૦ ટકા કપાતમાં લેવાયેલી જમીન વેચવા કાઢતા મામલો કોર્ટમાં

ખેડૂત ખાતેદારોની જમીનમાંથી ટી.પી.ના નામે મફતમાં આવેલી ૪૦ ટકા જમીન જન સુખાકારી માટે બાગ-બગીચા, શાળા, આરોગ્ય ભવન અને આવાસ યોજના જેવા હેતુઓ માટે ઉપયોગમાં લેવાની હોય છે. તેના બદલે કોર્પોરેશન દ્વારા આ જમીનોનું કોમર્શિયલ ધોરણે વેચાણ કરી મોટી રકમ ભેગી કરવાનો મુદ્દો હવે કાનૂની ગૂંચવણ બની ચુકયો છે.કાનૂની ગુંચ ઉભી થતાં ત્રણ પ્લોટ માટે ખેડૂત અરજદારોએ કોર્ટના દ્વાર ખખડાવતાં હરરાજી સ્થગિત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. એક અરજદાર દ્વારા ટી.પી.સ્કીમ નં.૯માં આવેલ ૩૭૧૩ ચો.મી.જમીન કોમર્શિયલ કરી હરરાજીમાં મુકવામાં આવી છે. જેનો વાંધો ઉઠાવી કોર્પોરેશનને નોટિસ પાઠવી છે. તેમજ જાહેર નોટિસ પણ આપી છે. તેવી જ રીતે અન્ય બે સોનાની લગડી જેવા પ્લોટના કોમર્શિયલ વેચાણ સામે ખેડૂત ખાતેદારોએ વાંધો ઉઠાવી હાઈકોર્ટમાં રીટ કરતાં ૭ પ્લોટ પૈકી ત્રણ પ્લોટમાં કાનૂની વિવાદ ઉભો થતાં હાલ પુરતી હરરાજી સ્થગિત કરવામાં આવી છે.

# દબાણ હટાવ શાખાએ મંજૂરી વિના ખડકેલા ૪૪૩૦ બોર્ડ- બેનરો ઉતારી લીધા

## રૂ.૩,૨૩,૮૦૦ નો વહીવટી ચાર્જ વસુલ કરાયો: રાજમાર્ગો પરથી ૨૧ રેકડી કેબિનો જપ્ત






**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવે

છે.જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન,આનંદ બંગલા ચોક,રામનાથ પરા,કરણપાર્ક,રૈયા રોડ, નંદનવન પાર્ક,રવિવારી આજીડેમ, કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૨૧ રેકડી- કેબીન જપ્ત કરવામાં આવી હતી.

જ્યુબેલી, જામનગર રોડ, હેમુગઢવી હોલ,જંકશન રોડ, ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ, જંકશન રોડ, કૃષ્ણનગર મે.રોડ,રૈયા રોડ,૧૫૦ ફુટ રોડ, કાલાવાડ રોડ, નાણાવટી ચોક, ભીમનગર રોડ, યુનિ.રોડ, કોઠારીયા રોડ,ધરાર માર્કેટ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૫૩૬ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

જામનગર રોડ, લક્ષ્મિનગર, જ્યુબેલી, યુનિ.રોડ, કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી,ધરાર માર્કેટ, કેસરી પુલ,પારેવડી ચોક, કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૪૪૬૨ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ.રોડ, નાણાવટી ચોક, રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયણ ચોક, ઢેબર રોડ, સોરથીયાવાડી પાસે થી રૂ.૨,૫૧,૫૦૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.૮૦ફુટ રોડ, પારેવડી ચોક, સંતકબીર રોડ, ધરાર માર્કેટ, કોઠારીયા રોડ, મોરબી રોડ,ભાવનગર રોડ, કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૭૨,૩૦૦ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.


જામનગર રોડ, જલારામ ચોક, જંકશન પ્લોટ, રેસકોર્ષ રોડ, યુનિ.રોડ, ૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક, સાધુવાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય, કોઠારીયા રોડ,સેટેલાઈટ ચોક પરથી ૪૪૩૦ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે

### મહારાષ્ટ્રમાં 'કેસરિયો' સોળે કળાએ ખિલ્યો

# ડબલ એન્જિન તો ઠીક ટ્રિપલ એન્જિન સરકાર પર લોકોને વિશ્વાસ વધ્યો !

## ઠાકરે બંધુ સાથે બંને પવારનો પાવર પણ ડુલ: ગુજરાતીઓનો વિરોધ ભારે પડયો

## મહારાષ્ટ્રમાં ૨૯ પાલિકાઓમાંથી ૨૪ પાલિકાઓમાં મહાયુતિને બહુમતઃ લાતુરે કોંગ્રેસની આબરૂ સાચવી લીધી



મહાનગરી મુંબઈમાં હવે ડબલ નહી પરંતુ ટ્રિપલ એન્જિન સરકાર મરાઠીઓની સેવા કરશે. મહારાષ્ટ્રની ૨૯ પાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં ભાજપનો કેસરીયો સોળે કળાએ ખિલી ઉઠયો છે ૨૪ પાલીકાઓમાં મહાયુતીને બહુમતી મળી છે. લાતુરે કોંગ્રેસની લાજ બચાવી લીધી છે. ઠાકરે બંધુનું પુનમિલન ખાસ કંઈ ઉકાળી શકયુ નથી. પવારનો પાવર પણ ડુલ થઈ ગયો છે. દાયકાઓ પછી હવે મુંબઈમાંભાજપના મેયર હશે.

માત્રને માત્ર સતા લાલચમાં ભાજપનો સાથ છોડી દેનાર ઉધ્ધવ ઠાકરે મહારાષ્ટ્રમાં શિવસેનાનું ધનોત-પનોત કાઢી નાખ્યું છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર મળ્યા બાદ દેશની સૌથી ધનાઢ્ય મહાપાલિકા મુંબઈમાં સતા ટકાવી રાખવા માટે વર્ષો બાદ ઠાકરે બંધુઓએ હાથ મિલાવ્યા હતા. પરંતુ મહારાષ્ટ્રની જનતાએ માત્ર મરાઠી અસ્મિતાના નામે મતદાન કરવાના બદલે વિકાસની રાજનીતિ પર થપ્પો લગાવવાનું વધુ મુનાસીબ માન્યું છે. જેના કારણે હવે મુંબઈ સહિતની પાલિકાઓને ડબલ નહી ટ્રિપલ એન્જિન સરકારનો લાભ મળશે. શિવસેના (ઉધ્ધવ)ને મહારાષ્ટ્ર ખાસ કરીને મુંબઈમાં ગુજરાતીઓનો વિરોધ કરવાનું મોંઘુ પડયું છે. ૩ દાયકા બાદ બીએમસીમાં ઠાકરે પરિવારની સતાનો સુર્યાસ્ત થઈ ગયો છે. ભાજપ અને શિંદે સેનાને બીએમસીમાં બહુમત મળ્યો છે. મુંબઈ ઉપરાંત પૂણે, નશિક, નાગપુર, પિંપરી-ચિંચવડમાં પણ ભાજપને બહુમતી મળી છે. મહારાષ્ટ્રની ૨૯ પૈકી ૨૪ પાલિકાઓમાં આગામી દિવસોમાં ભાજપના મેયર સત્તારૂઢ થશે.

બીએમસીમાં ભાજપને ભલે એકલા હાથ બહુમતી ન મળી હોય પરંતુ પક્ષની બેઠકોમાં ગત વખત કરતા વધારો થયો છે. ઉધ્ધવ ઠાકરની શિવસેનાને સારી એવી બેઠકો મળી છે. પરંતુ રાજ ઠાકરની પાર્ટી કશુ ઉકાળી શકી નથી શરદ પવાર અને અજિત પવારની એનસીપીનું પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું નથી.

ઓવૈસીની પાર્ટીનું પ્રદર્શન સારૂ રહેવા પામ્યું છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામોથી એકવાત ખૂબજ સ્પષ્ટ થઈ ગઈ છે કે ભારતના મતદારો હવે શાણા થઈ ગયા છે. જ્ઞાતિવાદ, જાતીવાદ, પ્રાંત વાદ કે પ્રદેશવાદના આધારે મતદાન કરવાના બદલે વિકાસની રાજનીતી મત આપી રહ્યા છે.

### ઉધ્ધવની સત્તા લાલચે બાલા સાહેબની વિચારધારાને ડુબાડી દીધી!!

પ્રખર હિન્દુવાદી નેતા દિવંગત બાલા સાહેબ ઠાકરેની વિચારધારાને ઉધ્ધવઠાકરની સત્તાલાલચે ડુબાડી દીધી છે. માત્રને માત્ર સત્તાસુખ માટે વર્ષો જુના રાજકીય સાથી ભાજપ સાથે છેડો ફાડી ઉધ્ધવ ઠાકરેએ ભલે થોડા વર્ષો માટે મુખ્યમંત્રીનું પદ ભોગવ્યું પરંતુ પક્ષ માટે આ નિર્ણય પ્રાણઘાતક સાબિત થયો છે. શિવસેનાની મુળભૂત વિચારધારાથી તદન વિપરીત વિચારધારા ધરાવતા રાજકીય પક્ષો સાથે બેસી ઉધ્ધવે લાખો કાર્યકરો સાથે કરો પક્ષદ્રોહના કારણે આજે સ્થિતિ એવી આવી પડી છે કે ઠાકરે પરિવારનો રાજકીય ગઢ સંપૂર્ણ પણે ધરાશાયી થઈ ગયો છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ ઉધ્ધવ પાસે પૂરતી તક હતી જો ભાજપ સાથે બેસી ગયા હોત તો આજે આવા કપરા દિવસો જોવાના સમય ન આવ્યો હોત. 30 વર્ષ બાદ બીએમસીમાં હશે તો મરાઠી મેયર જ પણ તે શિવસેનાનો નહી પરંતુ ભાજપના હશે.

---

# મહારાષ્ટ્રમાં ભાજપની જીતથી 'કમલમ'માં હર્ષોલ્લાસ



## મહાયુતીની જીતની કરાય ભવ્ય ઉજવણી

**અબતક, રાજકોટ**


મહારાષ્ટ્રની મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપા અને સાથી પક્ષોની મહાયુતિને પ્રચંડ બહુમતિ સાથે જનતાએ આશીર્વાદ આપ્યા છે ત્યારે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં ભાજપા અગ્રણીઓ અને કાર્યકરોએ 'ભારતમાતા કી જય' ના પ્રચંડ જયનાદ સાથે ફટાકડા ફોડી તેમજ મોં મીઠું કરી મહાયુતિની ભવ્ય જીતની ઉજવણી કરી હતી. આ પ્રસંગે પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવકતા ડો. અનિલભાઈ પટેલે મીડિયાને સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્રજી ફડણવીસ અને સાથી પક્ષોની કામગીરી પર સમર્થન દર્શાવી પ્રચંડ જનાદેશ આપવા બદલ મહારાષ્ટ્રની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે જનતાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણના સંકલ્પને સમર્થન દર્શાવ્યું છે, આ ડબલ એન્જિન સરકારની જીત છે.

---

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ થકી સ્થાનિક કલાકારોની સર્જનાત્મકતાને મળ્યું વૈશ્વિક મંચ

## વડાપ્રધાને સ્ટોલની મુલાકાત લઈ પ્રોત્સાહન પૂરું પાડ્યું: કલાકારોએ નરેન્દ્ર મોદીનો આભાર માન્યો

**અબતક, રાજકોટ**





રાજકોટમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-૨૦૨૬ 'રિજનલ એસ્પિરેશન, ગ્લોબલ એમ્બિશન'ના સૂત્રને સાર્થક કરતી પ્રતીત થઈ હતી. આ કોન્ફરન્સ રાજ્યના આર્થિક વિકાસની સાથે ભારતીય પરંપરા અને હસ્તકલાનું જીવંત પ્રદર્શન બની રહી, જ્યાં સ્થાનિક કલાકારોને પોતાની પ્રતિભા વૈશ્વિક સ્તરે રજૂ કરવાની અમૂલ્ય તક મળી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ સ્ટોલ્સની મુલાકાત લેતા કલાકારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાનની પ્રત્યક્ષ ઉપસ્થિતિએ ભારતીય પરંપરાગત કલાના સામર્થ્યને વિશ્વ સમક્ષ ઉજાગર કરી કલાકારોના મનોબળને નવી ઊંચાઈ આપી હતી.

કોન્ફરન્સમાં સહભાગી થયેલા કલાકારોએ પોતાના અનુભવો શેર કરતા સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. વર્ષ ૨૦૧૭થી લીપણ આર્ટ સાથે જોડાયેલા પૂજાબેન ચૌહાણે વડાપ્રધાન સાથેની મુલાકાતને જીવનની ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, આવા મોટા મંચ પર સ્થાન મળવું એ દરેક કલાકારનું સ્વપન હોય છે. તેવી જ રીતે ભાવનગરથી આવેલા કલાકાર શાંતિભાઈ ગોયાણી, જેઓ નાળિયેરના છોતરાં જેવી વેસ્ટ વસ્તુઓમાંથી બેસ્ટ કલાત્મક ચીજો બનાવે છે, તેમણે પણ સરકાર દ્વારા ફાળવવામાં આવેલા નિઃશુલ્ક સ્ટોલ અને સારા વેચાણ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ કોન્ફરન્સ સ્થાનિક કલાકારો માટે 'લોકલથી ગ્લોબલ' સુધીની સફરમાં માઈલસ્ટોન સાબિત થઈ છે. આ આયોજન માત્ર એક પ્રદર્શન બનીને ન રહેતા, 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને વધુ મજબૂત બનાવવામાં સફળ રહ્યું છે. ભારતીય સાંસ્કૃતિક વારસાને વિશ્વના નકશા પર નવી ઓળખ અપાવતી આ ઐતિહાસિક પહેલથી કલાકારોને નવી દિશા અને આર્થિક પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે.

---

# ખોડલધામમાં ધ્વજારોહણ કરતા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા પરિવાર





## જયમાં ખોડલના નાદ સાથે શીશ ઝુકાવી આશિર્વાદ મેળવ્યા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

જેતપુર નજીક નાં કાગવડ સ્થિત પવિત્ર યાત્રાધામ ખોડલધામ મંદિર ખાતે પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા પરીવાર દ્વારા ધ્વજારોહણ કરાયું હતુ. જયરાજસિહ ઉપરાંત તેમના પત્નિ ધારાસભ્ય ગીતાબા તથા પુત્ર ગણેશભાઈ સહિત નાં પરીવારે શ્રધ્ધા અને આસ્થા પુર્વક ખોડલધામ ખાતે ધ્વજા ચડાવી માઁ ખોડલ નાં ચરણો માં શિશ ઝુકાવી નમન કર્યા હતા.

વિક્રમ સંવત ૨૦૮૨ના શુભ વર્ષમાં આયોજિત આ મહોત્સવમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભરતભાઈ બોઘરા અને જયેશભાઈ રાદડિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં માતાજીના શિખર પર ભક્તિભાવપૂર્વક ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહજી જાડેજા, ધારાસભ્ય ગીતાબા જાડેજા અને યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજાના નિમંત્રણથી આ ધાર્મિક અવસરે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. આ પ્રસંગે અલ્પેશભાઈ ઢોલરીયા, અશોકભાઈ પીપડીયા, બાવભાઈ ટોળીયા તેમજ વિવિધ રાજકીય અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને નગરજનો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રધ્ધાળુઓએ માં ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા અને સમગ્ર સંકુલ 'જય માં ખોડલ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

---

# લોહીના દરેક રોગ કેન્સર નથી, દરેક કેન્સર અસાધ્ય નથી: હિમાટોલોજીસ્ટ ડો.નિરાણી ચંદન

**અબતક, રાજકોટ**



''લોહી'' એ આપણા શરીરની જીવાદોરી છે,તે ઓક્સીજન અને પોષક તત્વો આપણા શરીરમાં પહોંચાડે છે અને ચેપ સામે લડે છે. પરંતુ જયારે તે લોહી રોગનો શિકાર બને ત્યારે જીવનનું દરેક પગલું મુશ્કેલ બની જાય છે.પરંતુ જો વહેલી તપાસ, નિદાન અને સારવાર કરાવવામાં આવે તો લોહીના રોગોનો સંપુર્ણ ઈલાજ શક્ય છે.

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટયુટ) ના નિષ્ણાંત હિમાટોલોજીસ્ટ(લોહીના રોગોના નિષ્ણાંત) ડો.નિરાલી ચંદન એ લોહીના રોગો વિશે માહિતી આપતા જણાવેલ કે બધા લોહીને લગતા રોગો કેન્સર નથી અને બધા કેન્સર અસાધ્ય નથી હોતા.

જો આંકડા જોઈએ તો ભારતમાં દર વર્ષે ૧,૦૦,૦૦૦ થી વધુ નવા લોહીના કેન્સરના કેસો જોવા મળે છે. જેમાં લગભગ ૧૦% લ્યુકેમિયા, ૪૦% નોન-હોજકિન લિમ્ફોમા (લસિકા ગ્રંથીનું કેન્સર) અને ૧૦% હોજકિન લિમ્ફોમા (લસિકા ગ્રંથી તથા વિવિધ અંગોમાં દેખાય છે) કેસોનો સમાવેશ થાય છે.તથા ગુજરાતમાં વાર્ષિક લગભગ ૫૦૦૦ લોહીના કેન્સરના કેસો નોંધાય છે.જયારે થેલેસેમિયા જેવા નોન-કેન્સર વિકારો હજારો દર્દીઓમાં જોવા મળે છે, અને સૌરાષ્ટ્રના અમરેલી જીલ્લામાં જ ૪૦% નોંધાયેલા દર્દીઓ (૨૧૬૮ માંથી ૪૦%) છે,વાસ્તવિક સંખ્યા લગભગ ૭૦૦૦ થી ૮૦૦૦ હોય શકે છે.

ડો.નિરાલી ચંદને જણાવેલ કે લોહીના રોગો દુર્લભ નથી : વહેલી તકે પકડાય તો સારવાર શક્ય છે, તેથી સમયસર જાગૃત બનો, તપાસ કરાવો,ચોકકસ સારવાર કરાવો અને લોહીની ગુણવત્તા જાળવો, જીવનની ગુણવત્તા આપોઆપ જળવાઈ રહેશે.

રાજકોટ કેન્સર સોસાયટીમાં તમામ પ્રકારના કેન્સર તથા લોહીના અન્ય રોગો સામે લડત આપવા નિષ્ણાંત તબીબો, નવીનતમ સારવાર પધ્ધતીઓ અને સાધનો ઉપલબ્ધ છે.

---

# દેવલાલીમાં ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતિ અભિવંદના સમારોહ

**અબતક, રાજકોટ**



દેવભૂમિ દેવલાલીના આંગણે ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા, બિન સાંપ્રદાયિક ધર્મસ્થાનકોના પ્રેરક પૂ. શ્રી ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતિ અભિવંદના અવસરનું ૧૫ ફેબ્રુઆરી રવિવારે, સવારે ૯:૩૦ ક્લાકે ડુંગર દરબાર, મેંગો ટ્રી હોલ, શનિ મંદિર સામે, લામ રોડ ખાતે આયોજન કરવામાં આવેલ છે.આ મંગલોતમ અવસરે દેવલાલીમાં બિરાજિત પૂ. સંત-સતીજીઓના દર્શનાદિનો લાભ મળશે. અત્રે યાદ આપવું જરૂરી છે કે જશાપરના વતની અને ૮૦ વર્ષની વયના પૂજ્યપાદ પ્રેમગુરુવર તથા ૨૪ વર્ષના પૂ. ધીરગુરુદેવ (પિતા-પુત્ર) એ એકી સાથે આચાર્ય પૂ. જશાજી સ્વામીના પાટાનુપાટ દીક્ષા અંગીકાર કરેલ.પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં આજ સુધીમાં ૧૦૮ થી વધુ ઉપાશ્રય, વિહારધામ, ગૌશાળા, ગર્લ્સ હોસ્ટેલ, જૈન બોર્ડિંગ, મેડિકલ સેન્ટર વગેરેના નિર્માણ-નૂતનીકરણ થવા પામેલ છે. જીવન ઉપયોગી અનેક પુસ્તકોનું પ્રકાશન થયેલ છે. હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં દંતયજ્ઞ અને વિનામૂલ્યે બત્રીસી અર્પણના ૪૫ કેમ્પ પૂર્ણ થયેલ છે. અનેક મુમુક્ષોના દીક્ષા દાતા છે. મંઝિલ એક માર્ગ અનેક પુસ્તકની નવ્ય-આવૃત્તિની અર્પણ વિધિ યોજાશે.પૂ. ગુરુદેવ દેવલાલીમાં કુંદનબેન નવીનભાઈ દોશી, કોરલ નેચરોપથી, લામ રોડ ખાતે બિરાજમાન છે.

---

# હાથી પગાથી પ્રભાવિત વિસ્તારોમાં કરાશે સામુહિક દવા વિતરણ

## આગામી ૧૦થી ૧૨ ફેબ્રુઆરી સુધી નિઃશુલ્ક દવાઓ અપાશે

**અબતક, રાજકોટ**

રાજ્યના ત્રણ જિલ્લાના ચાર પ્રભાવિત તાલુકાઓમાં હાથીપગા રોગને અટકાવવા આગામી તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન 'સામૂહિક દવા વિતરણ' અભિયાન યોજાશે. આ અભિયાનમાં ભરૂચનો નેત્રંગ તાલુકો, નર્મદાના નાંદોદ અને દેડિયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાની કુલ ૫.૪૮ લાખથી વધુ વસ્તીને સાંકળી લેવામાં આવશે. આ અભિયાનમાં સરકારની સાથે નાગરિકો પણ જોડાશે તો સમાજને વધુ તંદુરસ્ત બનાવી શકીશું તેમ, આરોગ્ય કમિશનર ડો. રતનકંવર ગઢવીચારણ દ્વારા જણાવાયું હતું.

ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કુલ ૧૭ જિલ્લા હાથીપગા માટે સંવેદનશીલ ગણાય છે. લિમ્ફેટીક ફાઈલેરીયાસીસને સામાન્ય રીતે હાથીપગા-એલીફન્ટાઈસીસ તરીકે ઓળખવામાં આવે છે. જે ક્યુલેક્ષ નામના મચ્છરથી ફેલાતો રોગ છે. આ મચ્છર ગંદા પાણીમા ઉત્પન્ન થાય છે. એક વાર હાથીપગો થયા પછી તે મટી શકે નહીં અને તે દર્દી આ જિંદગીભર દિવ્યાંગ બની રહે છે.

આરોગ્ય કમિશનરએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ચાલુ વર્ષે નેત્રંગ, નાંદોદ, દેડિયાપાડા અને વઘઈ એમ ચાર તાલુકાઓમાં તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશનનો ત્રીજો રાઉન્ડ હાથ ધરવામાં આવશે. આ અભિયાનમાં સગર્ભા બહેનો, ધાત્રી માતા અને અતિશય બિમાર હોય તે સિવાય બે વર્ષથી ઉપરની આયુ ધરાવતા તમામને ઉંમર પ્રમાણે નિયત થયેલી દવા રૂબરૂ ગળાવવામાં આવશે. આ દવા બે વર્ષની નાના બાળકોને ગળાવવામાં આવતી નથી. અભિયાન દરમિયાન આ વિસ્તારમાં રહેતા હોય કે ના રહેતા હોય તમામને દવા ખાસ ગળાવવાની છે જેથી આ રોગને અન્ય વિસ્તારમાં પણ ફેલાવતો અટકાવી શકાય.

આ અભિયાન અંતર્ગત ફાઈલેરિયા-હાથીપગા રોગ માટેના સંવેદનશીલ નથી તેવા જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં રાત્રી બ્લડ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા હતા. જેના પરીક્ષણ બાદ ભરૂચનો નેત્રંગ તાલુકો, નર્મદાનો નાંદોદ અને ડેડીયાપાડા તાલુકો અને ડાંગનો વઘઈ તાલુકો આમ ત્રણ જિલ્લાના કુલ ચાર તાલુકાના વિસ્તારોમાંથી લેવામાં આવેલા લોહીના નમૂનામાં હાથીપગા રોગના કૃમિ જોવા મળ્યા હતા. જેથી આ ચાર તાલુકાઓમાં કેન્દ્ર સરકારની સૂચના અનુસાર તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન-સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ હાથ ધરવામાં આવ્યો હતો.

---

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૭૯૦મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



બિપીનચંદ્ર રેવાશંકર દોશીનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણા થી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબજ અનુકરણીય ઉદાહણ પુરુ પાડયુ છે.જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૯૦ ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન-સ્કીન ડોનેશન- દેહદાન ની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

---

# વાઈબ્રન્ટ ગુજરાત થકી તેલબીજ ક્ષેત્રે રૂ.૧૯૫ કરોડની રોકાણ વર્ષા

## તેલબીજ ક્ષેત્રના વિકાસ, મૂલ્યવર્ધન, નિકાસ ક્ષમતામાં વધારો તથા ખેડૂત આવક વધારવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે

**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-સૌરાષ્ટ્ર કચ્છ અંતર્ગત તા. એગ્રી વેલ્યૂ ધ ઓઈલસીડ ઓપનચ્યુનિટી વિષય પર મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેસર્સ બોમ્બે સુપર હેબ્રિડ સીડસ લિમિટેડ દ્વારા રૂ. ૧૦૦ કરોડ, મેસર્સ એડવીક એગવેન્ચર પ્રા.લિ. દ્વારા રૂ. ૯૦ કરોડ તથા મેસર્સ ધરતી એગ્રી એક્સપોર્ટ દ્વારા રૂ. ૪.૯૮ કરોડના એમ કુલ રૂ. ૧૯૪.૯૮ કરોડના ૩ સમજૂતી કરારો કરાયા હતા સેમિનારમાં ઈન્ડિયન ઓઈલસીડ્સ એન્ડ પ્રોડ્યુસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન ઋતુપર્ણા ડોલે, ડિરેક્ટર ડો. સંદીપ બેરા, અન્વેશનના સ્થાપક અને સીઈઓ કુલદીપ પરેવા, આર્જેટીનાઈન એડિબલ ઓઈલ એસોસિએશન એન્ડ ગ્રેઈન એક્સપોર્ટર્સના ગસ્તાવો ઈડીગોરસ દ્વારા દ્વારા ગુજરાતમાં તેલબીજ ક્ષેત્રના વિકાસ, મૂલ્યવર્ધન, નિકાસ ક્ષમતામાં વધારો તથા ખેડૂત આવક વધારવાની દિશામાં મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી આ સેમિનારમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી આર.સી. મીણા, કોપરેટિવ સોસાયટીના એમ.પી. પંડ્યા, ખેતી નિયામક આર.પી. રજપૂત, આત્મા પ્રોજેક્ટ ડાયરેકટર એસ.કે. જોશી, અધિક ખેતી નિયામક એન.એમ. શુકલા સહિત અન્ય અધિકારીઓ, વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ તથા પ્રગતિશીલ ખેડૂતોએ હાજરી આપી હતી.




# ભરશિયાળે કેસર કેરીનું આગમનઃ અંદાજે રૂ.૫૦૦૦ બોકસના વેચાણનો આશાવાદ

## ત્રણ ભાગમાં મોર આવતા તાલાલાથી કોડીનાર સુધી 'આગતર' કેરીનો દબદબોઃવહેલી આવક અને સારા ભાવ મળવાની સંભાવના સાથે બગીચા માલિકો-ઈજારદારોમાં ભારે હરખ

**અબતક, રાજકોટ**


ગીરની વિશ્વપ્રસિધ્ધ કેસર કેરીના ગઢ ગણાતા નાઘેર પંથકમાં આ વર્ષે કેરીના રસિકો અને બગીચા માલિકો માટે ખૂબ જ આશાસ્પદ ચિત્ર જોવા મળી રહ્યું છે. તોકતે વાવાઝોડાની તારાજી અને ગયા વર્ષે 'મધિયા' નામના રોગના પ્રકોપ બાદ, આ વર્ષે આંબાના બગીચાઓમાં કેસર કેરી અને ખાખડીનો (નાની કેરી) 'આગતર' ફાલ જોવા મળી રહ્યો છે. અંદાજે ૩૦% બગીચાઓમાં અત્યારથી જ કેરીઓ લટકી રહી છે, જે સારા પાક્ની સંકેત આપે છે.બગીચા માલિકો અને ઈજારદારોના મતે, આ વર્ષે આંબામાં ત્રણ તબક્કે ફાલ આવ્યો છે જેમાં આગતર વહેલો પાક જે અત્યારે બજારમાં આવવાની તૈયારીમાં છે મધ્યમ પાક જે મુખ્ય સીઝન દરમિયાન આવશે.પાછોતરો પાક જે સીઝનના અંતમાં એટલે કે ચોમાસાના આગમન સુધી ચાલશે.આ ત્રણ તબક્કાને કારણે આ વખતે કેરીની સીઝન લાંબી ચાલશે અને કેરી રસિકોને છેક જૂન મહિના સુધી ગુણવત્તાયુક્ત કેસર ખાવા મળશે.વહેલી આવેલી 'આગતર' કેરીના ભાવ અત્યારે ૧૦ કિલોના રૂ.૩૫૦૦ થી રૂ.૪૦૦૦ આસપાસ રહેવાની સંભાવના છે. જો આગામી દિવસોમાં વાતાવરણ સાનુકૂળ રહે, પવન ન ફૂંકાય કે માવઠું ન થાય, તો બગીચા માલિકો અને ઈજારદારોને આ વર્ષે મોટું આર્થિક વળતર મળી શકે તેમ છે.



### કેસર કેરીમાં 'કલ્ટાર'નો ખેલઃ વહેલી આવકથી ખિસ્સા ભરાશે પણ આંબાનું આયુષ્ય ઘટશે

તાલાલા ગીર ની કેસર કેરી સમગ્ર દુનિયામાં વખણાય છે સામાન્ય રીતે ઉનાળામાં આવતી કેરી ની માંગ આખું વરસ રહે છે કેરીની સીઝન કરતા આગોતરી રીતે બજારમાં આવતી કેરી ના મોં માંગ્યા દામ આવે છે ગીરમાં નૈસર્ગિક રીતે પાકતી કેરી ના પાકને વહેલો ઉતારવા છેલ્લા કેટલાક સમયથી બાગાયતદારો આંબામાં કલટાર નામનું કેમિકલ વાપરે છે કલ્ટાર થી ફલાવરીગ, મોર બેસવાથી લઈ કેરી જલ્દીથી મોટી થાય છે અને બજારમાં વહેલી કેરી આવવાથી ભાવ સારો મળે છે, મોટાભાગના બાગાયતદારો માવજત નો ખર્ચ ઘટાડવા અને ભાવ સારો લેવા માટે કલ્ટારનો ઉપયોગ કરે છે, તેનાથી કેરી વહેલી આવે છે પરંતુ આંબાનું સરેરાશ આયુષ્ય ઘટી જતું હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

### ત્રણ ભાગમાં મોર આવતા "આગતર" કેરીનું આગમન : લક્ષ્મણભાઈ




લક્ષ્મણભાઈએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે આ વર્ષે ફાલ ખૂબ જ સરસ આવ્યો છે જો વાતાવરણ સાનુકૂળ રહે અને માવઠું ન થાય, ઈજારદારો અને વેપારીઓ માટે ઘણું આશાસ્પદ રહેશે અને તો આ વર્ષ માર્ચ-એપ્રિલની શરૂઆતમાં જ બજારમાં કેસરની આવક શરૂ થઈ જશે. શરૂઆતના તબક્કે ૧૦ કિલો કેરીના ભાવ રૂ. ૩૫૦૦ થી ૪૦૦૦ સુધી રહેવાની સંભાવના છે.

### મહેનત કરતા ભાગિયાઓની આશા ફળશેઃ કરશનભાઈ



કરશનભાઈ એ જણાવ્યું હતું કે હાલ આંબામાં ખાખડીઓનો ઉતારો ખૂબ સરસ છે. બજારમાં પણ વહેલી કેરી જોવા મળશે. જો વાતાવરણ સાથ આપશે તો આ વખતે બગીચા માલિકો અને મહેનત કરતા ભાગિયાઓને કોઈ નુકસાની નહીં આવે. હાલ ગીરના આંબાવાડીયાઓમાં કેસરની ભીની સુગંધ અને લટકતી ખાખડીઓ સોનેરી ભવિષ્યના સંકેત આપી રહી છે. જો કુદરતની મહેરબાની જળવાઈ રહેશે, તો આ વર્ષ કેસરના વેપાર સારો સાબિત થશે.

### આ વર્ષ કેસર કેરીના વેપાર અને ઉત્પાદન માટે "ગોલ્ડન વર્ષ" સાબિત થશેઃ ભીખાભાઈ



કિસાન સંઘના આગેવાન ભીખાભાઈએ જણાવ્યું હતું કે "ગયા વર્ષ કરતા આ વર્ષે આંબાવાડીયામાં સ્થિતિ સુધરી છે. ત્રણ વાર ફાલ આવવાથી ખેડૂતોને પાક નિષ્ફળ જવાનો ડર નથી. ગ્રાહકોને પણ લાંબા સમય સુધી મીઠી કેસર ખાવા મળશે."સામાન્ય રીતે મે મહિનાના અંત સુધીમાં કેરીની સીઝન પૂર્ણ થતી હોય છે, પરંતુ આ વર્ષે ત્રણ તબક્કાના ફાલને કારણે કેરીનો સ્વાદ છેક ચોમાસાના આગમન સુધી માણી શકાશે અને વર્ષ કેસરના વેપાર અને ઉત્પાદન માટે 'ગોલ્ડન વર્ષ' સાબિત થશે.

---

ભાર વિનાનું ભણતર...

# સરકારી શાળાઓના ૧૨.૩૫ લાખ ભુલકાઓ હવે 'જાદુઈ પીટારા' થી રમતા-રમતા ભણશે

## બાળકોના શિક્ષણ માટે રાજ્ય સરકારની નવી ' જાદુઈ પીટારા' યોજનાઃ ધોરણ ૧-૨ ના ભૂલકાઓ રમતગમતથી પાયાનું શિક્ષણ મેળવશે

**અબતક, રાજકોટ**

આજના આધુનિક અને ટેક્નોલોજીના યુગમાં બાળકો માત્ર પુસ્તકીયા જ્ઞાન સુધી મર્યાદિત ન રહેતા રમત-ગમત અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મેળવે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા એક ક્રાંતિકારી પહેલ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના બાળકો માટે ૭૪ હજારથી વધુ 'જાદુઈ પીટારા' વિતરણ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ નવતર પ્રયોગનો સીધો લાભ રાજ્યના



૧૨.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને મળશે, જે તેમના પાયાના શિક્ષણને વધુ મજબૂત બનાવશે.

ભારત સરકારના શિક્ષણ વિભાગની માર્ગદર્શિકા હેઠળ શરૂ કરાયેલ આ 'જાદુઈ પીટારા' યોજના અમલી બનાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બન્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના ભાવિ નાગરિકોને ગોખણિયા શિક્ષણ પદ્ધતિથી દૂર કરી પ્રવૃત્તિલક્ષી શિક્ષણ તરફ આકર્ષવાનો છે. શિક્ષણ વિભાગની યાદી અનુસાર, બાલવાટિકા અને પ્રાથમિક સ્તરે આ પ્રકારનું આધુનિક સંસાધન ઉપલબ્ધ કરાવીને ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે ફરી એકવાર પોતાની અગ્રેસરતા સાબિત કરી છે.

આ જાદુઈ પીટારા માત્ર શૈક્ષણિક સાધન નથી, પરંતુ બાળકો માટે 'ભાર વિનાના ભણતર'નો એક માર્ગ છે. રાજ્ય સરકારનો પ્રયાસ છે કે સરકારી શાળાના બાળકોને એવી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવામાં આવે જેનાથી તેમને વિષયવસ્તુ લાંબા ગાળા સુધી યાદ રહે. નેશનલ એજ્યુકેશન પોલિસી (એઈપી-૨૦૨૦) અને 'નિપુણ ભારત મિશન'ના લક્ષ્યોને



પૂર્ણ કરવા માટે એનસીઈઆરટી દ્વારા નિર્મિત આ કિટને વર્ગખંડોમાં વહેંચવામાં આવી રહી છે, જે શૈક્ષણિક ગુણવત્તામાં મોટો ઉછાળો લાવશે.

આ વિશેષ કિટ 'ટોય બેઝ પેડાગોજી' (રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્ર) પર આધારિત છે. આમાં રમત, કલા, સંગીત, નવાચાર અને પ્રોજેક્ટ જેવી ૩૦ જેટલી વિવિધ સામગ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ શિક્ષકો માટે તેના ઉપયોગની માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે, જેથી તેઓ વર્ગખંડમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે અસરકારક વાતાવરણ પૂરું પાડી શકે. આ સંસાધનો દ્વારા સહપાઠી શિક્ષણ અને સતત મૂલ્યાંકન પ્રક્રિયા પણ વધુ રસપ્રદ બનશે.

જાદુઈ પીટારાની અંદર રહેલી સામગ્રીની વાત કરીએ તો, તેમાં બાળકોના માનસિક અને શારીરિક વિકાસને પોષક એવા સંગીતના સાધનો, રમત-ગમતના સાધનો, પપેટ્સ (પૂતળા), મણકા, વિવિધ શૈક્ષણિક રમકડાં, પઝલ્સ અને રસોડા સેટ જેવી અનેક આકર્ષક ચીજવસ્તુઓ રાખવામાં આવી છે. આ સામગ્રીના ઉપયોગથી બાળકો શાળાએ આવવા માટે વધુ પ્રોત્સાહિત થશે અને ખેલતા-કૂદતા શિક્ષણ મેળવશે, જે તેમના સર્વાંગી વિકાસમાં પાયાનું કામ કરશે.

---

# પુરાણોમાં છુપાયેલું જ્ઞાન આધુનિક પેઢી માટે પ્રેરણારૂપ : કુલપતિ પ્રો. ઉત્પલ જોશી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંસ્કૃત સાહિત્યનો મિલાવડોઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંસ્કૃત ભવન આયોજિત રાષ્ટ્રીય વર્કશોપમાં દેશભરના ૧૫૦ વિદ્વાનો ઉમટ્યા




**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત ભવન દ્વારા 'પૌરાણિક સાહિત્યમાં ભારતીય જ્ઞાન પરંપરા' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારની પીએમ-ઉષા યોજના અંતર્ગત 'મેરુ' તરીકે પસંદગી પામેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ ઉપક્રમે સંસ્કૃત વિભાગ દ્વારા તાજેતરમાં શૈક્ષણિક પ્રકલ્પ હાથ ધરાયો હતો. આ કાર્યશાળાનો મુખ્ય હેતુ ભારતીય જ્ઞાન પરંપરાના સંવર્ધન અને પૌરાણિક સાહિત્યમાં રહેલા ગૂઢ જ્ઞાનને આધુનિક શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં ઉજાગર કરવાનો હતો.

કાર્યશાળાના ઉદ્ઘાટન પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ઉત્પલ જોષીએ જણાવ્યું હતું કે, જ્ઞાન પ્રાપ્તિનો વાસ્તવિક પ્રારંભ જિજ્ઞાસાવૃત્તિમાં રહેલો છે. આ પ્રસંગે બીજરૂપ વકતા તરીકે ઉપસ્થિત બિહારની એમ.જી. સેન્ટ્રલ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો. સંજીવ કુમાર શર્માએ ભારતીય જ્ઞાન પરંપરાને સર્વગ્રાહી અને સર્વસમાવેશી ગણાવી હતી. આ તકે યુનિવર્સિટીના કુલસચિવ ડો. મનીષભાઈ ધામેચા અને સંસ્કૃત ભવનના અધ્યક્ષ પ્રો. રાજાભાઈ કાથડ સહિતના મહાનુભાવો દ્વારા મહેમાન વિદ્વાનોનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.બે દિવસીય આ કાર્યશાળામાં દેશની વિવિધ યુનિવર્સિટીઓમાંથી આવેલા ૧૫૦થી વધુ વિદ્વાનો અને સંશોધકોએ સાત વિવિધ સત્રોમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. જેમાં દિલ્હી યુનિવર્સિટીના પ્રો. શાંતિલાલ સાલવીએ પૌરાણિક આદર્શ નાયકો દ્વારા મળતી નૈતિક શિક્ષા પર ભાર મૂક્યો હતો, જ્યારે ઈગ્નોયુના પ્રો. કૌશલ પંવારે પુરાણોમાં વર્ણિત નારી શક્તિ અને સ્ત્રી અધિકારો વિશે વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત પ્રો. એમ. કે. મોલિયાએ ન્યાય વ્યવસ્થા અને પ્રો. ડી. બી. રાઠવાએ સૃષ્ટિના રહસ્યો વિશે પૌરાણિક દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો.

કાર્યશાળાના અન્ય મુખ્ય વકતાઓ પૈકી પ્રો. મયુરીબહેન ભાટિયાએ સંસ્કૃત સાહિત્યમાં નિહિત ગુરુ-શિષ્ય પરંપરાના ઉદાહરણો આપ્યા હતા, જ્યારે પ્રો. દિલીપ પટેલ અને પ્રો. સંજીવ ઓઝાએ પૌરાણિક સાહિત્યને ભારતીય જ્ઞાન પરંપરાનો આધારસ્તંભ ગણાવ્યો હતો. કાર્યશાળામાં વૈદિક-પૌરાણિક વિચારધારા, ભારતીય તત્વચિંતન અને આધુનિક સમાજમાં તેની પ્રાસંગિકતા જેવા વિષયો પર પ્રશ્નોત્તરી અને વિચાર-વિમર્શના માધ્યમથી વિષયની વિશદ સમજૂતી આપવામાં આવી હતી. સમાપન સમારંભમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ વૈદ્ય સંજીવભાઈ ઓઝાએ પ્રેરક બૌદ્ધિક પાથેય પૂરું પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંયોજન ડો. શારદાબહેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યશાળાને સફળ બનાવવામાં સંસ્કૃત ભવનના અધ્યક્ષ પ્રો. રાજાભાઈ કાથડ, વિવિધ સમિતિના સદસ્યો, વહીવટી સ્ટાફ તેમજ ડો. આંબેડકર ચેરના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી, જેનું સમાપન વંદે માતરમ્ ગાન સાથે કરવામાં આવ્યું હતું.



---

# દિનેશ કડછાએ એથ્લેટિક્સમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વિજયી ધ્વજ લહેરાવ્યો

## જે.જે. કુંડલિયા કોલેજના વિદ્યાર્થી દિનેશ કડછાએ ઓલ ઈન્ડિયા એટલેટિક્સ મીટમાં લાંબી કૂદમાં ઐતિહાસિક પ્રદર્શન કરી ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ માટે પણ ક્વોલિફાઈડ થયો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં એથ્લેટિક્સ રમતમાં ભાઈઓની લાંબી કૂદ સ્પર્ધામાં એક નવી અને ગૌરવસભર સિદ્ધિ નોંધાઈ છે. એ.આઈ.યુ. ઓલ ઈન્ડિયા એટલેટિક્સ મીટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થી કડછા દિનેશ, જે.જે. કુંડલિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી,એ ભાઈઓની લાંબી કૂદ સ્પર્ધામાં ચોથો ક્રમ પ્રાપ્ત કરી સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે.આ સિદ્ધિ વિશેષ મહત્વ ધરાવે છે કારણ કે આ પહેલા ક્યારેય પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોઈ ખેલાડીએ લાંબી કૂદ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા સ્તરે ક્વોલિફાઈડ થવાનો ઈતિહાસ રચ્યો નહોતો. આ પ્રથમવાર છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીએ ઓલ ઈન્ડિયા એટલેટિક્સ મીટમાં લાંબી કૂદમાં ભાગ લઈ ઉત્તમ પ્રદર્શન કર્યું છે.આ ઉપરાંત, આ ઓલ ઈન્ડિયા સ્પર્ધાના પરિણામના આધારે શ્રેષ્ઠ ખેલાડીઓનું પસંદગી પ્રક્રિયા હેઠળ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ માટે ક્વોલિફિકેશન થતું હોય છે, જેમાં કડછા દિનેશે ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ માટે પણ ક્વોલિફાઈડ થઈને વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ પોતાના નામે નોંધાવી છે. આથી તેમની આ સફળતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે દ્વિગુણ ગૌરવરૂપ બની છે.આ



ઐતિહાસિક સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આદરણીય કુલપતિ પ્રો. (ડો.) ઉત્પલ જોશીએ કડછા દિનેશને ઓલ ઈન્ડિયા સ્પર્ધામાં પસંદગી થવા તેમજ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ માટે ક્વોલિફાઈડ થવા બદલ હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી છે.તદુપરાંત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તથા ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા સાહેબે અને સમગ્ર શારીરિક શિક્ષણ અધ્યાપક પરિવારે આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ખેલાડીને તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે આ સફળતા યુનિવર્સિટીમાં એથ્લેટિક્સ ક્ષેત્રે નવી દિશા અને નવી પ્રેરણા આપનાર સાબિત થશે.કડછા દિનેશની આ સિદ્ધિ ભાવિ યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ ક્ષેત્રે નવા ઈતિહાસની શરૂઆતરૂપ

## સ્પોર્ટ્સ અબતક

# વાહ બાપુ...વિશ્વરાજે ધમાકેદાર સદી ફટકારી સૌરાષ્ટ્રને ફાઈનલમાં પહોંચાડ્યું

## ચોથીવાર વિજય હઝારે ટ્રોફીની ફાઈનલમાં પહોચેલી સૌરાષ્ટ્રની ટીમ ત્રીજીવાર ટાઈટલ જીતી શકશે? બેંગ્લુરૂ ખાતે રમાશે ટાઈટલ જંગ

## સેમિ ફાઈનલમાં પંજાબને નવ વિકેટે પરાજય આપ્યો: ઓપનર વિશ્વરાજસિંહ જાડેજાએ અણનમ ૧૬૫ રન ફટકાર્યા

**અબતક,રાજકોટ**

પંજાબને સેમી ફાઈનલમાં ૯ વિકેટે કારમો પરાજય આપી સૌરાષ્ટ્રની ક્રિકેટ ટીમે બીસીસીઆઈની વિજય હઝારે ટ્રોફીની ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ મેળવી લીધો છે. આવતીકાલે બેંગાલુરૂ ખાતે સૌરાષ્ટ્ર અને વિદર્ભ વચ્ચે ટાઈટલ જીતવા માટે જંગ જામશે. સૌરાષ્ટ્રની ટીમ ચોથીવાર વિજય હઝારે ટ્રોફીના ફાઈનલમાં પહોચી છે. સૌરાષ્ટ્ર અગાઉ બે વખત ચેમ્પીયન બની ચૂકયું છે. હવે ત્રીજીવાર ટાઈટલ જીતવાની તક છે.

બેંગાલુરૂ ખાતે ગઈકાલે સૌરાષ્ટ્ર અને પંજાબ વચ્ચે વિજય હઝારે ટ્રોફી ૨૦૨૫-૨૦૨૬ નો બીજો સેમીફાઈનલ મેચ રમાયો હતો. સૌરાષ્ટ્રના સુકાની હાર્વિક દેસાઈએ ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગનો નિર્ણય લીધોહતો. અનમોલ પ્રિત સિંગના ૧૦૦ રન, પ્રભસિમરનસિંહના ૮૭ રન તથા રમણદીપસિંહના ૪૨ રનની મદદથી પંજાબની ટીમે નિર્ધારીત ૫૦ ઓવરમાં ૨૯૧ રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્ર તરફથી ચેતન સાકરીયાએ ૧૦ ઓવરમાં ૬૦ રન આપી ૪ વિકેટો ખેડવી હતી. અંકુર પવાર અને ચિરાગ જાનીએ બબ્બે વિકેટો ખેડવી હતી ૨૯૨ રનના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી સૌરાષ્ટ્રની ટીમને ઓપનર હાર્વિક દેસાઈ અને વિશ્વરાજ જાડેજાને મજબુત શરૂઆત અપાવી હતી. પ્રથમ વિકેટ માટે બંને ઓપનર વચ્ચે ૨૩ ઓવરમાં ૧૭૧ રનની ભાગીદારી નોંધાઈ હતી. સુકાની હાર્વિક દેસાઈના રૂપમાં સૌરાષ્ટ્રની પ્રથમ વિકેટ પડી હતી તેને ૬૩ બોલમાં નવ ચોગ્ગા સાથે ૬૪ રન બનાવ્યા હતા.

ત્યારબાદ વિશ્વરાજ જાડેજા સાથે બેટીંગમા જોડાયેલા પ્રેરક માંકડે સૌરાષ્ટ્રને વધુ નુકશાની થવા દીધી નહતી ૩૯.૩ ઓવરમાં માત્ર એક જ વિકેટ ગુમાવી ૨૯૩ રન બનાવી લીધા હતા. વિશ્વરાજ જાડેજાએ માત્ર ૧૨૭ બોલમાં ૩ સિકસર અને ૧૮ ચોગ્ગાની મદદથી અણનમ ૧૬૫ રન બનાવ્યા હતા. જયારે પ્રેરક માંકડ ૪૯ બોલમાં ૭ ચોગ્ગાની મદદથી ૫૨ રન બનાવી અણનમ રહ્યોહતો.

વિજય હઝારે ટ્રોફીમાં સૌરાષ્ટ્રનુય પ્રદર્શન ખૂબજ શાનદાર રહ્યું છે. બંને ઓપનર હાર્વિક દેસાઈ અને વિશ્વરાજ જાડેજાના ફોર્મના સહારે ફાઈનલ સુધીની સફ પાર કરી છે. આ પૂર્વે સૌરાષ્ટ્રની ટીમ ત્રણ વખત વિજય હઝારે ટ્રોફીની ફાઈનલમાં પહોચ્યું હતુ. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ની સિઝનમાં બંગાળને હરાવી સૌરાષ્ટ્રની ટીમ પ્રથમવાર વિજય હઝારે ટ્રોફીમાં ચેમ્પીયન બન્યું હતુ. જયારે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ની સીઝનમાં સૌરાષ્ટ્રની ટીમે મહારાષ્ટ્રને હરાવ્યું હતુ. જયારે વર્ષ ૨૦૧૭-૨૦૧૮માં સૌરાષ્ટ્રનો ફાઈનલમાં કર્ણાટક સાથે પરાજય થયો હતો.

આવતીકાલે બેંગાલુરૂ ખાતે સૌરાષ્ટ્ર અને વિદર્ભ વચ્ચે વિજય હઝારે ટ્રોફી ૨૦૨૫-૨૦૨૬નો ફાઈનલ જંગ ખેલાશે સૌરાષ્ટ્ર પાસે ત્રીજી વખત ટાઈટલ જીતવાની તક છે. દરમિયાન સેમીફાઈનલમાં અણનમ ૧૬૫ રન બનાવનાર વિશ્વરાજ જાડેજાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

ટોસ હારીને બેટિંગ કરવા ઉતરેલી પંજાબની શરૂઆત ખાસ રહી ન હતી. ટીમે ૬૦ રનના સ્કોર પર પહેલી વિકેટ ગુમાવી દીધી હતી. અહીં હરનૂર સિંહ ૩૩ રનના વ્યકિતગત સ્કોર પર રનઆઉટ થઈ ગયો. ટીમ તરફથી કેપ્ટન પ્રભસિમરન સિંહે ૮૭ રન બનાવ્યા. કેપ્ટન પ્રભસિમરન ઉપરાંત, અનમોલપ્રીત સિંહે ૧૦૦ રન બનાવ્યા. હરનૂરે ૩૩ અને રમણદીપ સિંહે ૪૨ રન બનાવ્યા.સૌરાષ્ટ્ર તરફથી લેફટી પેસર ચેતન સકરિયાએ ૪ વિકેટ ઝડપી. તેના સિવાય, અંકુર અને ચિરાગે ૨-૨ વિકેટ ઝડપી.



### ૨ન ચેઝમાં ઓપનરોની ૧૭૨ ૨નની ભાગીદારી

૨૯૨ રનનો ટાર્ગેટ ચેઝ કરવા ઉતરેલી સૌરાષ્ટ્રે મજબૂત શરૂઆત કરી. કેપ્ટન હાર્વિક દેસાઈ અને વિશ્વરાજ જાડેજાની જોડીએ ૧૩૮ બોલમાં ૧૭૨ રનની ભાગીદારી કરી. આ ભાગીદારી ગુરનૂર બરારે તોડી. તેણે હાર્વિકને નમન ધીરના હાથે કેચ કરાવ્યો.

### કાલે ફાઈનલમાં હાઈ વોલ્ટેજ ડ્રામા

૧૮ જાન્યુઆરીએ એક તરફ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની કરો યા મરો મેચ હશે, તો બીજી તરફ વિજય હજારે ટ્રોફીની ફાઈનલમાં સૌરાષ્ટ્ર અને વિદર્ભ ટકરાશે. વિશ્વરાજ જાડેજાની અણનમ સદીના સહારે સૌરાષ્ટ્રે વિજય હજારે ટ્રોફી ૨૦૨૫-૨૬ની ફાઈનલમાં પહોંચ્યું છે. ટીમે શુક્રવારે બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ ગ્રાઉન્ડ ૧ ખાતે રમાયેલી સેમિફાઈનલ-૨માં પંજાબને ૯ વિકેટથી હરાવ્યું હતું.





### વિશ્વરાજ જાડેજાએ ત્રીજી સદી ફટકારી

સૌરાષ્ટ્રના ઓપનર વિશ્વરાજ જાડેજાએ આ સીઝનમાં ત્રીજી સદી ફટકારી છે. તેણે ગુજરાત સામે ૧૧૨ અને દિલ્હી સામે ૧૧૫ રનની ઈનિંગ્સ રમી હતી. તે વર્તમાન સીઝનના ટોપ સ્કોરરની યાદીમાં છઠ્ઠા નંબર પર આવી ગયો છે. તેના નામે ૯ મેચમાં ૫૩૨ રન છે.

# રાધા-રિચા અને શ્રેયંકાના ત્રિવેણી સંગમે રોયલ ચેલેન્જને જીતની હેટ્રિક અપાવી

## બેગ્લોરે ગુજરાત જાયન્ટ્સને ૩૨ રનથી હરાવ્યું: આરસીબી પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પહોંચ્યું



**અબતક, રાજકોટ**

મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ ની નવમી લીગ મેચમાં આરસીબીનો સામનો નવી મુંબઈમાં પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે ગુજરાત જાયન્ટ્સ સાથે થયો હતો જેમાં રાધા યાદવની ધમાકેદાર અડધી સદી અને શ્રેયંકા પાટિલની પાંચ વિકેટની મદદથી આરસીબીએ ગુજરાત જાયન્ટ્સને ૩૨ રનથી હરાવ્યું હતું અને જીતની હેટ્રિક પૂર્ણ કરી.

ગુજરાતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. આરસીબીએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૮૨ રન બનાવ્યા, જેનાથી ગુજરાતને ૧૮૩ રનનો લક્ષ્યાંક મળ્યો. જવાબમાં, ગુજરાતે ૧૮.૫ ઓવરમાં ૧૫૦ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું.

આરસીબીનો આ સિઝનમાં સતત ત્રીજો વિજય હતો, જ્યારે ગુજરાતની ચોથી મેચમાં આ તેનો બીજો પરાજય હતો. આ જીત સાથે,આરસીબી ના કુલ સ્કોર છ પોઈન્ટ પર પહોંચી ગયા, જેનાથી તેઓ પોઈન્ટ ટેબલમાં મજબૂત સ્થિતિમાં આવી ગયા.આરસીબી ઓપનર હેરિસ ૧૭ રન બનાવી આઉટ થઈ હતી જ્યારે સ્મૃતિ મંધાના ૫ રન બનાવી આઉટ થઈ, જ્યારે હેમલતા પણ નિષ્ફળ રહી, તેણે ૪ રન બનાવીને પોતાની વિકેટ ગુમાવી દીધી. ગૌતમી પણ ૯ રન બનાવી આઉટ થઈ. રાધા યાદવે ૩૬ બોલમાં અડધી સદી ફટકારી અને ૬૬ રન બનાવી આઉટ થઈ. રિચાએ સારી ઈનિંગ રમી, ૨૮ બોલમાં ૪૪ રન બનાવ્યા હતા. ગુજરાત તરફથી સોફી ડિવાઈને ૩ વિકેટ લીધી, જ્યારે કેશવી ગૌતમે ૨ વિકેટ લીધી.

### શ્રેયંકાએ ૫ વિકેટ ઝડપી

ગુજરાત તરફથી બેથ મૂનીએ ૨૭ રન બનાવ્યા, જ્યારે સોફી ડિવાઈને ૮ રન બનાવ્યા. કનિકાએ ૧૬ રન બનાવ્યા, જ્યારે ગાર્ડનર ૩ રન બનાવી આઉટ થઈ. ટીમ તરફથી ભારતી ફુલમણીએ સૌથી વધુ ૩૯ રન બનાવ્યા, જ્યારે કાશવી ગૌતમે ૧૮ રન બનાવ્યા. તનુજા કંવરે ૨૧ રન બનાવ્યા.બેગ્લોર તરફથી શ્રેયંકા પાટિલે શાનદાર બોલિંગ કરી, ૩.૫ ઓવરમાં ૨૩ રન આપીને ૫ વિકેટ લીધી, જ્યારે લોરેન બેલે પણ ૩ વિકેટ લીધી.



# કિવિઝ સામેની ટી-૨૦ શ્રેણીના પ્રથમ ત્રણ મેચમાં સુંદર-તિલક આઉટ, અય્યર-બિશ્નોઈની એન્ટ્રી

**અબતક, રાજકોટ**

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી ૨૧ જાન્યુઆરીથી શરૂ થઈ રહી છે. મેચ પહેલા ક્રિકેટ વર્તુળોમાંથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ઘાયલ વોશિંગ્ટન સુંદરના સ્થાને રવિ બિશ્નોઈનો ભારતીય ટી૨૦ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે તિલક વર્માના સ્થાને શ્રેયસ ઐયરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઐયરનો પ્રથમ ત્રણ મેચ માટે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.





ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ચાલી રહેલી ત્રણ મેચની ઓડીઆઈ શ્રેણીની પહેલી મેચ ૧૧ જાન્યુઆરીએ વડોદરાના બીસીએ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. બોલિંગ કરતી વખતે, વોશિંગ્ટન સુંદરને તેની નીચેની પાંસળીમાં અચાનક દુખાવો થયો હતો, જેના કારણે તેને મેદાન છોડી દેવું પડ્યું હતું. પાછળથી સ્કેન કરવામાં આવ્યું ત્યારે સાઈડ સ્ટ્રેન હોવાનું બહાર આવ્યું. તેને થોડા દિવસ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. સ્વસ્થ થયા પછી, તે બીસીસીઆઈ સેન્ટર ઓફ

(અનું.આઠમાં પાને)

# ટી-૨૦ વર્લ્ડકપ: અમેરિકા બાદ ઈંગ્લેન્ડના મૂળ પાકિસ્તાની ખેલાડીઓના વિઝા ઘોંચમાં!!!

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરીમાં ભારત અને શ્રીલંકામાં આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ યોજાનારો છે અને તે માટે તમામ ટીમ તૈયારી કરી રહી છે પરંતુ ઈંગ્લેન્ડની ટીમની તૈયારીમાં વિક્ષપ પડ્યો છે કેમ કે તેના બે ખેલાડી આદિલ રશીદ અને રેહાન અહેમદને હજી સુધી ભારત સરકાર તરફથી વિઝા મળ્યા નથી. વિલંબનો અર્થ એ થયો કે પાકિસ્તાની મૂળ ધરાવતા આ બંને ખેલાડી ઈંગ્લેન્ડની ટીમના બાકીના ખેલાડીઓ સાથે પ્રવાસ કરશે નહીં. ઈંગ્લેન્ડની ટીમ વર્લ્ડ કપ માટે ભારત આવતાં અગાઉ શ્રીલંકામાં ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦ મેચની સિરીઝમાં રમવાની છે. હવે આ સિરીઝમાં આદિલ રશીદ અને રેહાન અહેમદ રમે તેવી સંભાવના ઓછી છે કેમ કે આ સિરીઝ વર્લ્ડ કપની તૈયારીરૂપે યોજાનારી છે. આદિલ રશીદ હાલમાં સાઉથ આફ્રિકા ટી૨૦માં રમી રહ્યો છે જ્યારે રેહાન અહેમદ બિગ બેશમાં રમવા ઓસ્ટ્રેલિયા ગયો છે. એવી આશા રખાય છે કે તેમને વિઝા ફાળવવામાં આવશે તો તેઓ સીધા જ ભારતમાં ટીમની સાથે જોડાઈ જશે. પરંતુ તેઓ શ્રીલંકામાં રમે તેવી શકયતા ઓછી છે. એક અહેવાલ મુજબ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) ને ખાતરી આપવામાં આવી છે કે તેમની અરજીઓ પર કોઈ વાંધો નથી અને પ્રક્રિયા ઝડપી બનાવવા માટે બ્રિટન સરકાર પાસેથી મદદ માગવામાં આવી છે. જોકે આ અંગે કોઈ સમય મર્યાદા

(અનું.આઠમાં પાને)



# અંડર ૧૯ વર્લ્ડકપ: ભારત બાંગ્લાદેશને હરાવશે તો સુપર સિક્સમાં સ્થાન પાકું કરશે

## બાંગ્લાદેશે ટોસ જીતી પ્રથમ બોલીંગ પસંદ કરી: આયુષ માત્રેનો ફલોપ શો જારી

**અબતક, રાજકોટ**

આઈસીસી અંડર-૧૯ વર્લ્ડકપ હાલમાં ચાલી રહ્યો છે.ભારતીય ટીમે પહેલા મેચમાં જ યુએસએને હરાવીને વિજય મેળવ્યો છે.નોંધનીય છે કે વૈભવ સૂર્યવંશી જેમની પાસેથી સૌથી વધુ રન બનાવવાની અપેક્ષા હતી,તે સ્કોર કરવામાં નિષ્ફળ ગયો.આમ છતાં ભારતીય ટીમ જીતી ગઈ અને બે પોઈન્ટ મેળવ્યા હતા. ટીમ ઈન્ડિયા આજે બાંગ્લાદેશ સામે મેદાનમાં ઉત્તરી છે. ટીમ ઈન્ડિયાની આ બીજી મેચ છે, પરંતુ બાંગ્લાદેશ તેમની પહેલી મેચ રમી રહ્યું છે. બાંગ્લાદેશે ટોસ જીતી પ્રથમ બોલિંગ પસંદ કરી છે. આ લખાઈ રહ્યું છે ત્યારે ૧૯ ઓવરના અંતે ભારતીય ટીમે ૩ વિકેટ ગુમાવી ૯૨ રન બનાવી લીધા છે. પાવરપ્લેમાં જ ભારતે ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. જો કે સૂર્યવંશી અને કુંડુ હાલ ભારતીય ટીમને મજબૂત સ્થતિ તરફ લઈ જઈ રહ્યા છે.

ભારતની ટીમ નિઃશંકપણે મજબૂત છે, પરંતુ બાંગ્લાદેશની યુવા ટીમ પણ ખૂબ સારી દેખાય છે. આનો અર્થ એ છે કે આ મુકાબલો નજીકનો હોવાની શક્યતા છે. તેથી, ટીમ ઈન્ડિયાએ આને હળવાશથી ન લેવું જોઈએ.

આયુષ મ્હાત્રેની કેપ્ટનશીપ હેઠળ, અંડર-૧૯ ભારતીય ટીમે તેની પ્રથમ મેચમાં યુએસએને છ વિકેટથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, યુએસએ ૧૦૭ રન બનાવ્યા અને તેમની સંપૂર્ણ ૫૦ ઓવર પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ. જ્યારે ભારતીય ટીમ બેટિંગ કરવા ઉતરી, ત્યારે વરસાદ પડ્યો અને મેચ બંધ કરવી પડી. મેચ લાંબા સમય સુધી વિક્ષેપિત રહી, તેથી ભારત માટે એક નવો અને સુધારેલો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો. ભારતને જીતવા માટે ૩૭ ઓવરમાં ૯૬ રનની જરૂર હતી, પરંતુ ભારતીય ટીમે તે ફક્ત ૧૭.૨ ઓવરમાં જ હાંસલ કરી લીધો.ઉલ્લેખનીય છે કે ઝિમ્બાબવે તથા નામિબિયામાં આ ટુર્નામેન્ટ સંયુક્ત રીતે યોજાઈ રહી છે. જેની ફાઈનલ મેચ તા. બીજી ફેબ્રુઆરીના રમાશે.એ પછી તરત જ સિનિયર ટીમનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે, જે આઠમી માર્ચ સુધી ચાલશે.

### ભારતે પાવરપ્લેમાં જ ૩ વિકેટ ગુમાવી

ટોસ હારતા પહેલી બેટિંગ કરી રહેલી ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે શરૂઆતની ૧૦ ઓવરની રમતમાં ૫૩ રન બનાવવામાં ૩ વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન આયુષ મ્હાત્રે ૬, વેદાંત ત્રિવેદી ઝીરો અને વિહાન મલ્હોત્રા ૭ રન પર પેવેલિયન પરત ફરી ચૂક્યા હતા.

### ૩૦ બોલમાં જ ફિફટી ફટકારી સૂર્યવંશીએ યુથ વન-ડેમાં એક હજાર રન પુરા કર્યા

અંડર-૧૯ વર્લ્ડ કપમાં આજે ભારતનો સામનો બાંગ્લાદેશ સામે થઈ રહ્યો છે. બાંગ્લાદેશે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. આ મેચ બુલાવાયોમાં રમાઈ રહી છે. ભારતનો સ્કોર ૧૭ ઓવરમાં ૭૧/૨ છે.૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી વિરાટ કોહલીથી આગળ નીકળી ગયો છે. તે હવે યુથ વન-ડેમાં ઈન્ડિયાનો ટોપ સ્કોરર બની ગયો છે.૧૩મી ઓવરમાં વૈભવ સૂર્યવંશીએ હાફ સેન્ચુરી પૂરી કરી લીધી છે. તેણે શેખ પાવેઝ જિબોનના છઠ્ઠા બોલ પર સિંગલ લીધો અને ૩૦ બોલ પર હાફ સેન્ચુરી બનાવી.



# ધારાસભ્ય રાઘવજી પટેલ અને બિલ્ડર પિતા-પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરનાર સુત્રધાર ઝડપાયો

## નેપાળમાં બેસી વિશાલ કણસાગરા નેટવર્ક ચલાવતો હોવાનો ખુલાસો



**અબતક, જામનગર**

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલ અને જામનગરના અગ્રણી બિલ્ડર પિતા પુત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર વિશાલ કણસાગરાને આખરે જામનગર સાયબર પોલીસે ઝડપી લીધો છે, અને આઠ દિવસના રિમાન્ડ પર લીધો છે. આ શખ્સ નેપાળમાં બેસીને નેટવર્ક ચલાવતો હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

જામનગરના અગ્રણી બિલ્ડર જમનભાઈ ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરું રચવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ પૂર્વ કૃષિ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ની આ.ઈડી. ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી.

અન્ય એક બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે આ પ્રકરણમાં હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના આરોપીઓની અટકાયત કરી લીધી હતી. જ્યારે આ પ્રકરણમાં મુખ્ય

### પિતાને જેલમાં છોડાવવા માટે વિદેશ ભાગીને નાણા પડાવવા પોસ્ટ વાયરલ કરતો

સૂત્રધાર વિશાલ કણસાગરા કે જે પકડાયેલા આરોપી હેમતલાલ કણસાગરા નો પુત્ર છે. પોતે જ સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી રહ્યો છે, તેવી ચોક્કસ કડી જામનગર સાયબર પોલીસને મળી હતી.

દરમિયાન હેમતલાલ કણસાગરા જામીન પર છોડાવવા માટે વિશાલ કણસાગરા પોતે નેપાળ ભાગ્યો હતો, અને નેપાળમાંથી આ બધી પોસ્ટ મૂકીને સોશિયલ મીડિયામાં નાણા પડાવવા માટે બિલ્ડર વગેરેને બદનામ કરતો હતો, જે ભારતમાં આવીને જામનગર પહોંચ્યો હતો. તે દરમિયાન જામનગર સાઈબર પોલીસ સ્ટેશનની ટીમે તેનું લોકેશન શોધીને ઝડપી લીધો છે, અને અદાલત સમક્ષ રજુ કરી આઠ દિવસના રિમાન્ડ પર લીધો છે.

વિશાલ કણસાગરા સામે ૧૧ અને તેના પિતા સામે ચાર સાયબર ફ્રોડ સંબંધી ગુનાઓ દાખલ થઈ ચૂક્યા છે, બિલ્ડર સહિતના વ્યક્તિઓ પાસે નાણા પડાવાના બહાને આ કરતુત કરતો હોવાનું પણ કબુલ્યું છે.

# યુવાનને આપઘાતની ફરજ પાડવાના ગુનામાં પતિ અને સાસુ નિર્દોષ

## પૈસાની માંગણી અને ત્રાસના કારણે કંટાળી જઈ આત્મહત્યા કરી હતી

**અબતક, રાજકોટ**

બામણબોર ગામના યુવાનને મરવા મજબૂર કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પતિ અને સાસુને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે વધુ વિગત મુજબ બામણબોર ગામે રહેતા સંજયભાઈ લક્ષ્મણભાઈ બાવળીયા નામના ત્રીસ વર્ષીય યુવાને પત્ની પલવીબેન અને સાસુ મધુબેન દિનેશભાઈ પંચાળા ના ત્રાસથી તારીખ ૪/ ૨ /૨૪ ના રોજ પોતાના ઘરે ગળાફાંસો ખાય આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં મૃતક સંજયભાઈ બાવળીયાના ભાઈ વિજયભાઈ બાવળીયાએ એરપોર્ટ રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પત્ની અને સાસુને જુગાર રમવાની ટેવ હોય અને જે બાબતે સંજયભાઈ બાવળિયાને ધમકી આપતા હોય જે અંગે આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું પોલીસે બંને સામે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા કેસની સુનાવણી ચાલવા પર આવતા તેઓએ પોતાના બચાવ અર્થે લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલની માંગણી કરી હતી. બચાવ માટે કાનૂની સહાય મેળવી હતી. ફરીયાદી પક્ષે કુલ ૧૧ સાહેદો તપાસવામાં આવેલ અને ફરીયાદ પક્ષે વિશેષ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ હતા. સાહેદોની જુબાનીમાં ગુજરનારને આરોપીઓ દ્વારા જુગાર રમવા બાબતે કે છુટાછેડા લેવા બાબતે પૈસાની માંગણી કે ત્રાસના કારણે કંટાળી જઈ આત્મહત્યા કરી હોય તેવું કોઈ રેકર્ડ ઉપર આવેલ ન હોય જે દલીલ ધ્યાને લઈ અધિક સેશન્સ જજ દ્વારા માતા પુત્રીને આપઘાતની ફરજ પાડવાના ગુનામા નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે. બચાવ પક્ષે કાનુની સેવા સતા મંડળ દ્વારા નીમાયેલ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ હીતેશ જી. ગોહેલ રોકાયેલ હતા.




# પતંગ ચગાવતી વેળાએ પટકાતા બાળકનું મોત

## અગાસી પરથી પડી ગયેલા આઠ વર્ષના બિંદુનું ઘટના સ્થળે પ્રાણ પંખેરૂ ઉડી ગયું તું

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વાસી ઉતરાયણમાં પતંગ ચગાવતી વખતે અગાસી પરથી પટકાતા ૮ વર્ષીય બાળકનું મોત નીપજ્યું હતુ.અંગે પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા સોમનાથ વેબ બ્રિજ ની બાજુમાં જીઆઈડીસી વિસ્તારમાં રહેતા જુગેસ કુમાર બિંદ ના આઠ વર્ષના પુત્ર અંકિતકુમાર ગઈકાલે સાંજે ૫:૦૦ વાગ્યે પોતાના ઘરની અગાસી પરથી પતંગ ચગાવતો હતો ત્યારે અગાસી પરથી અકસ્માતે નીચે પડી જતા ગંભીરાના કારણે બેભાન થઈ ગયો હતો અને ૧૦૮ ને બોલાવતા ૧૦૮ ના અલ્પેશભાઈએ સ્થળ પર પહોંચી અંકિતની તપાસ કરતા તે મૃત જાહેર કરાયો હતો.

અંકિત ના પિતા કારખાનામાં કામ કરે છે અને કારખાને અને ઓરડીમાં જ પરિવાર સાથે રહે છે ગઈકાલે અંકિત અન્ય બાળકો સાથે કારખાનાની છત પર પતંગ ઉડાવતો હતો ત્યારે અકસ્માતે મોતને ભેટ્યો હતો માસુમ બાળકના મોતથી પરિવાર શોક માં ગરકાવ થઈ ગયો હતો.

# મહાત્મા ગાંધી પ્લોટમાં પ્રેમલગ્ન કરનાર યુવાન પર હુમલો

## પત્ની સાથે થયેલા અણ બનાવવાનું ઉપરાણું લઈ યુવાનના હાથ પગ ખોખરા કરી નાખતા સસરા પક્ષના લોકો

**અબતક, રાજકોટ**

રાજકોટના મહાત્મા ગાંધી પ્લોટ નંબર ૩ માં રહેતા અને મજૂરી કરી ગુજરાન ચલાવતા યુવાન પર મોરબીના શખ્સોએ ઘરમાં આવી ધોકા પાઈપથી હુમલો કરી હાથ પગમાં ગંભીર ઈજા કર્યા નો બનાવ નોંધાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગાંધી પ્લોટ શેરી નંબર ત્રણ માં રહેતા વિજય રાઠોડ (૩૦)ગઈકાલે બપોરે ૧ વાગે ઘેર હતો ત્યારે મોરબી રામાપીર ચોકમાં રહેતા ઈમરાન, યાસીન , અમીન અને નજમાં ફારુક સહિતના તો એ આવી ઝઘડો કરી વિજય ને હાથ પગમાં ધોકા અને પાઈપ મારતા વિજયને સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતુ કે વિજય એ પાંચ વર્ષ પહેલા મોરબીની યુવતી સાથે આંતરધર્મ પ્રેમ લગ્ન કર્યા હતા અને બે બાળકો હોય યુવતીના પરિવારજનો એ ગઈકાલે વિજય ની પત્ની નું ઉપરાણું લઈને ઘરે ઝઘડો કર્યો હતો આ અંગે બી ડિવિઝન પોલીસે તપાસ હાથધરી છ.

# અમરેલી નજીક બાઈક પરથી પડી ગયેલા યુવાનનું મોત

## દવા લેવા જતી વખતે ચક્કર આવતા બાઈક પરથી ઉથલી પડતા મોત મળ્યું

**અબતક, રાજકોટ**

અમરેલી બસ સ્ટેન્ડ નજીક બાઈક પરથી પડી ગયેલા યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યાનો બનાવો પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ અમરેલીના જુમ્મા મસ્જિદ નજીક પાણી દરવાજા પાસે રહેતા અને નાસ્તા ની લારીમાં નોકરી કરતા અનિલ મહેન્દ્રભાઈ જોશી (૪૦) ને ૧૬ મી એ રાત્રે ૧૧ વાગે પેટમાં દુખતું હોવાથી વિમલભાઈ ના બાઈક પાછળ બેસીને દવા લેવા જતો હતો તે દરમિયાન એસટી ડિવિઝન લાઠી રોડ પર અચાનક ચક્કર આવતા બાઈક પરથી અનિલ જોશી નીચે પડી ગયો હતો અને માથામાં બીજા થતાં પ્રથમ અમરેલી સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સરકારી હોસ્પિટલમાં લાવતા ચાલુ સારવાર દરમિયાન આજે સવારે ૫:૩૦ વાગે તેનું મોત નીપજ્યું હતું. અકસ્માતે મોતનો ભોગ બનેલ અનિલ મહેન્દ્રભાઈ જોશી બે ભાઈ અને બે બહેનોમાં બીજો નંબર હોય નાસ્તાની લારીમાં કામ કરતો હતો પેટમાં દુખતું હોવાની દવા લેવા જતી વખતે ચક્કર આવી જતા બાઈક પરથી પડી ગયો હોવાનું પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું અંગે અમરેલી સીટી પોલીસે તપાસ હાથ ધરી છે.

# નવાપરા બામણબોર ગામે બાળલગ્ન અટકાવતું તંત્ર

## ખુદ સગીરાના પિતાએ ચાઈલ્ડ લાઈનમાં ફોન કરી પુત્રીના બાળલગ્ન થતા હોવાની જાણ કરી: દીકરીની માતા- વરરાજા અને તેના માતાપિતા- સમૂહલગ્નના આયોજક સામે ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર નવાપરા બામણબોર ગામ ખાતે ગત વર્ષે ડિસેમ્બર માસમાં યોજાયેલા સમૂહલગ્નમાં સગીરાના લગ્ન કરવામાં આવી રહ્યા હતા. જે અંગેની જાણ થતા સમાજ સુરક્ષા વિભાગની ટીમ પોલીસને સાથે રાખી પહોંચી બાળ લગ્ન અટકાવ્યા હતા. આ અંગે કન્યાની માતા,વરરાજા, વરરાજાના માતા-પિતા, સમૂહ લગ્નના આયોજક સહિતનાઓ સામે બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નોંધનીય વાત એ છે કે, દીકરીના બાળ લગ્ન થતા હોવાની ખુદ તેના પિતાએ જ ચાઈલ્ડ લાઈન મારફત ફરિયાદ કરી હતી. જે બાદ સમાજ સુરક્ષા વિભાગની ટીમે આ કાર્યવાહી કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસ વિશેષ તપાસ ચલાવી રહી છે.

જાણવા મળતી વિગતો મુજબ, જિલ્લા સમજ સુરક્ષા અધિકારી સદન ૨ બ્લોક નંબર ૫ બહુમાળી ભવનમાં બાળલગ્ન પ્રતિબંધક અધિકારી તરીકે ફરજ બજાવનાર ડો. પ્રાર્થના વી. શેરીસિયાએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કન્યાની માતા કરૂણાબેન રમેશભાઈ સાકરીયા (રહે. રાજકોટ), વરરાજા વિપુલ મનુભાઈ જીંજરિયા (રહે. ગુંદાળા, રાજકોટ), વરરાજાના પિતા મનુભાઈ ઉર્ફે મનસુખભાઈ સામાભાઈ જીંજરિયા, વરરાજાની માતા વસંતબેન અને સમૂહ લગ્નના આયોજક બાબુભાઈ ડાભીના નામ આપ્યા છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૧/૧૨/૨૦૨૫ ના તેમને ચાઈલ્ડ લાઈન મારફત કન્યાના પિતાએ ફરિયાદ કરી હતી કે, નવાપરા બામણબોર ખાતે મેલડી માતાના મંદિરે આયોજિત સમૂહલગ્નમાં તેમની સગીરવયની દીકરીના બાળલગ્ન કરાવવામાં આવી રહ્યા છે. આ ફરિયાદ મળતા સમાજ સુરક્ષા વિભાગની ટીમ અહીં બામણબોર સમૂહ લગ્નના સ્થળ પહોંચી હતી. અહીં મંડપ નંબર ૧૦ માં જે કન્યાના લગ્ન કરાવવામાં આવી રહ્યા હતા તેની વય અંગે ખરાઈ કરતા તે સગીર વયની હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ અંગે બાળ લગ્ન કરાવનાર સગીરાની માતા, વરાજા તેના માતા-પિતા અને સમૂહ લગ્નના આયોજક સહિતનાઓ સામે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી દ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ આઈ.એમ. સાવલિયાના માર્ગદર્શનમાં પોલીસે આરોપીઓ સામે બાળલગ્ન પ્રતિબંધિત અધિનિયમ ૨૦૦૬ ની કલમ ૯ કલમ ૧૦ કલમ ૧૧ (૧) તથા બીએનએસની કલમ ૫૪ મુજબ ગુનો નોંધ્યો હતો. આ અંગે વધુ તપાસ એએસઆઈ ગણપતભાઈ રાઠવા ચલાવી રહ્યા છે.

# મોરબીમાં વૃદ્ધની હત્યામાં ચાર આરોપીની ધરપકડ

## પ્રેમ સંબંધના મુદે થયેલી બોલાચાલીનો ખાર રાખી પથ્થર અને ધોકા વડે મારમારી મોતને ઘાટ ઉતાર્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના મયુર બ્રિજ નીચે નદીના પટમાં ઝુપડામાં રહેતા વૃદ્ધની નિર્મમ હત્યાના કેસમાં મોરબી પોલીસે ચારેય આરોપીઓને ઝડપી લીધા છે. પ્રેમસંબંધના મુદ્દે થયેલી બોલાચાલી બાદ આરોપીઓએ પથ્થર અને લાકડાના ધોકાથી હુમલો કરી વૃદ્ધને મોતને ઘાટ ઉતાર્યા હતા. પોલીસે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુનાની નોંધાયેલ ફરિયાદ મુજબ, ગત તા. ૧૪/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે મોરબીના મયુર બ્રિજ નીચે નદીના પટ ઉપર ફરિયાદી મનોજભાઈ કાસુભાઈ ચાડમીયા ઉવ.૨૨ રહે. મયુર પુલ નીચે નદીના પટ્ટમાં ઝૂંપડામાં મોરબી વાળા આરોપી અજયભાઈ રમેશભાઈ હઠીલા ઉવ.૨૫ સહિત તાપણું કરીને બેઠા હોય ત્યારે આરોપી અજયે ફરિયાદીની બહેન ગીતાબેન સાથે પ્રેમસંબંધ હતો અને લગ્ન બાબતે ચર્ચા દરમિયાન બોલાચાલી થઈ હતી. આ ઝઘડાના કારણે આરોપીએ પડોશમાં રહેતા આરોપી અજયભાઈ જાનૈયાભાઈ ખરાડી ઉવ.૨૫, આરોપી બંટીભાઈ હેન્ડરીયાભાઈ ડામોર ઉવ.૩૩ અને આરોપી દિપુભાઈ જાનૈયાભાઈ ખરાડી ઉવ.૪૨ ને બોલાવી ફરિયાદી તથા સાક્ષીઓ પર છૂટા પથ્થરો અને ત્યાં પડેલા લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. આ દરમિયાન ચારેય આરોપીઓએ મળીને ફરિયાદીના પિતા કાસુભાઈ હોથીભાઈ ચાડમીયા ઉવ.૫૭ને ઢસડી બાવળની કાંટમાં લઈ જઈ કોઈ તીક્ષ્ણ હથિયારથી ઘા મારી મોત નિપજાવ્યું હતું.



ત્યારે સીટી બી ડિવિઝન પોલીસે ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ ચારેય આરોપીઓની ધોરણસર અટક કરી આગળની તપાસ શરૂ કરી છે.

# શિક્ષક બનવા માટેની મુખ્ય પરીક્ષામાં પેપર-૨ની પેટર્નમાં ફેરફાર કરાયો

## અગાઉની પેટર્નમાં ૬ અને ૮ ગુણના પ્રશ્નો હતા, નવા માળખામાં તેને હટાવી દેવાયા

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ હાઈસ્કૂલોના શિક્ષક માટેની પરીક્ષાના પેપરની પેટર્નમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધો.૯થી ૧૨ના શિક્ષક માટેની મુખ્ય પરીક્ષાના પેપર-૨માં ૬ અને ૮ ગુણના પ્રશ્નોને હટાવી દેવાયા છે. વધુ ગુણના પ્રશ્નોના મૂલ્યાંકન વખતે કોઈને લાભ તો કોઈને અન્યાય થવાની શક્યતાના પગલે આ નિર્ણય કરાયો છે. પેપરની પેટર્નમાં કરવામાં આવેલા ફેરફારના પગલે હવે ૧ ગુણના હેતુલક્ષી અને ૨ ગુણના પ્રશ્નોની સંખ્યા વધારી દેવાઈ છે. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટેની શિક્ષક અભિરૂચિ કસોટી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવે છે. વર્ષ-૨૦૨૩થી સરકારે આ પરીક્ષાનું માળખું બદલી દ્વિસ્તરીય પરીક્ષા પદ્ધતિ લાગુ કરી હતી. જે અનુસાર, ધો.૯થી ૧૦ શિક્ષક માટે ટાટ એસઅને ધો.૧૧, ૧૨ના શિક્ષક માટે ટાટ એચએસ લેવામાં આવે છે. આ માટે પ્રિલિમ પરીક્ષા લેવામાં આવ્યા બાદ તેમાં પાસ થયેલા ઉમેદવારોની મુખ્ય પરીક્ષા લેવામાં આવતી હોય છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૦૦ ગુણની મુખ્ય પરીક્ષા લેવામાં આવે છે. મુખ્ય પરીક્ષામાં પેપર-૨માં વિસ્તૃત પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. જેમાં ૮ ગુણ સુધીના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલો હતો. જોકે, હવે શિક્ષણ વિભાગ દ્વારા પેપર-૨ના માળખામાં મોટાપાયે ફેરફાર કર્યો છે. અત્યાર સુધી પેપર-૨માં ૮ ગુણના ૩ પ્રશ્નો અને ૬ ગુણના ૪ પ્રશ્નો પૂછવામાં આવતા હતા. જોકે, નવા માળખામાં ૮ ગુણના અને ૬ ગુણના પ્રશ્નો જ હટાવી દેવામાં આવ્યા છે. તેના બદલે નવા માળખામાં ૫ ગુણના ૭ પ્રશ્નો પૂછાશે. જૂના માળખામાં ૫ ગુણના પ્રશ્નો ન હતા. આ જ રીતે ૪ ગુણના પાંચ પ્રશ્નો પૂછવામાં આવતા હતા તેના બદલે હવે ૭ પ્રશ્નો પૂછવામાં આવશે. આ ઉપરાંત ૨ ગુણના ૧૦ પ્રશ્નો પૂછાતા હતા, પરંતુ ફેરફાર બાદ તે સંખ્યા ૧૧ પર પહોંચી છે. જ્યારે ૧ ગુણના ૧૨ પ્રશ્નો પૂછાતા હતા, તેના બદલે હવે ૧૫ પ્રશ્નો પૂછવામાં આવશે. આમ, જૂના માળખામાં ૮ ગુણના ૩, ૬ ગુણના ૪, ૪ ગુણના ૫, ૨ ગુણના ૧૦ અને ૧ ગુણનો ૧૨ પ્રશ્ન હતા. જ્યારે નવા માળખામાં ૫ ગુણના ૭, ૪ ગુણના ૭, ૨ ગુણના ૧૧ અને ૧ ગુણના ૧૫ પ્રશ્નો પૂછાશે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૮૧૭ | ૩૦૭ | ૬૦૨ |
| પપૈયા | ૫૭ | ૮૦ | ૧૪૦ |
| બટેટા | ૩૫૦૦ | ૧૧૯ | ૩૪૨ |
| ડુંગળી સુકી | ૧૮૪૦ | ૯૦ | ૨૭૦ |
| ટમેટા | ૧૦૨૦ | ૪૩૭ | ૫૦૩ |
| સુરણ | ૧૪ | ૬૨૫ | ૮૩૭ |
| કોથમરી | ૪૦૮ | ૨૧૩ | ૩૧૪ |
| મુળા | ૮૨ | ૩૧૪ | ૫૨૬ |
| રીંગણા | ૪૫૭ | ૨૮૭ | ૫૭૮ |
| કોબીજ | ૪૪૩ | ૯૭ | ૨૦૨ |
| ફલાવર | ૪૮૧ | ૩૩૭ | ૬૭૨ |
| ભીંડો | ૨૯૩ | ૫૮૮ | ૮૫૭ |
| ગુવાર | ૨૭૫ | ૧૦૨૬ | ૧૪૮૪ |
| ચોળાસીંગ | ૧૦૨ | ૮૩૧ | ૧૩૬૨ |
| વાલોળ | ૧૪૨ | ૫૧૭ | ૭૭૯ |
| ટીંડોળા | ૭૦ | ૬૬૮ | ૧૦૧૩ |
| દુધી | ૩૦૭ | ૩૭૮ | ૫૧૬ |
| કારેલા | ૫૨૯ | ૫૦૩ | ૬૮૯ |
| સરગવો | ૮૮ | ૯૮૭ | ૧૬૦૪ |
| તુરીયા | ૮૭ | ૮૩૫ | ૧૩૫૭ |
| પરવર | ૩૭ | ૧૪૧૩ | ૧૮૦૨ |
| કાકડી | ૧૪૦ | ૩૦૧ | ૭૪૮ |
| ગાજર | ૨૮૬ | ૨૧૬ | ૩૨૮ |
| વટાણા | ૧૭૪ | ૪૦૬ | ૫૪૬ |
| તુવેરસીંગ | ૬૫ | ૩૩૧ | ૫૨૯ |
| ગલકા | ૩૭૫ | ૬૭૮ | ૮૮૭ |
| બીટ | ૨૮૪ | ૧૦૭ | ૨૨૧ |
| મેથી | ૨૩૧ | ૧૧૩ | ૧૯૦ |
| વાલ | ૮૮ | ૫૮૭ | ૭૭૯ |
| ડુંગળી લીલી | ૩૦૮ | ૨૬૩ | ૩૯૮ |
| આદુ | ૨૩૦ | ૧૦૨૭ | ૧૨૧૪ |
| ચણા લીલા | ૫૦૭ | ૧૪૮ | ૩૫૪ |
| મરચા લીલા | ૧૧૮૪ | ૪૧૩ | ૬૦૨ |
| હળદર લીલી | ૫૪ | ૪૨૨ | ૬૯૧ |
| લસણ લીલું | ૪૧ | ૯૨૬ | ૧૨૨૩ |
| મકાઈ લીલી | ૩૭૯ | ૨૧૭ | ૪૧૮ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૨૦૦ | ૧૪૭૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૨૬૦ | ૫૦૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૧૫ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૧૫૦ | ૯૦૧ | ૧૦૩૦ |
| જુવાર પીળી | ૬૦ | ૩૦૦ | ૪૭૬ |
| બાજરી | ૧૨ | ૩૦૦ | ૩૭૧ |
| તુવેર | ૬૭૦ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૪૪૦ | ૯૧૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૫૬૦ | ૧૧૨૫ | ૧૯૬૫ |
| અડદ | ૪૦૦ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| મગ | ૫૦૦ | ૯૦૦ | ૧૯૨૧ |
| વાલ દેશી | ૭૨ | ૮૧૫ | ૧૧૦૫ |
| ચોળી | ૧૫૦ | ૮૦૦ | ૧૧૦૦ |
| મઠ | ૧૦૨૦ | ૯૯૧ | ૨૦૦૧ |
| વટાણા | ૪૬ | ૩૦૦ | ૧૪૫૧ |
| કળથી | ૧૨ | ૩૭૫ | ૪૭૫ |
| રાજમા | ૮૦ | ૬૦૦ | ૧૩૯૦ |
| મગફળી જાડી | ૦ | ૧૧૦૦ | ૧૪૧૭ |
| મગફળી જીણી | ૦ | ૧૨૩૦ | ૧૪૨૦ |
| તલી | ૪૮૦ | ૧૬૪૦ | ૨૧૦૦ |
| એરંડા | ૨૭૦ | ૧૧૨૫ | ૧૨૨૮ |
| અજમો | ૬ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૩૦ | ૧૦૦૯ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૯૩૦ | ૧૫૮૯ |
| કાળા તલ | ૨૨૦ | ૩૧૭૦ | ૪૮૭૦ |
| લસણ | ૮૮૦ | ૧૧૫૦ | ૧૮૫૦ |
| ધાણા | ૨૦ | ૧૩૬૦ | ૧૮૯૦ |
| મરચા સુકા | ૧૫૦ | ૨૧૦૦ | ૪૭૩૦ |
| ધાણી | ૧૦ | ૧૪૫૦ | ૧૯૧૫ |
| વરીયાળી | ૪ | ૧૪૦૦ | ૨૧૭૦ |
| જીરૂ | ૫૪૦ | ૧૭૭૦ | ૪૩૨૫ |
| રાય | ૧૦૦ | ૧૨૪૦ | ૧૫૯૭ |
| મેથી | ૨૫૦ | ૭૪૫ | ૧૩૫૦ |
| ઈસબગુલ | ૫ | ૮૦૦ | ૨૩૫૦ |
| કલોંજી | ૧૨ | ૩૧૮૦ | ૪૭૬૫ |
| રાયડો | ૧૨૦ | ૧૦૫૦ | ૧૨૭૦ |
| રજકાનું બી | ૩ | ૪૮૦૦ | ૮૫૩૦ |
| ગુવારનું બી | ૧૦૦ | ૧૦૫૦ | ૧૧૧૧ |

# લોધિકાના ઢોલરા પાસે પતિએ પત્ની પર છરી વડે કર્યો જીવલેણ હુમલો

## પરિણીતા પર ગાડી ચડાવવાનો પ્રયાસ કરી અપહરણ કર્યું: બે સામે ફરિયાદ

**અબતક, રાજકોટ**

ઢોલરા પાસે પગપાળા જતી પરિણીતા પર ગાડી ચડાવવાનો પ્રયાસ કરી બાદમાં તેનું કારમાં અપહરણ કરી છરીનો ઘા ઝીંકી દઈ હત્યાનો પ્રયાસ કર્યો હતો. ઈજાગ્રત પરિણીતાને સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ અંગે પરિણીતાની ફરિયાદ પરથી શાપર પોલીસે તેણીના પતિ સહિત બે શખસો સામે હત્યાનો પ્રયાસ, અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

રાજકોટમાં ભગવતીપરા વિસ્તારમાં સુખસાગર સોસાયટી શેરી નંબર-૧ માં રહેતા સવિતાબેન પ્રતાપપુરી ગૌસ્વામી (૪૮) દ્વારા શાપર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુખસાગર સોસાયટીમાં રહેતા પતિ માવજી વેલાભાઈ રોશિયા તથા તેની સાથેના એક અજાણ્યા શખસનું નામ આપ્યું છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતુંકે, તેમના પતિ પ્રતાપપુરી ગોસ્વામીનું વર્ષ ૨૦૦૮માં અકસ્માતમાં મોત થયું હતું તેમને સંતાનમાં ચાર દીકરા તથા એક દીકરી છે. પતિનું અવસાન થયા બાદ માવજી વેલાભાઈ રોશિયા સાથે વર્ષ ૨૦૦૯ માં લગ્ન કર્યા હતા. આ લગ્નજીવન થકી કોઈ સંતાન નથી. માવજીએ લગ્ન કર્યા બાદ પોતાનું નામ મહેશપુરી વેલપૂરી ગૌસ્વામી કરી નાખ્યું હતું.

છેલ્લા બે મહિનાથી પતિ માવજી ઘરના કોઈના કોઈ બહાને ફરિયાદી સાથે તથા તેના સંતાનો સાથે કજીયો અને માથાકૂટ કરતો હતો અને અવારનવાર મારી નાખવાની ધમકી આપતો હતો. જેથી કંટાળી ફરિયાદી છેલ્લા સાતેક દિવસથી શાપર ઢોલરા મેઈન રોડ પર રહેતા તેના પુત્ર પ્રહલાદની સાથે રહેવા આવી ગયા હતા. ત્યારબાદ પણ માવજી ફોન કરી મારી નાખવાની ધમકી આપતો હતો અને ફરિયાદીના પુત્ર પ્રહલાદને પણ ફોન કરી ધમકી આપેલ કે, તારી મમ્મીને સાચવવી હોય એટલી સાચવી લે તેને હું પતાવી દઈશ.

દરમિયાન ગઈકાલે બપોરના સમયે સવિતાબેન ચાલીને ભગવતીપરા ખાતે પોતાના મકાને પગપાળા જવા માટે નીકળ્યા હતા. દરમિયાન ઢોલરા રોડ પર ચાલીને જતા હતા ત્યારે અહીં શાપર તરફથી એક ગ્રે કલરની ક્રેટા કાર નંબર જીજે ૩૭ બી ૯૧૨૧ પુરપાટ ઝડપે તેમની પાસે ધસી આવી હતી અને તેમના પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ કરતા મહિલા ભાગવા જતા પડી ગયા હતા. બાદમાં ગાડીમાંથી તેનો પતિ માવજી તથા એક અજાણ્યો શખસ નીચે ઉતર્યો હતો અને પતિએ કહ્યું હતું કે, આજે તો તને પતાવી જ દેવો છે એમ કહી બંને બળજબરીથી ક્રેટા કારમાં બેસાડી ગાડી લોક કરી દીધી હતી. બાદમાં ગાડી ફરિયાદીનો પતિ ચલાવતો હતો કહેતો હતો કે આજે તો તને પતાવી જ દેવી છે તેમ કહી ગાડી અલગ અલગ જગ્યાએ લઈ જઈ ચાલુ ગાડીએ રોડ પર તેણે છરી વડે હુમલો કરી જોરદાર ઘા મારતા પરિણીતાને સાથળના ભાગે લોહી નીકળવા લાગ્યું હતું.જેથી પરિણીતા રાડારાડી કરવા લાગ્યા હતાં.

બાદમાં સાથે રહેલા અજાણ્યા શખસને રૂપિયા ૫૦૦ આપી ઉતારી દીધો હતો. પરણીતાને જાજુ લોહી નીકળવા લાગતા પતિએ ગાડી ઉભી રાખી હતી. દરમિયાન પોલીસ આવી જતા તેને પકડી પરિણીતાને છોડાવી હતી બાદમાં શાપર ખાતે લાવ્યા હતા. ત્યારબાદ પરિણીતાને ૧૦૮ મારફત સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બાદમાં પરિણીતાએ આ અંગે પતિ અને તેની સાથે રહેલા અજાણ્યા શખસ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા શાપર પોલીસે આરોપીઓ સામે હત્યાનો પ્રયાસ, અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# બજેટ ૨૦૨૬: સ્થાનિક સ્વરાજયને વેગ આપવા વિકાસલક્ષી બજેટ ૧૭મીએ રજૂ થશે


## અંદાજ પત્રનું કદ ૪ લાખ કરોડથી વધુ હશે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખી અનેક મહત્વપૂર્ણ યોજનાઓ જાહેર કરાય તેવી શકયતા: ચુંટણીલક્ષી ટચ દેખાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારનું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું બજેટ ફુલ ગુલાબી રહેવાના સંકેતો મળી રહ્યા છે. રાજયમાં ત્રણથી ચાર મહિના પછી સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજવાની હોય બજેટમાં ચૂંટણીલક્ષી છાંટ પણ જોવા મળશે. અનેક મહત્વપૂર્ણ યોજનાઓની પણ જાહેરાત કરવામાં આવશે.

આગામી ૧૬મી ફેબ્રુઆરીથી વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થશે નાણામંત્રી કનુભાઈ દેસાઈ ૧૭મીના રોજ અંદાજ પત્ર રજુ કરશે

ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૫-૨૬ નું બજેટ રૂ. ૩.૭૦ લાખ કરોડનું હતું. જે અત્યાર સુધીનું રાજયના ઈતિહાસનું સૌથી કદાવર બજેટ હતું. ચાલુ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. ત્યાર રાજયની અલગ અલગ મહાપાલિકા અને નવ રચિત મહાપાલિકાઓ માટે માતબર નાણાની ફાળવણી કરવામાં આવી હતી. આ વર્ષના બજેટને વિઝન વિકસિત ગુજરાતનું મિશન જન કલ્યાણનું પ્રતિબધ્ધતા દર્શાવતું બજેટ કહ્યામાં આવ્યું હતું. જેમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર અને કનેકિટવીટી માટે ૫૦ હજાર કરોડથી પણ વધુની ફાળવણી કરવામાં આવી હતી. શહેરી વિકાસના બજેટમાં ૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. દરમિયાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટનું કદ ૪ લાખ કરોડ આસપાસ રહેશે તેવું મનાય રહ્યું છે. આવતા મહિનાથી બજેટ સત્રનો આરંભ થશે નાણામંત્રી કનુભાઈ દેસાઈ ૧૭ ફેબ્રુઆરી બાદ અંદાજ પત્ર રજુ કરશે. જેમાં કેટલીક લોકાનુભાવન યોજનાઓ જાહેર કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના હાલ દેખાઈ રહી છે.



ગુજરાત રાજયના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા ભારતના બંધારણના અનુચ્છેદ-૧૭૪ (૧) હેઠળ પંદરમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર તા. ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મળવા માટે આહવાન કરવામાં આવ્યું છે. આ સત્રની રૂપરેખા અને કામકાજ અંગેની મહત્વની વિગતો માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા જાહેર કરવામાં આવી છે.

સત્રના પ્રથમ દિવસે, તા. ૧૬મી ફેબ્રુઆરીએ રાજયપાલ ગૃહને સંબોધિત કરશે.

નાણામંત્રી દ્વારા તા. ૧૭મી ફેબ્રુઆરી ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું અંદાજપત્ર (બજેટ) રજૂ કરવામાં આવશે.

અંદાજપત્રની સાથે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૮-૧૯ ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ ના પૂરક પત્રકો પણ રજૂ કરવામાં આવશે.

આ સત્ર તા. ૧૬/૨ થી તા. ૨૫/૩/૨૦૨૬ સુધી કામકાજના કુલ ૨૩ દિવસ ચાલશે, જેમાં કુલ ૨૬ બેઠકો યોજાશે. જેમાં રાજ્યપાલના સંબોધન પર ચચા ૩ બેઠકોમાં થશે.

સરકારી કામકાજ અને વિધેયકો માટે ૪ બેઠકો મળશે.

જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો અને પૂરક માંગણી પર ચર્ચા અને મતદાન માટે ૨ બેઠકો રહેશે.

૬ બેઠકમાં બિનસરકારી કામકાજ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

પ્રશ્નોત્તરી અને ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

આ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોનું કામકાજ હાથ ધરવામાં આવશે, જેના માટે માન. અધ્યક્ષ

(અનુ. આઠમા પાને)

# મોઢેરા સૂર્ય મંદિરે આજે અને કાલે ઉત્તરાર્ધ મહોત્સવ

## શાસ્ત્રીય નૃત્યોની ગુરુ-શિષ્ય પરંપરાનો મહોત્સવ: વિશ્વ વિખ્યાત કલાકારો નૃત્ય રસિકોને કલાનું પાન કરાવશે

**અબતક, રાજકોટ**

વિશ્વ વિખ્યાત ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં આજે અને કાલે ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. શાસ્ત્રીય નૃત્યોની ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરતા આ દ્વિદિવસીય મહોત્સવમાં વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય નૃત્ય કલાકારો પોતાની નૃત્ય પ્રસ્તુતિ કરશે. આ મહોત્સવ બંને દિવસ સાંજે ૦૬:૩૦ વાગ્યાથી શરૂ થશે અને કલા રસિકોને શાસ્ત્રીય નૃત્યરસનું પાન કરાવશે.

ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૬ના ભાગરૂપે ઓડીસી, ભરતનાટયમ, કથ્થક, મણીપુરી, કુચિપુડી, કથકલી અને સતરીયા જેવા શાસ્ત્રીય નૃત્ય પ્રકારના વિશ્વવિખ્યાત કલાકારો દ્વારા પ્રસ્તુતિ કરાશે. મહોત્સવના પ્રથમ દિવસે, એટલે કે આજે કલાકાર રમીન્દર ખુરાના (ઓડીસી), મીનાક્ષી શ્રીયન (ભરતનાટયમ), માયા કુલશ્રેષ્ઠા (કથ્થક), પેરી કૃષ્ણ હર્ષિતા (ભરતનાટયમ), ડો. શ્રુતિ બંદોપાધ્યાય (મણીપુરી) અને બીના મહેતા (કુચિપુડી) દ્વારા તેમની કલા રજૂ કરવામાં આવશે.

ઉત્તરાર્ધ મહોત્સવના દ્વિતીય દિવસે, રવિવારે કલાકાર મનિકંદન એ. (કથકલી), ખુશ્બુ પંચાલ (કથ્થક), જુગનુ કીરણ કપાડીયા (ભરતનાટયમ), ડો. માધુરી મજમુદાર (કુચિપુડી), ડો. ડિમ્પલ સાઈકિયા (સતરીયા), પુષ્પિતા મિશ્રા (ઓડીસી) અને આર્યા નંદે (ઓડીસી) દ્વારા નૃત્ય પ્રસ્તુતિ કરીને કલા રસિકોને નૃત્યરસ પાન કરાવશે.

ઉત્તરાયણના ઉત્સવ પછી જ્યારે સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો થવાની શરૂઆત થતી હોય, તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ ભવ્ય પ્રાંગણની પૃષ્ઠભૂમિમાં આ મહોત્સવની ઉજવણી ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને દર્શાવે છે.



# હવે દેશભરમાં એક વર્ષ સુધી ઉજવાશે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'

## કેબિનેટ બેઠકમાં લેવાયો નિર્ણય

**અબતક, રાજકોટ**

સમગ્ર દેશમાં આગામી એક વર્ષ સુધી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરવામાં આવશે. ગઈકાલે મળેલી રાજય મંત્રી મંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સોમનાથના શૌર્ય અને સાંસ્કૃતિક વારસાનું ગૌરવ દેશના ખુણે ખુણે પહોચાડાશે.

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાયેલું 'સોમનાથ સ્વાભિમાન પર્વ' માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ શ્રદ્ધા અને રાષ્ટ્રવાદનો મહોત્સવ બન્યો છે. ઓમકારના નાદ અને મંત્રોચ્ચારથી ગુંજી ઉઠેલા એક અલૌકિક વાતાવરણ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત કરવા વિશાળ જનમેદની ઉમટી પડી હતી. મંદિરના પટાંગણ, શહેરના માર્ગો, શૌર્ય યાત્રા અને જાહેર સભામાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત જનતાએ વડાપ્રધાન પ્રત્યેના અતૂટ પ્રેમ અને વિશ્વાસની પ્રતીતિ કરાવી હતી. નાગરિકોના આ અભૂતપૂર્વ ઉત્સાહની આજે કેબિનેટે ગૌરવભેર નોંધ લીધી હતી.

આ પ્રસંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સોમનાથ મંદિરની દિવ્યતા તથા તેના રક્ષણ માટે બલિદાન આપનાર શૂરવીરોનું ગૌરવગાન અને મંદિરના સાંસ્કૃતિક ગૌરવનો સંદેશ દેશના ખૂણે-ખૂણે પહોંચાડવા માટે વડાપ્રધાને આગામી એક વર્ષ સુધી સમગ્ર દેશમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ સમગ્ર વર્ષ દરમિયાન રાજ્યમાં ભકિતમય અને દેશભક્તિનું વાતાવરણ જળવાઈ રહે તે માટે રાજય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

(અનુ. આઠમા પાને)





# ગુજરાતમાં વાઘે ૧૨૦ કિ.મી.નું સામ્રાજય સ્થાપ્યું

## એક જમાનામાં ગુજરાતમાં સિંહ દીપડા સાથે વાઘનું અસ્તિત્વ હતું હવે તે દિવસો ફરીથી સાકાર થશે: વાઘની હાજરીથી વન્ય પ્રેમીઓ રોમાંચિત

**અબતક, રાજકોટ**

ગુજરાતી સાહિત્યમાં ખૂબ જ લોકપ્રિય બનેલી કવિતા મીઠી માથે ભાત''માં ડુંગરાળ વિસ્તારમાં ગાભુ ગામમાં પાંચા પટેલની દીકરી મીઠી ભાત લઈને વાડીએ જતી હતી ત્યારે તે વાઘનો શિકાર બની હોવાની હકીકતને કાવ્યમાં કંડારિયું છે આ કવિતા માં ગુજરાતમાં વાઘની વસ્તી ના દિવસો નું વર્ણન કર્યું છે, છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતમાં વાઘ નામસેસ થઈ ગયા હતા અને ગુજરાતમાં સિંહ અને દીપડાનુ રાજ છે તેવી રીતે ગુજરાતના જંગલોમાં વાઘ નું સામ્રાજ્ય પણ સ્થપાશે,તાજેતરમાં મધ્યપ્રદેશના રતન મહાલથી આવેલા વાઘે ગુજરાતમાં ૧૨૦કિલોમીટર નું સામરાજ્ય ઊભું કરી લીધું હોવાના અહેવાલોએ વન પ્રેમીઓમાં ભારે રોમાન્ચજગાવ્યો છે.

ગુજરાતમાં અગાઉ વાઘની સારી વસ્તી હતી તાજેતરમાં જ રાજપીપળા ના એક વિસ્તારમાંથી વાઘના જુના ચામડાનો જથ્થો મળી આવ્યો હતો એ એ વાતની પુષ્ટિ કરે છે કે ગુજરાતમાં અત્યારે જેવી રીતે સિંહની ડણક છે તેવી રીતે એક જમાનામાં વાઘના હાકલા વાગતા હશે.

ગુજરાત માં ફરીથી વાઘ ની વસ્તી ના સંજોગો ઉજળા બન્યા હોય તેમ મધ્યપ્રદેશના રતન મહાલ થી આવેલા વાઘ એ ગુજરાતમાં ૧૨૦ કિલોમીટરનું સામ્રાજ્ય સ્થાપ્યું છે.

છેલ્લા ૧૧ મહિનાથી મધ્યપ્રદેશથી આવેલા વાઘ રતનમહાલમાં પોતાનું સામ્રાજ્ય ઊભું કરવામાં સફળ થયું છે વાઘ જે વિસ્તારમાં હોય ત્યાં પોતાની હાજરીની નિશાની કરે છે વાઘ મોટા વૃક્ષના થડ પાસે ઉભો રહીને આગલા પંજાથી વૃક્ષના થડ પર ઘસરકા મારીને પોતાની હાજરી ની નોંધ કરાવે છે

(અનુ. આઠમા પાને)

# ઠંડી ઘટી: આવતા સપ્તાહે ફરી માવઠું ત્રાટકશે

## સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૨૨ થી ૨૭ જાન્યુઆરી દરમિયાન ૩ મોસમી વરસાદની આગાહી: ખેડૂતોની ચિંતા ફરી વધી



તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યભરમાં ફરી એકવાર વાતાવરણમાં પલ્ટો આવે તેવી ભીતી જણાય રહી છે. ભર શિયાળે આવતા સપ્તાહે ફરી માવઠાની મોડાણ સર્જાશે. આજે રાજયભરમાં ઠંડીમાં ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ ઝાકળ વર્ષાના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થવાથી હાઈવે પર વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. આગામી ૨૨ થી ૨૭ જાન્યુઆરી દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. જગતાતની ચિંતામાં ફરી વધારો થયો છે.

## લઘુતમ તાપમાનનો પારો ઉંચકાયો: ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલીટીમાં ઘટાડો: વાહન ચાલકો હેરાન - પરેશાન

છેલ્લા એક પખવાડિયાથી રાજયભરમાં ગાત્રો થીજાવતી ઠંડી પડી રહી છે. આજે ઠંડીમાં ઘટાડો નોંધાયો છે. રાજયના મોટાભાગના શહેરોમાં આજે લઘુતમ તાપમાન ડબલ ડિજિટમાં પહોંચી ગયું છે. સવારના સમયે ઝાકળ વર્ષાના કારણે વાતાવરણમાં ઠંડકનો અનુભવ થતો હતો. વિઝિબિલિટીમાં ઘટાડો થવાના કારણે હાઈવે પર વાહન ચાલકોએ દિવસે પણ હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. આજે નલીયા ૧૦.૪ ડિગ્રી સાથે રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અમરેલીનું તાપમાન ૧૦.૮ ડિગ્રી, જુનાગઢનું તાપમાન ૧૧.૧ ડિગ્રી રહેવા પામ્યું હતું. જયારે ડિસાનું તાપમાન ૧૨.૪ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૨.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૨.૮ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૩.૩ ડિગ્રી નોંધાયું હતું. મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો વધારો નોંધાયો હતો.

વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરના


(અનુ. આઠમા પાને)

# કચ્છના ખાવડામાં ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ

## ૨૪ કલાકમાં કચ્છમાં ત્રણ ભૂકંપ આવતા લોકોમાં ભયનો માહોલ

**અબતક, રાજકોટ**

ગુજરાતના કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત રહ્યો છે. શુક્રવાર અને શનિવારની મધ્યરાત્રિએ ૧:૨૨ વાગ્યે ખાવડા નજીક ૪.૧ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાતા લોકો ગાઢ નિંદ્રામાંથી જાગી ગયા હતા અને ભયના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં આ ત્રીજો આંચકો નોંધાયો છે.



ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ, ગાંધીનગરના જણાવ્યા અનુસાર, શનિવારે મોડી રાત્રે ૧:૨૨ કલાકે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના ખાવડાથી ૫૫ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં જમીનથી ૧૧.૬ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપની તીવ્રતા વધુ હોવાના કારણે ખાવડા તેમજ આસપાસના મોટા વિસ્તારમાં તેના જોરદાર કંપન અનુભવાયા હતા. જોકે, સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર મળ્યા નથી.

શુક્રવારે બપોરે ૧:૫૦ કલાકે ભચાઉથી ૨૧ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં ૨.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપ ૨૩.૯ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો.

શુક્રવારે વહેલી સવારે ૫:૪૭ કલાકે રાપરથી ૧૯ કિલોમીટર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જે ૧૧.૧ કિલોમીટર ઊંડો હતો.

# પરિપત્રનું જિલ્લા વાઈઝ અલગ-અલગ અર્થઘટન ન કરો: જવાબદાર બનો

## રાજયના તમામ જિલ્લાઓના કલેકટરને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઝાટકણી કાઢી: ફિલ્ડ વિઝીટની પ્રાયોરિટી આપવા ટકોર

**અબતક, રાજકોટ**

રાજયભરના જિલ્લા કલેકટર સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગઈકાલે કોન્ફરન્સ યોજી હતી જેમાં જિલ્લા સમાહર્તાની આકરી ઝાટકણી કાઢવામાં આવી હતી. પરિપત્રની જિલ્લાવાઈઝ અલગ અલગ અર્થઘટન કરવા કડક સુચના આપી હતી. ફિલ્ડ વિઝીટને પ્રાયોરીટી આપવા તાકીદ કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના જિલ્લા કલેકટરોને લોકોની રજૂઆતો સાંભળી તેના ઝડપી, પ્રામાણિક નિવારણ માટે જિલ્લા સ્તરે વધુ સુદ્રઢ વ્યવસ્થા વિકસાવવાની તાકીદ કરી છે.

જિલ્લામાં રજૂઆતો માટે આવનારી વ્યકિતની મુશ્કેલી સમજીને તેને સહાયરૂપ થવાની સંવેદનાથી જ લોકોનો ભરોસો-વિશ્વાસ સંપાદિત થઈ શકશે.

તેમણે જિલ્લા કક્ષાએ નિવારણ થઈ શકે તેવા પ્રશ્નો માટે લોકોને સરકાર સુધી કે વિભાગો સુધી આવવું ના પડે અને સ્થાનિક સ્તરે જ તેનું નિવારણ ઝડપી, પારદર્શી અને અસરકારક રીતે આવે તે માટે કલેકટરોને ખાસ તાકીદ કરી હતી.

ગાંધીનગરમાં યોજાયેલી



કલેકટર કોન્ફરન્સના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરોને ફિલ્ડ વિઝીટને અગ્રતા આપીને સરકારી યોજનાઓના અસરકારક અમલનું મોનીટરીંગ કરવા સૂચનો કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરોને જણાવ્યું કે, તેમણે જિલ્લાના વડા તરીકેનું જે દાયિત્વ મળ્યું છે તેને નાનામાં નાના માનવીની સમસ્યાના નિરાકરણની જવાબદારી નિભાવીને વહન કરવાની મોટી તક છે.

રાજ્યમાં જે સંગીન નાણાંકીય વ્યવસ્થાપન છે તેના કારણે હવે વિકાસ કામોમાં નાણાંની કોઈ તંગી નથી પડતી આ સંજોગોમાં જિલ્લામાં વિવિધ યોજનાઓના ચાલતા વિકાસ કામો ઝડપી અને ગુણવત્તાયુક્ત થાય તે માટે જિલ્લાની ટીમનું નેતૃત્વ કરીને કલેક્ટરો યોગ્ય નિગરાની રાખે.

ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યના જિલ્લા કલેકટરોને ટીમવર્કથી અને એકબીજા સાથે ચર્ચા કરીને સાથે મળીને કામ કરવાનું આહવાન કરતા કહ્યું કે, પરિપત્રો-નિયમોનું જિલ્લાઓમાં અલગ અલગ અર્થઘટન ન થાય અને લોકોને પોતાના કામોમાં સરળતા રહે તે માટે જિલ્લા કલેક્ટરો જવાબદારી પૂર્વક કાર્યરત રહે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકાર તમારી સાથે છે અને સાચી વ્યક્તિ પરેશાન ન થાય અને ખોટી વ્યક્તિ કોઈને તકલીફ ઉભી ન કરે તે માટેની સુઝ બૂઝથી કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વિના સારા અને નેક કામો માટે જિલ્લાની ટીમનું નેતૃત્વ કલેક્ટરોએ કરવાનું છે.

મહેસુલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં યોજાઈ રહેલી આ કોન્ફરન્સ મહેસુલ વિભાગની સર્વગ્રાહી કામગીરીને વધુ ગતિ આપશે તેમ જણાવ્યું હતું.

તેમણે જિલ્લા કલેકટરોને જન પ્રતિનિધિઓની રજૂઆતો પર યોગ્ય કાર્યવાહી કરવા સ્વામીત્વ યોજનામાં મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણમાં ગતિ આપવા તથા જિલ્લા કક્ષાએ પણ ફીડબેક મિકેનિઝમ વધુ સુચારુ બનાવવાના સૂચનો કર્યા

(અનુ. આઠમા પાને)